ISBN-978-81-973071-3-3
First Edition



**Dr. Varsha C. Brahmbhatt** is the Associate Professor of the Maniben M. P. Shah Mahila Arts College, Kadi Since 1993. She has done her Graduation in Gujarati from St. Xavier's College, Gujarat University, Ahmedabad. Further there after she has completed her Master's Degree in Gujarati from School of Languages, Gujarat University, Ahmedabad. She has been Awarded Ph.D. Degree in Gujarati by Gujarat University, Ahmedabad.

She has Actively Involved in her Teaching Profession. She has having 30 years of experience at graduation level and 15 years of experience at post graduation level. She has depth knowledge in Literature. she has interest in reading, writing, music and travelling. She is also involve with cultural activities at college. She has Published many Research Paper / Articles in Reputed Educational Journals. She is working as a NAAC and IQAC Coordinator in the College.

*Publisher*

Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com
ISBN 978-81-973071-3-3
9 788197 307133

# Gujarati Short Stories in Traditional Era

Author
Dr. Varsha C. Brahmbhatt

ISBN-978-81-973071-3-3
First Edition

# Gujarati Shorts in Traditional Era

**Dr. Varsha C. Brahmbhatt**

**“Gujarati Shorts in Traditional Era”**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-973071-3-3
First Edition

Published by:

**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**

Opp. N. C. Desai Petrol Pump,

Kadi - 382715, Dist - Mehsana,

Gujarat, India

Ph.: (02764) 242072

E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-973071-3-3

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-973071-3-3
First Edition

# પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના વિવિધ સાહિત્ય સ્વરૂપો જોવાકે કવિતા, નવલકથા, એકાંકી, ટૂંકીવાર્તા વગેરેમાં ટૂંકીવાર્તાના સાહિત્યસ્વરૂપનો વ્યાપ વધુ અને વિશાળ સમયપટને આવરી લે છે. સમાજમાં પ્રાચીન સમયથી ચાલ્યું આવતું દલિત, પીડિત નારીનું થતું શોષણ કેટલું અને કેવા પ્રકારે થતું તે વાર્તાઓના માધ્યમથી રજૂ થયું છે.

'શોષણ'ની સંજ્ઞા અને સમજૂતી રજૂ કરવાની સાથે સાથે સાહિત્યના અન્ય સ્વરૂપોમાં શોષણની વાત કેવી રીતે મૂકાઈ છે તેનો એક આલેખ રજૂ થયો છે.

દક્ષિણ આફ્રિકાથી ભારતમાં ગાંધીજીના આગમન બાદ સમગ્ર હિંદપ્રદેશનું ભ્રમણ. પંડિતયુગીન સૌંદર્યદ્રષ્ટિ ધરાવતા સાહિત્યને બદલે વાસ્તવિકતાના ધરાતલ ઉપર પીડિત, શોષિત અને દલિતોની યાતનાઓને વાચા આપવા હાકલ કરી. સમાજનાં ઉપેક્ષિત વર્ગ તરફ સાહિત્યકારોનું ધ્યાન દોર્યું. પ્રસ્તુત પુસ્તકમાં કનૈયાલાલ માણેકલાલ મુનશી, રામનારાયણ વિશ્વનાથ પાઠક, ધૂમકેતુ, સુંદરમ, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, ચુનિલાલ મડિયા, જયંત ખત્રી જેવા વાર્તાકારોની વાર્તાઓમાં નિરુપિત શોષણ વિશે વાત કરવામાં આવી છે.

**ડૉ. વર્ષા સી. બ્રહ્મભટ્ટ**

ISBN-978-81-973071-3-3
First Edition

# CONTENTS


| Sr. No. | Title | Page No. |
|---|---|---|
| 1 | સંજ્ઞા-સમજૂતી | 1 |
| 2 | સમાજશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં શોષણ | 1 |
| 3 | શોષણના પ્રકારો | 2 |
| 4 | સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં શોષણનું નિરૂપણ | 3 |
| 5 | ભૂમિકા | 22 |
| 6 | કનૈયાલાલ માણેકલાલ મુનશી (ઈ.સ. 1887થી 1971) | 27 |
| 7 | રામનારાયણ વિશ્વનાથ પાઠક (1887થી 1955) | 29 |
| 8 | 'ધૂમકેતુ' – ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી (12-12-1892થી 11-3-1965) | 31 |
| 9 | સુંદરમ્ (1908થી 1991) | 34 |
| 10 | ઝવેરચંદ મેઘાણી (1896થી 1947) | 40 |
| 11 | પન્નાલાલ પટેલ (1912થી 1989) | 42 |
| 12 | ઈશ્વર પેટલીકર (1916-1983) | 50 |
| 13 | ચુનિલાલ મડિયા (1922-1968) | 52 |
| 14 | જયંત ખત્રી (1909થી 1968) | 55 |

ISBN-978-81-973071-3-3
First Edition

## ભૂમિકા : 'શોષણ' સંજ્ઞા-સમજૂતી તથા ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં શોષણનું નિરૂપણ

### સંજ્ઞા-સમજૂતી

'શોષણ' એટલે કોઈ સમર્થ જીવ દ્વારા બીજા અસમર્થ જીવ ઉપર કરવામાં આવતો અત્યાચાર. 'ભગવદ્ગોમંડલ' મુજબ 'શોષણ' એટલે શોષવું તે, ચૂસવું તે, શોષાવું તે, ચૂસાવું તે.[1] બુદ્ધિશાળી વ્યક્તિઓ દ્વારા થતું અબુધ વ્યક્તિઓનું શોષણ. શક્તિશાળી વ્યક્તિઓ દ્વારા થતું અશક્ત કે અબળા નારીનું શોષણ. ગુજરાતી વિશ્વકોશ પ્રમાણે 'શોષણ' શબ્દ કોઈ વ્યક્તિની કોઈક લાચારીનો ગેરલાભ લેવામાં આવી રહ્યો છે એમ કહેવામાં આવે છે.[2] આમ, ધન, જાતિ, સંગઠન કે સત્તાના દુરુપયોગ વડે થતું વ્યક્તિ કે અબળાનું શોષણ પ્રાચીનકાળથી ચાલ્યું આવે છે.

'શોષણ' શબ્દ માનવીની વેદના અને સંવેદનાઓ જોડે જોડાયેલો છે. સૃષ્ટિ પરનાં સર્વ પ્રાણીઓમાં મનુષ્યે પોતાની બુદ્ધિશક્તિના બળે આદિમાનવથી સુસંસ્કૃત જીવનશૈલી સુધીનો પથ કાપ્યો. સ્થાયી અને સ્થિર જીવનશૈલી અપનાવી. નવી નવી શોધખોળો કરીને જીવનને સમૃદ્ધ બનાવ્યું. આ તમામ બદલાતી પરિસ્થિતિઓ અને સંજોગોમાં કેટલાક 'સ્વ'ની સંવેદનાઓનું હનન પણ થયું. લોકોની ભાવનાઓ ઘવાઈ, લાગણીઓ પર કારી ઘા વાગ્યો અને અન્યાય કે શોષણ થયાની અનુભૂતિ થઈ. પોતાની આવશ્યકતાઓની પૂર્તિ માટે પ્રાણીઓનો માનવજાત દ્વારા થતો ઉપયોગ કે વ્યક્તિવિશેષ કે વર્ગવિશેષ દ્વારા અન્ય કોઈ વ્યક્તિ કે વર્ગની સાથે થતો અમાનવીય વ્યવહાર વગેરેનો શોષણમાં સમાવેશ કરી શકાય.

શોષિત વર્ગની ભાવનાઓ, લાગણીઓ અને સંવેદનાઓને સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં વાચા આપવામાં આવી. આવા સાહિત્યએ સમાજ માટે દર્પણનું કામ કર્યું. શોષિત વર્ગના શોષણને નિવારવા માટે ઉપયોગી સાબિત થયું.

### સમાજશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં શોષણ

પ્રાગ્ઐતિહાસિક સમય દરમ્યાન ઉત્ક્રાંતિના અમુક સમયગાળામાં મનુષ્ય જ્યારે કુટુંબકબીલાઓમાં રહેતો થયો ત્યારે અલગ-અલગ જૂથો પોતાની ઓળખ માટે વિવિધ નામ ધારણ કરતાં થયાં હશે. ઔદ્યોગિકક્રાંતિ પછીની સામાજિક વ્યવસ્થામાં મૂડીવાદી દેશોમાં સમાજનું વિભાગીકરણ બે અથવા ત્રણ વિભાગોમાં જોવા મળે છે. જેવા કે મૂડીવાદી અને મજૂર અથવા તો શ્રીમંત વર્ગ, મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ. આ વિભાગો આર્થિક પરિસ્થિતિ પર રચાયેલા છે, પરંતુ ભારતીય સમાજવ્યવસ્થા અલગ-અલગ વર્ણ-આધારિત જોવા મળે છે. ડો. બાબાસાહેબ આંબેડકરનું સંશોધન ભારતીય સમાજવ્યવસ્થામાં આ પ્રકારનું વિભાજન આર્ય અને અનાર્ય એવા બે વર્ગના કારણે થયેલું બતાવે છે. તારાબહેન પટેલના સંશોધન મુજબ આ વર્ગભેદ કંઈક અંશે તે પ્રજાનાં શારીરિક લક્ષણો અને સંસ્કારભેદ પર આધારિત હતો. ધીરે ધીરે તેમાંથી વર્ણો અને જ્ઞાતિ ઉદ્ભવ્યાં.[3]

તારાબહેન પટેલના મત મુજબ -

"વર્ણવ્યવસ્થાના મૂળમાં સમાજના સફળ સંચાલન માટે કાર્યોની વહેંચણી જ રહેલી છે. સમાજમાં જે લોકોએ અધ્યયન કરવાનું અને કરાવવાનું, સંસ્કારો ફેલાવવાનું, ચારિત્ર્ય ઘડતર તથા ધાર્મિક ક્રિયાઓ કરવાનું કામ ઉપાડી લીધું તેઓ બ્રાહ્મણો કહેવાયા. સમાજનું રક્ષણ કરવાની જવાબદારી જેમણે ઉપાડી તેઓ ક્ષત્રિયો ગણાયા. વેપાર-ઉદ્યોગ દ્વારા સમાજની અર્થવ્યવસ્થા જેણે સંભાળી તે વૈશ્યો કહેવાયા. આમ, પુરુષસુક્ત પહેલાં ત્રણેત્રણ વર્ણો આર્યોમાં હતા, પણ પાછળથી આર્યોએ અનાર્યોને પણ તેમના સમાજમાં સમાવી લીધા અને તેમાંથી ચોથો વર્ણ સમાજની સેવા કરનારાઓનો થયો, જેઓ શૂદ્રો તરીકે ઓળખાયા.[(4)]

મધ્ય એશિયામાંથી આવેલી આર્યપ્રજા શક્તિશાળી હતી અને અનેક ધાર્મિક ક્રિયાઓ સાથે જોડાયેલી હતી. આ પ્રજામાં વેદ, ઉપનિષદ્ જેવા ધાર્મિક ગ્રંથો અને તેનું અનુસરણ એ જીવનપદ્ધતિ હતી. ડો. બાબાસાહેબ આંબેડકર મનુસ્મૃતિનો સંદર્ભ ટાંકતાં કહે છે કે, "સંસારની વૃદ્ધિ માટે ઈશ્વરે બ્રાહ્મણને પોતાના મુખમાંથી, ક્ષત્રિયને પોતાની બાહુમાંથી, વૈશ્યોને પોતાની જાંઘમાંથી અને શૂદ્રને પોતાના પગમાંથી પેદા કર્યા છે.[(5)]

'આર્યપ્રજા બહારથી આવી તેણે ભારત ઉપર આક્રમણ કર્યું હતું. ભારતના મૂળનિવાસી દાસ અને દસ્યુ શ્યામ રંગના હતા, જ્યારે આર્યો ગૌર વર્ણના હતા. આર્યોએ દાસ અને દસ્યુઓને યુદ્ધમાં હરાવ્યા. 'દાસ' અને 'દસ્યુ' યુદ્ધમાં પરાજિત થયા હોવાથી એમને ગુલામ બનાવી દેવામાં આવ્યા, જે પાછળથી શૂદ્ર તરીકે ઓળખાયા. [(6)]

ધીમે ધીમે વર્ણવ્યવસ્થા મજબૂત થઈ જે શૂદ્રોના શોષણનું મૂળભૂત કારણ બની. વર્ણવ્યવસ્થાનો આશરો લઈ શૂદ્રોનો સામાજિક, ધાર્મિક અને આર્થિક વિકાસ રુંધવામાં આવ્યો. ત્રણે વર્ણો દ્વારા શૂદ્રોનું જુદી જુદી રીતે શોષણ કરવામાં આવ્યું.

આરંભે કર્મ આધારિત મનાતી વર્ણવ્યવસ્થા ધીરે ધીરે જન્મ આધારિત પ્રસ્થાપિત થતાં શૂદ્રો માટે મૂળ પ્રવાહમાં જોડાવું લગભગ અશક્ય બન્યું. વિદ્વાન બ્રાહ્મણો, શક્તિશાળી ક્ષત્રિયો અને આર્થિક રીતે સુખી-સંપન્ન એવા વૈશ્યો દ્વારા શૂદ્રો સતત ઉપેક્ષા અને શોષણનો ભોગ બન્યા.

વિશ્વના વિવિધ દેશોમાં આર્થિક રીતે પછાત મનુષ્યોનું 'ગુલામ' તરીકે આજીવન શોષણ કરવામાં આવતું. તેમની સાથે પશુ કરતાં પણ બદતર વ્યવહાર કરવામાં આવતો. જરૂર પ્રમાણે ગુલામોની લે-વેચ કરવામાં આવતી. મનુષ્ય દ્વારા મનુષ્યના શોષણ માટેની ગુલામપ્રથા અસ્તિત્વમાં આવી હતી.

**શોષણના પ્રકારો**

સામાન્યતઃ શોષણના પ્રકારોને નીચે મુજબ વિભાજિત કરી શકાય.

ગુજરાતી સાહિત્યમાં નિરૂપાયેલા શોષણને જો વ્યાપક સ્વરૂપમાં જોઈએ તો નીચે મુજબના પ્રકારોમાં શોષણનું આલેખન થયેલું જોવા મળે છે. જેમ કે,

**દલિત વર્ગનું શોષણ**

ઉચ્ચ વર્ગ, સવર્ણ વર્ગ દ્વારા દલિત વર્ગનું શારીરિક, માનસિક અને જાતીય શોષણ કરવામાં આવતું. ગુજરાતી સાહિત્યમાં કવિતા, નવલકથા, નાટક, ટૂંકી વાર્તા, એકાંકી જેવાં સ્વરૂપોમાં દલિત વર્ગના શોષણને કેન્દ્રમાં રાખીને સાહિત્યસર્જન થયું છે.

**નારીનું શોષણ**

પુરુષપ્રધાન સમાજમાં પુરુષ દ્વારા સ્ત્રીનું શારીરિક, માનસિક શોષણ કરવામાં આવતું. સવર્ણ વર્ગના પુરૂષ દ્વારા દલિત સ્ત્રીનું જાતીય, માનસિક શોષણ કરવામાં આવતું.

**આર્થિક શોષણ**

સમાજના આર્થિક રીતે નબળા વ્યક્તિઓનું સબળ વ્યક્તિઓ દ્વારા થતું શોષણ.

**સામાજિક શોષણ/રૂઢિ અને પરંપરાગત શોષણ**

દલિતો માટેના ચોક્કસ કાયદા-કાનૂન બનાવીને દલિત બાળકોને શાળામાં પ્રવેશ ન આપવો અથવા બીજાં બાળકોથી અલગ બેસાડવા, દલિત પ્રજાને મંદિર પ્રવેશનો નિષેધ, દલિતોને વાર-તહેવાર કે પ્રસંગોપાત્ત અમુક ઉજવણી પરના પ્રતિબંધો. આ પ્રકારનું શોષણ સદીઓથી થતું આવ્યું છે.

**રાજકીય શોષણ**

સામંતશાહીમાં અસ્પૃશ્યતાને કારણે દલિતો રાજકીય શોષણનો ભોગ બન્યા. જમીનદાર કે વાણિયાઓ દ્વારા અભણ, ગરીબ પ્રજા પરના ખોટા કરવેરા, જમીન પડાવી લેવી, ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી કરીને અભણ પ્રજાને હેરાન કરવી. સત્તાનો દુરુપયોગ કરીને સામાન્ય વર્ગની અભણ પ્રજાનો ગેરલાભ લેવો. આ તમામ પ્રકારે સમાજમાં શોષણ થતું.

**શિક્ષિત દ્વારા અશિક્ષિતોનું શોષણ**

શિક્ષિત વર્ગ દ્વારા નોકરી-ધંધામાં, ઘરકામમાં, ખેતીકામમાં અશિક્ષિત વર્ગનું શોષણ થાય છે.

**સમર્થ દ્વારા અસમર્થનું શોષણ**

સમાજના આર્થિક રીતે સમૃદ્ધ અને મોભો ધરાવતી વ્યક્તિઓ દ્વારા મધ્યમ કે નિમ્નવર્ગની વ્યક્તિઓનું શોષણ કરવામાં આવે છે તેમજ સબળ વ્યક્તિઓ દ્વારા નબળા વ્યક્તિઓનું શોષણ.

**પ્રાણીઓનું શોષણ**

અબોલ, મૂગાં પ્રાણીઓ પર સીતમ ગુજારી તેના માલિકો પોતાના સ્વાર્થ માટે તે જીવ પર સીતમ ગુજારે છે.

**સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં શોષણનું નિરૂપણ**

ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગથી આરંભાયેલાં કવિતા, નવલકથા, નાટક, ટૂંકી વાર્તા, એકાંકી જેવાં વિવિધ સાહિત્યસ્વરૂપોમાં વિવિધ પ્રકારનાં શોષણનું આલેખન થયું છે. જેમ કે, આદિકાળથી ઉચ્ચ વર્ગ

ISBN-978-81-973071-3-3
First Edition

દ્વારા દલિતોનું શારીરિક, માનસિક અને જાતીય શોષણનું નિરૂપણ, સમાજમાં નારીનું કૌટુંબિક તેમજ જાતીય શોષણ, સમાજના આર્થિક રીતે નબળા વ્યક્તિઓનું સબળ વ્યક્તિઓ દ્વારા થતું શોષણ, કુરિવાજોને ધ્યાનમાં રાખીને થતું સમગ્ર સમાજ તથા નારીનું શોષણ નિરૂપાયું છે.

ગાંધીજીના આગમન પૂર્વે ભદ્રવર્ગીય સમાજની તુલનાએ સામાન્ય માનવીની થતી ઉપેક્ષાને કારણે ગુજરાતી સાહિત્ય બંધિયારપણાનો ભોગ બન્યું હતું.

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં પ્રવર્તતી રંગભેદની નીતિ સામે અવાજ ઉઠાવીને અંગ્રેજો વિરુદ્ધ અહિંસક આંદોલન કરી ત્યાંની પ્રજાને આંશિક અધિકારો અપાવવામાં સફળ રહ્યા હતા. ઈ.સ. 1915માં ભારત પરત આવીને ગાંધીજી ભારતભ્રમણ કરે છે અને ભારતની પ્રજાની દુર્દશાનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. ગાંધીજીનું દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આગમન થયા પછી સમગ્ર દેશમાં બદલાયેલાં રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક વલણોએ સમગ્ર પ્રજામાનસની વિચારસરણીમાં આમૂલ પરિવર્તન આણ્યું. આ પરિવર્તનને ક.મા. મુનશી, રા.વિ. પાઠક, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્, ઉમાશંકર જોશી, જયંતી દલાલ, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, ડો. જયંત ખત્રી, ચુનિલાલ મડિયા જેવા સર્જકોએ કવિતા, નવલકથા, નાટક, ટૂંકી વાર્તા, એકાંકી જેવાં સાહિત્યસ્વરૂપોમાં 'શોષણ'ની વાતને રજૂ કરી. કચડાયેલા, દબાયેલા, શોષાયેલા દલિત તથા શ્રમિક વર્ગને ઉપર લાવવાની વાત સૌ પ્રથમ ગાંધીજીએ કરી.

ગાંધીજીની દલિતોદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણની વાતને ગાંધીયુગના સાહિત્યકારોએ પોતાના સર્જન દ્વારા વાચા આપી. દલિત, શોષિત અને પીડિત પ્રત્યે સહાનુભૂતિ અને અનુકંપા દર્શાવીને ગાંધીજીએ તેમને સામાન્ય પ્રજા સાથે આદરપૂર્વક ભેળવી દેવાની વાત કરી. તેમના પ્રશ્નો અને પીડાને દૂર કરી, તેમના પ્રશ્નોને વાચા આપવાના અભિયાનમાં ગાંધીયુગીન સર્જકોએ સિંહફાળો આપ્યો. ગાંધીજીના રાષ્ટ્રપ્રેમ, દીનજનવાત્સલ્ય, પરિશ્રમ અને સ્વાશ્રયનું માહાત્મ્ય, સાદું જીવન, શોષણવિહીન સમાજ, ગ્રામાભિમુખતા, માનવતાવાદ જેવાં જીવનમૂલ્યોની પ્રજામાનસ તથા સાહિત્યકારો ઉપર ઊંડી છાપ પડી.

## ગુજરાતી કવિતામાં શોષણનું નિરૂપણ

### ઝવેરચંદ મેઘાણી (1896થી 1947)

'યુગવંદના' કાવ્યસંગ્રહમાં ઝવેરચંદ મેઘાણીએ પીડિત અને શોષિત પ્રત્યેની સમસંવેદનાને નિરૂપતાં કાવ્યો આપ્યાં છે. ગાંધીવિચારધારાને રંગે રંગાયેલા 'પીડિતદર્શન'નાં કાવ્યોમાં 'કોદાળીવાળો', 'ધણ રે બોલે ને', 'કાલ જાગે', 'કાળ સૈન્ય આવ્યાં', 'કવિ, તને કેમ ગમે?', 'બીડીઓ વાળનારીનું ગીત' જેવાં કાવ્યોમાં પીડિતોની વેદના મેઘાણીની કલમમાંથી અંગાર બનીને ઝરે છે.

કેડેથી વળેલા, સદીઓના દુઃખભારથી નમી ગયેલા કોદાળીવાળા એક શ્રમિકનું શબ્દચિત્ર રજૂ કરી મેઘાણીએ શ્રમજીવી પ્રજાની વેદનાનું અને માલિક દ્વારા થતા શોષણને કારણે એક શ્રમિકની દારુણ પરિસ્થિતિનું ચિત્રણ કર્યું છે. 'કોદાળીવાળો' કાવ્યમાં

*'વળેલો કેડ્ય ભાંગેલો, સૈકાના દુખભારથી;*
*ઊભો છે ટેકવી કાયા, કોદાળી કરમાં લઈ.*
*ઊંડા ડોળા ધગધગ થતી ભોંયમાં શું જુએ છે!*
*કોણે એને હૃદય કચર્યા હાસને અશ્રુ બેઉ?*
*કોણે એને જડ બળદનો મૂઢ બંધુ બનાવ્યો?*
*સાતે સિંધુ તણી પાળે સામ્રાજ્યો ચણનારાઓ*
*પ્રભુએ શું ઘડી દીધા આ સૌ માનવ-પથ્થરો!*[7]

*

*'ઘણ રે બોલે ને' કાવ્યમાં-*
*'ઘણ રે બોલે ને એરણ સાંભળે હો...જી...*
*'ભાઈ મારા લુવારી! ભડ રે'જે,*
*આજ છેલ્લી વેળાના ઘાવ દેજે;*
*ઘાયે ઘાયે સંભાર્યે ઘટડામાં,*
*ક્રોડ ક્રોડ શોષિતો, દુનિયાનાઃ*
*'ઘણ રે બોલેને – હો એરણ બેની!*[8]

અહીં 'ઘણ રે બોલે ને' કાવ્યમાં નિઃશસ્ત્રીકરણના વિષય અંતર્ગત શ્રમિકવર્ગની વેદનાને વાચા અપાઈ છે.

'કાલ જાગે' કાવ્યમાં ગુલામોની મુક્તિ માટેનું આહ્વાન કરતાં ગુલામોને દાસત્વમાંથી મુક્ત થવા કહે છે -

*'જાગો જગના ક્ષુધાર્ત! જાગો, દુર્બલ-અશક્ત!...'*
*'જાગો, જુગના ગુલામ!... દેવા દુષ્ટોને દંડ ઘોર કાલ, જાગે'*[9]

*

*'સત્તા નિયમોની જાલ, ધારા કેરી ચુંગાલ, ભોળાં કંગાલ કાજ ફાંસલા પસારે;*
*ધનિકો મ્હાલંત મુક્ત, ગરીબોનાં લાલ રક્ત, સત્તાના ભક્ત આજ શોષે કરભારે.'*[10]

*

*'બહુ દિન દાસત્વ સહ્યાં, જીવન નિર્વીર્ય થયાં,*
*બંધુત્વે વધ્યા પ્રાણ નવરચના માગે;*
*જાગો, જાગો, ગુલામ! આવી પહોંચ્યાં મુકામઃ*
*પૃથ્વી પર રાજ કોનાં? સાચાં શ્રમજીવીઓનાં,*
*ખેડુનાં, ખાણિયાનાં, ઉદ્યમવંતોનાં;*

*રંકોનું રક્તપાન પી પીને પે'લવાન.*

*બનતા ધનવાન- જ્ઞાનવાન તેનું સ્થળ ના:(11)*

મેઘાણીએ સામ્યવાદ, શોષણ સામે ઊઠતા નવયુગના અવાજને ઝીલ્યો છે. 'કાળ-સૈન્ય આવ્યાં' કાવ્યમાં સમાજમાં આવતાં નવસર્જનને ઝીલવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં કવિ કહે છે -

*'અમે કંટકનો પુનિત તાજ*
*પહેરી શિર પરે આજ,*
*પીડિત દલિતોનું રાજ*
*રચવાને આવ્યાં'(12)*

'કવિ, તને કેમ ગમે?' કાવ્યમાં અમીરો દ્વારા થતું ગરીબોનું શોષણ જોઈને મેઘાણી કવિને પ્રશ્ન કરતાં કહે છે કે -

*'ધરતીને પટે પગલે પગલે*
*મૂઠી ધાન વિના નાનાં બાળ મરે,*
*પ્રભુહીન આકાશેથી આગ ઝરે.'*
*અહોરાત કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથે રમે-*
*ત્યારે હાય રે હાય, કવિ! તને પૃથ્વીને પાણી તણાં શેણે ગીત ગમે!(13)*

'બીડીઓ વાળનારીનું ગીત' કાવ્યમાં શ્રમજીવી પ્રજાના જીવનની કરુણતા, નિઃસહાયતા, સમાજમાં વ્યાપ્ત અસમાનતાને બીડીઓ વાળનારી સ્ત્રીના પાત્રમાં આબેહૂબ રીતે વ્યક્ત કરી છે.

*'બીડીઓ વાળો! બીડીઓ વાળો! બીડીઓ વાળો... રે!*
*નિરાધાર, બીડીઓ વાળો... રે!*
*બાર પૈસાની પાંચસો લેખે બીડીઓ વાળો... રે!*
*આજ દુનિયાને હાટડે દેખો,*
*મોંઘા ગાંજા, ભાંગને સૂકો;*
*સોંઘો સ્ત્રીના દેહનો ભૂકોઃ બીડીઓ વાળો... રે!*
*જીવતાં જનનાં શોણિત સોંઘાઃ બીડીઓ વાળો... રે!(14)*

ગાંધીયુગની ભાવનાને મેઘાણીએ પોતાની કાવ્યરચનાઓમાં ઉતારી. પીડિત-શોષિતની વેદનાને કવિએ અંગારા ઝરતી વાણીમાં પ્રગટ કરી.

**સુંદરમ્ (1908થી 1991)**

ગાંધીયુગીન વિચારધારાને આગળ ધપાવતાં સુંદરમ્ 'કોયા ભગતની કડવી વાણી' અને ગરીબોનાં ગીતો કાવ્યસંગ્રહની કવિતામાં ગુલામી, ગરીબ, અજ્ઞાન, શોષણ, અસમાન વર્ગરચના સામે પ્રજામાં જાગૃતિ લાવવા 'કોયા ભગત' રૂપે કડવી વાણી ઉચ્ચારી છે. સમાજની અસમાનતા સામે વિદ્રોહનો સૂર પ્રગટ કર્યો

છે. 'પાંદડી', 'ભંગડી', 'ત્રણ પાડોશી', 'ટીંટોડી અને સાગર' જેવી રચનાઓમાં કવિએ દલિતો, શોષિતો, શ્રમજીવીઓની વેદનાને સબળ વાચા આપી છે.

'પાંદડી' કાવ્યમાં નાની ઉંમરની બાળકી કે જેની રમવાની ઉંમર છે તેને માતા પોતાના ભાઈને સાચવવાની જવાબદારી સોંપીને જાય છે. બાળકી આ જવાબદારી ઉઠાવી શકે તેવી તેની ઉંમર નથી. પરિણામે કવિ ભગવાનને પ્રશ્ન કરે છે કે માસૂમ બાળકો સાથે આવો અન્યાય કેમ? શું તે ગરીબ છે માટે? અહીં કવિ શ્રમજીવી વર્ગની તકલીફને રજૂ કરે છે -

*'પાંચ વરસની પાંદડી એનો દોઢ વરસનો ભાઈ,*
*પાંદડી ભાઈને રાખે ને માડી નિત કમાવા જાય,*
*ત્યારે પેટ પૂરતું ત્રણે ખાય.'*
*એકને રમવું, એકને ઊંઘવું, એક કમાવા જાય,*
*બે બિલાડાંને લડવું એમાં કહો શુંનું શું ન થાય?*
*ભલા ભગવાન! આ શું કહેવાય?*(15)

'ભંગડી' કાવ્યમાં વર્ગભેદ અને અસમાનતાની ચરમસીમાને આલેખતાં કવિ કહે છે કે -

*'શેઠાણી પહેરે ચુંદડી રે,*
*રંગ ચુંદડી રે, જ્યારે નીકળે એના પ્રાણ,*
*ભંગડી પહેરે ચુંદડી રે,*
*રંગ ચુંદડી રે, જ્યારે નીકળે છૈયાની જાન.'*(16)

અહીં સુંદરમની દીન-દલિત તરફની કરુણા-પ્રીતિ અનુભવાય છે. સામાજિક અસમાનતા-વિષમતા સામેનો વિરોધ, શોષણ સામેની નારાજગી વ્યક્ત કરતાં કવિ 'ત્રણ પાડોશી' કાવ્યમાં કહે છે કે-

*'ઘરેરાટ ઘંટી ગાજે રે,*
*ભૂખી ડાંસ ઘંટી ગાજે રે*
*ગાજે જેમ દુકાળિયાનું મોત...*
*'અંગ થાક્યું, એનું આંચકા લેતું, હૈડે હાંફ ના માય,*
*બે પડ વચ્ચે દાળ દળે તેમ કાયા એની દળાય...'*
*'શેઠ હસે બેઠા આઠમે માળે, રામ રમે રણવાસ,*
*રામને મંદિર ઝાલર બાજે, શેઠને મહેલ હુલાસ,*
*માકોરની મૂરછા ટાણે રે,*
*ઘંટીના મોતના ગાણે રે,*
*કાળો એક કાગ કળેળે નિસાસ.'*(17)

'ટીટોડી અને સાગર', 'તકલી અને મોરલી', 'કોડીઓ અને મોતી' જેવાં રૂપક કાવ્યો દ્વારા કાળી મજૂરી કરતા ખેડૂતો અને શોષિત શ્રમજીવીઓની વેદનાને વાચા આપતા કવિ 'ટીટોડી અને સાગર' કાવ્યમાં ટીટોડી અને સાગરના પ્રતીક દ્વારા શોષક અને શોષિતની વાતને માર્મિક વાચા આપતાં કવિ કહે છે કે -

*'સાગરને તીર એક ટટળે ટીટોડી,*
*ચીરી આકાશ એની ઊઠે છે ચીસ;'*
*'સાગર ગોઝારા હો ઈંડાં મારાં દે*
*મસ્તીના ઘેનમાં ગાજે મેરામણોઃ*
*'છોને ટીટોડી રાંડ ટટળી મરે,*
*ઈંડાં ટીટોડીનાં પાછાં અપાવવા'*
*પંખીની સેન ત્યાં આવી ચડી.*
*માંડ્યો સાગરને પંખીએ પૂરવા,*
*દરિયાની ઊંઘ ત્યાં ઊડી ગઈ.*
*દરિયો ત્યાં હારિયો, કરગરતો આવિયો,*
*ઈંડાં ખોબામાં પાછાં લઈ*(18)

સુંદરમે 'ટીટોડી અને સાગર' કાવ્યમાં સમાજના કહેવાતા અમીર વર્ગનો શ્રમિક વર્ગ સામેનો હુંકાર સાગરના રૂપક વડે દર્શાવ્યો છે. ટીટોડીના પ્રતીક વડે શોષિત વર્ગને ભેગા મળી શોષણ સામે વિરોધ કરી વિજયી બનવાની શિખામણ આપે છે.

**ઉમાશંકર જોશી (1911થી 1988)**

કવિતાક્ષેત્રે ઉમાશંકર જોશીએ પીડિત, શોષિત વર્ગની વેદનાને વાચા આપતાં 'ગંગોત્રી' (1934) કાવ્યસંગ્રહના 'ગુલામ' કાવ્યમાં

*'હું ગુલામ?*
*સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ?*
*સ્વતંત્ર પ્રકૃતિ તમામ*
*એક માનવી જ કાં ગુલામ?'*(19)

અહીં 'ગુલામ' કાવ્યમાં ગુલામીપ્રથા સામે કવિ પ્રશ્ન ઊભો કરી માનવીની સ્વતંત્રતાની ઝંખનાને વાચા આપે છે. 'જઠરાગ્નિ' કાવ્યમાં ઉમાશંકર જોશીએ

'રચો રચો અંબરચુંબી મંદિરો' એવો પડકાર કરીને શોષકવર્ગને ચીમકી આપતાં કહ્યું છે કે -

*'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;*
*ખંડેરની ભસ્મકણી ન લાધશે!*(20)

અહીં કવિ વર્ગભેદ પર રચાયેલી સમાજરચના સામે લાલબત્તી ધરે છે.

'પહેરણનું ગીત', 'ઘાણીનું ગીત', 'હથોડાનું ગીત' વગેરે કાવ્યોમાં પીડિતોની વેદના અને સંવેદનાને નિરૂપી છે. 'પહેરણનું ગીત' કાવ્યમાં -

*'રામજી! કાં રોટલા મોંઘા?*
*લોહીમાંસ આટલાં, સોંઘાં?'*[21]

'ઘાણીનું ગીત' કાવ્યમાં ઘાણીના બળદની જેમ પિલાતા મનુષ્યની વાત કરી છે. આવા શ્રમજીવીઓ પોતાની જાત નિચોવી નાંખે તેમ છતાં તેમને કોઈ વળતર પ્રાપ્ત થતું નથી. શ્રમિકોની વેદનાને વાચા આપતાં કવિ ઉમાશંકર જોશી કહે છે કે -

*'કાયા પીલીને તેલ નિકાલો, વીરા! કાયાનું તેલ નિકાલો!*
*અરધે શિયાળે, પરભાત કાળે*
*પરસેવાનાં ભર્યાં કૂંડાં*
*તોય આ ભૂંડાં તેલનાં ખામણાં*
*રહ્યાં હજીયે ઊંડાં*
*વીરા! કરમ આપણાં ઊણાં...*
*જીવતે જીવત ઢોરની પેઠે*
*નીચી મૂંડી જોતરાયા,*
*એવાં કિયાં પાપ આડાં આયાં તે*
*અવળી ઘાણીએ પિલાયા?'*[22]

'હથોડાનું ગીત' કાવ્યમાં પણ શ્રમિકોની વેદનાને વાચા આપતાં કવિ કહે છે કે -

*'હાડનો કીધો હથોડો, ભાઈ! હાડનો કીધો હથોડો*
*રાતને દા'ડો જોયા વિના પેટનાં પાતાળ ફોડો!...*
*લોઢાની સાથે લોઢું બનીને ટિપાઉં મારે જ હાથ,*
*પોલાદનાં મારાં પાંસળાં પૂરાં પળેપળ ખંડાય...'*[23]

'બુલબુલ અને ભિખારણ' કાવ્યમાં જગતની સુંદરતા જોવી, ગીતો સાંભળી મનોરંજન મેળવવું આ સમગ્ર શોખ અમીરો માટે છે. ગરીબો, શ્રમિકો માટે તો કાળી મજૂરી કરીને પેટ ભરવાનું નસીબમાં લખાયું છે. ગરીબ, શ્રમિકના જીવનની વેદના, પીડા કવિએ અહીં બખૂબી વ્યક્ત કરી છે.

*'ના રે બા! મારે તો ભમવું નથી ગીતમાં મંન;*
*તારાં ગીત સુણ્યે મળવાનું નથી કોળિયો અંન!*
*તારાં ગીત મોટાને છાજે, મને વાટની ધૂળ;*
*મારાં હાડ ઉપર તો ગાશે સમડી, ગીધ, ગરુડ!'*[24]

'કલાનો શહીદ' કાવ્યમાં શિલ્પીએ બનાવેલી નગરદ્વારની અદ્‌ભુત રચના બદલ રાજા તરફથી શિલ્પીને શિરપાવ આપવાને બદલે તેના હાથ કાપી નાખવાની સજા મળે છે. રાજાના ધમકીભર્યા શબ્દોને કવિ વ્યક્ત કરતાં કહે છે કે -

*'ફરી કદી લે નહિ હાથ ટાંકણું*
*પ્રતિજ્ઞા એવી જો કરે,*
*આપું તને ભેટ ખરા સુવર્ણનું'*
*રાજાની જોહુકમીનો જવાબ આપતાં શિલ્પી કહે છે -*
*'મારે મન તો સહુથી ય છે ઘણું,*
*લોખંડનું એક અખંડ ટાંકણું...'[25]*

ઉમાશંકર જોશીએ 'પાંચાલી', 'બેંક પાસેનું ઝાડ, 'વાંસળી વેચનારો', 'સીમાડાના પથ્થર' પર જેવાં 'નિશીથ' કાવ્યસંગ્રહનાં કાવ્યોમાં દલિત-પીડિતજનોની વ્યથાને વાચા આપી છે.

'પાંચાલી' કાવ્યમાં શિક્ષકપાત્રના મુખે પીડા-વ્યથા વ્યક્ત કરતાં કવિ કહે છે કે -

*'યંત્રો મહીંથ નિપજે ન વસ્ત્રો,*
*વસ્ત્રો વણે છે મજૂરી તમારી*
*વસ્ત્રો વીંટ્યાં એક નહિ, હજારો,*
*સચેત મોંઘાં શરીરે તમારે.*
*છતાં તમે તો સહુયે નવસ્ત્રાં!!*
*સહસ્ત્ર એ વસ્ત્ર સ્વરક્ત મૂલવ્યાં*
*ડિલે તમારે થકી ખેંચીખેંચી*
*દુઃશાસનો શાસી રહ્યા તમોને.*
*પાંચાલીઓ! ક્યાં લગ સાંખશો હજી?'[26]*

પ્રસ્તુત કાવ્યમાં કવિશ્રી ઉમાશંકર જોશીએ દુઃશાસનનો અને પાંચાલીઓના મુખર શબ્દપ્રયોગો દ્વારા સમાજના શાસનની ધુરાનું વહન કરનારા અન્યાયી શાસકો અને શોષિત-પીડિત અને લાચાર એવી પ્રજાના શોષણની વાત કરી છે.

'બેંક પાસેનું ઝાડ' કાવ્યમાં એક વૃક્ષના મુખમાં મનુષ્યની સ્વાર્થવૃત્તિ, પીડિતવૃત્તિને વ્યક્ત કરતાં કવિ કહે છે કે -

*"અને હતાં ખેતર લ્હેરતાં અમે,*
*કપાઈ આવ્યાં અહીં હાલ ભૂંડે."*
*"લોભી જને કાતિલ સ્વાર્થ સાધુએ*
*નિચોવી કોટિ મનુજોની કાયથી*

ISBN-978-81-973071-3-3
First Edition

*તિજોરીનાં આ રણમાં વહાવ્યાં."*
*તાંબા તણા રક્ત રડંત સિક્કાઃ*
*"પાછાં અમો શોણિત બિન્દુઓને*
*મનુષ્યને હાડ દિયો પ્રવેશવા.*
*પૂર્યાં અરે કાં અહીં તામ્રકેદમાં?"(27)*

'વાંસળી વેચનારો' કાવ્યમાં વાંસળી વેચનાર શ્રમિકના શ્રમ સામે ઓછું વળતર આપતા લોકોની શોષણ કરવાની વૃત્તિની વાત કરતાં કવિ કહે છે કે -

*'ચચ્ચાર આને!' ના કોઈ માને,*
*અને ખભે વાંસળી જૂથ એનું*
*થયું ન સ્હેજે હળવું, ભમ્યો છતાં.*
*'ચચ્ચાર આને!' 'દે એક આને!'(28)*

**કૃષ્ણલાલ શ્રીધરાણી (16-9-1911થી 23-7-1960)**

કૃષ્ણલાલ શ્રીધરાણી પર ગાંધીપ્રભાવની ઊંડી અસર હતી. એમનાં કાવ્યોમાં મધ્યકાલીન પરિવેશની સાથે સાથે સામાજિક વાસ્તવનું નિરૂપણ પણ જોવા મળે છે. 'કોડિયાં' કાવ્યસંગ્રહમાં 'પૂજારી', 'સર્જકશ્રેષ્ઠ આંગળાં', 'કવિ ન હું!', 'મુક્તનો શંખનાદ', 'ધૂમ્રગાથા' જેવાં કાવ્યોમાં ગાંધીવાદના પગલે પ્રવેશેલો સમાજવાદ, માનવતાવાદ શ્રીધરાણીની કવિતામાં પ્રવેશ્યા છે.

'પૂજારી' કાવ્યમાં કવિ પૂજારીને મંદિરમાંથી પાછા જવાનું કહે છે કેમ કે મંદિર બાંધવા પાછળનો લોકોનો, પૂજારીનો સ્વાર્થ છે. હકીકતમાં મંદિર બનવા પાછળ ખરી મહેનત તો મજૂરોની છે. મજૂરો લોહી-પાણી એક કરે છે ત્યારે એક મંદિર ઊભું થાય છે. મજૂરોને યાદ ન કરતા લોકો પૂજારીને જ માત્ર મહત્ત્વ આપે છે. તેની સામે કવિ પોતાનો વિરોધ નોંધાવતાં કહે છે કે -

*'ઓ રે, પૂજારી! આ મંદિર કાજે*
*મજૂર વ્હે પથરા;*
*લોહીનું પાણી તો થાય એનું*
*ને નામ ખાટે નવરા!*
*અરે તું ના શરમા?,*
*પૂજારી પાછો જા!'(29)*

'સર્જકશ્રેષ્ઠ આંગળાં' કાવ્યમાં કવિ શાળ પર બેસી કાપડ વણતા એક વૃદ્ધની વેદનાને વાચા આપે છે. તેમનાં વણેલાં મોંઘાં મોંઘાં વસ્ત્રો દિલ્હીની નવયૌવનાઓ ધારણ કરે છે પરંતુ વૃદ્ધની જીવનશૈલીમાં કોઈ ફેર પડતો નથી.

ISBN-978-81-973071-3-3
First Edition

*'પરંતુ એવી તમ સૌ કળાએ*

*ગુલામ શો આજ મને કરી મૂક્યો;*

*કલા તણી સુંદર સર્જનાએ*

*હીણો કર્યો આજ મને"*

*રહી ગયા હસ્ત વહંત પાંગળા!*

*નીચે પડ્યાં સર્જકશ્રેષ્ઠ આંગળાં!'*(30)

'મુક્તિગાન' કાવ્યમાં ગુલામીમાંથી મુક્તિ મેળવવા માટેની આહલેક જગાવતાં કવિ કહે છે કે -

*'આવો ગુલામો, આવો પીડિતો,*

*તેત્રીસ ક્રોડ મળો સંતાન!*

*સર્વ દિશાના કાન વિદારી*

*ગજાવો માતનું મુક્તિગાન*

*મુક્તિ વિનાનું જીવવું શાનું?*

*મુક્તિ વિના શાં બીજાં ગાન?*

*મુક્તિને કારણ સર્વ સહીશું,*

*સ્વાતંત્ર્યથી શું સૌખ્ય મહાન!*

*સાગર ગાજે, ઘોર અવાજે,*

*ગાજે બાળક, વૃદ્ધ, જવાનઃ*

*આકાશ કંપે, ધરણી ધ્રૂજે,*

*ભારત ગજવે મુક્તિગાન!*(31)

'ધૂમ્રગાથા' કાવ્યમાં સમાજવાદી વિચારો વ્યક્ત કરતાં કવિ કહે છે કે -

*'ઊણાં ઊભાં હું ઉદરો નિહાળું;*

*અપૂરતી ઊંઘ સૂઝેલ પાંપણે;*

*પ્રસ્વેદની ત્યાં સરિતા હું ભાળું;*

*ને માળખાં શોષિત દુઃખડાકણે'*(32)

'મુક્તિનો શંખનાદ' કાવ્યમાં કવિ સ્વાતંત્ર્યપ્રાપ્તિ અને ગુલામીમાંથી મુક્તિ અને સ્વરાજને પ્રાપ્ત કરવાની વાત કરતાં કહે છે કે -

*'વાગે ડંકા, અહત ગગડે, જેમ સંગ્રામ કેરાઃ*

*સૂણી સૂણી હય હણહણે જોમ વ્યાયે નવેરા!*

*સૂણ્યો આજે અહત બજતો મુક્તિનો શંખનાદ*

*હૈયાં જાગ્યાં હણહણી ઊઠ્યાં, ગાજતો ઉરસાદઃ'*(33)

ISBN-978-81-973071-3-3
First Edition

**પ્રહ્લાદ પારેખ (22-10-1911થી 2-1-1962)**

પ્રહ્લાદ પારેખ 'બારી બહાર' કાવ્યસંગ્રહમાં 'માનવકંઠ' શીર્ષકથી અન્યાયી, સમાજરચના સામેનો જુવાળનો અણસાર આપતું કાવ્ય આપે છે. પ્રકૃતિની સ્વતંત્રતા સામે મનુષ્યની વાણી પરની પાબંદી સામેનો આક્રોશ વ્યક્ત કરતાં કવિ કહે છે કે -

*'લોકની વાણી આજ રૂંધાણી, બંધ એ માનવ કંઠ;*
*તારલાને છે તેજની વાણી, ફૂલની વાણી, ગંધ;*
*વહંતાં ગાતાં પાણીઃ*
*રૂંધાણી માનવવાણી*
*ભૂખના માર્યા, દુઃખના માર્યા થાતા ગુનેગાર;*
*બેડીઓ નાંખી, સાંકળ બાંધી, પૂરતા જેલને દ્વારઃ*
*રાખે જ્યાં ઢોરની પેઠે,*
*ત્યાં તે કેમ વાણી ફૂટે?'[34]*

**કરસનદાસ માણેક (28-11-1901થી 18-1-1978)**

'વૈશંપાયનની વાણી' ભાગ-1-2માં સામાજિક અસમાનતા તથા તત્કાલીન રાજકીય પરિસ્થિતિમાં રહેલી વિસંગતિ સામે કવિએ બંડ પોકાર્યો છે. 'મોંઘવારીની મોહકાણ' કાવ્યમાં કવિ કહે છે કે -

*'કાનના લટકણિયાં ને કંઠ કેશ હાર,*
*બધું મોંઘવારી ભરખી ગઈ!*
*સાચું પુછાવો તો જિંદગીથી હાર્યો છું,*
*ને એવી તો છે ખાઈ ગઈ -*
*કે અફીણ ઘોળું પણ ભાવ અફીણના*
*પહોંચ્યા, આકાશે જઈ!'[35]*

'છતે નાણે પામી ન દાણા' કાવ્યમાં કરસનદાસ માણેકે સરકારી દુકાનેથી અનાજ લેતી ગરીબ સ્ત્રીઓની વેદનાનો, તેમને પડતી મુશ્કેલીઓનો ચિતાર રજૂ કરી સરકારી અનાજની દુકાનોની વરવી વાસ્તવિકતાને ઉઘાડી પાડી છે. સરકારી અનાજની દુકાન ચલાવનાર વેપારીઓ ગરીબ પ્રજા ઉપર જોહુકમી અને અનાજ આપવામાં જે રીતની ચાલાકી વાપરે છે તેની વાત કરી છે. વેપારીઓ ગરીબીમાં જીવતી પ્રજાને માણસમાં જ ગણતા નથી. તેમની મુશ્કેલીઓને સમજવા માટે તેઓ તૈયાર જ નથી. અનાજના દાણા તેમનું જીવન બચાવવા કેટલા જરૂરી છે તે વાતને સમજવામાં સરકારી દુકાનના વેપારીઓને રસ નથી. આડકતરી રીતે આ પ્રકારનું વલણ એ એક શોષણનો જ ભાગ છે. કવિ અહીં ગરીબોની વેદનાને વાચા આપતાં કહે છે કે -

ISBN-978-81-973071-3-3
First Edition

*'લાંબી લાંબી શહેરની સડકું, લાંબી વગડાની વાટઃ*
*એથી યે લાંબી હાર મનખની ઊભી સરકારી હાટઃ*
*બબ્બે ત્રણ ત્રણ દન બગાડ્યા ઈ ઊભી વિમાસે આમ-*
*"વારા આવે તેથી મોર દાણાનું ઉકલી જાશે શું કામ?*
*ભૂંડી સરકારે કેવી-*
*કરે છે ને જોયા જેવી!'(36)*

**પ્રિયકાંત મણિયાર (24-1-1927થી 25-6-1976)**

પ્રિયકાંત મણિયારને દાહક સામાજિક વાસ્તવનો પ્રત્યક્ષ અનુભવ છે, 'એ લોકો, એક ગાય', 'અશ્વ', 'નચિકેતા' જેવાં કાવ્યોમાં કડવો સામાજિક સંદર્ભ નિરૂપે છે. સામાજિક વિષમતા, પોકળતા, દંભ અને જૂઠાણાને નષ્ટ કરવાની પ્રબળ લાગણી 'એ લોકો' કાવ્યમાં વ્યક્ત થઈ છે. મનુષ્યનું શોષણ કરતા સમાજને અને જાડી ચામડીના માણસો કે જેમનો અંતરાત્મા મરી પરવાર્યો છે એવા શોષકવર્ગને ઉઘાડો પાડતાં કહે છે કે -

*'એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે*
*પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે*
*વાર વાર વેચે છે.*
*તે તે લોકો છે જ નહીં,*
*એ તો છે નોટોને ખાઈ ઊછરતી ઊધઈ.'(37)*

**ગુજરાતી નવલકથામાં શોષણનું નિરૂપણ**

ગુજરાતી સાહિત્યમાં શોષણનું નિરૂપણ કરતી, ઉચ્ચવર્ગ દ્વારા દલિતવર્ગનું શોષણ, અસ્પૃશ્યો સાથે ગુલામ જેવું નીચી કક્ષાનું વર્તન કરનાર સમાજના કહેવાતા વર્ગને કેન્દ્રમાં રાખીને ઘણી નવલકથાઓ લખાઈ છે.

**સોરાબશા મુનસફની 'હિન્દુસ્થાન મધ્યેનું એક ઝૂંપડું' (1862)**

ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ ગુર્જર નવલકથા સોરાબશા દાદાભાઈ મુનસફ નામના પારસી લેખક પાસેથી પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત નવલકથામાં પારિયા જાતિના છેવાડાના માનવીના જીવનની વાત છે. આ નવલકથામાં સમાજસુધારાનો પ્રશ્ન ચર્ચવામાં આવ્યો છે. પ્રસ્તુત કૃતિમાં જગન્નાથજીના સુપ્રસિદ્ધ મંદિરના મુખ્ય આચાર્યનું પાત્ર કેન્દ્રસ્થાને છે. આ પાત્ર દ્વારા બ્રાહ્મણોએ માની લીધેલી બીજી કોમો ઉપરની પોતાની શ્રેષ્ઠતા અને બ્રાહ્મણોનું બ્રાહ્મણત્વ, ધાર્મિક ક્રિયાકાંડો, રીતરિવાજો વગેરે ઉપરનું પોતાનું સ્વામિત્વ, બ્રાહ્મણોનો અહંકાર, સ્વાર્થવૃત્તિ જેવી બાબતો ઉપર લેખકે આકરા પ્રહારો કર્યા છે. સંકુચિત મનોદશા ધરાવતા આવા બ્રાહ્મણ કરતાં ગામ બહાર વનવગડામાં રહેતો એક હરિજન સમાજ માટે વધારે ઉપયોગી

ISBN-978-81-973071-3-3
First Edition

સાબિત થાય છે. આ લઘુનવલકથામાં સમાજના કહેવાતા કર્મકાંડીઓ દ્વારા નીચલા વર્ગ ઉપરની પોતાની હકૂમત, પળે પળે થતા શોષણનો ભોગ બનતું દલિત પાત્ર બતાવવામાં આવ્યાં છે.

ગાંધીયુગની ગુજરાતી સાહિત્યની નવલકથાઓમાં ઉજળિયાત વર્ગ દ્વારા દલિતવર્ગ પરની જોહુકમી, શોષણ, અત્યાચાર નિરૂપાયાં છે.

**ઈશ્વર પેટલીકર (10-2-1916થી 22-11-1983)**

સમાજશિક્ષક એવા પેટલીકરનાં લખાણોમાં સુધારાવાદી વલણો જોવા મળે છે. 'કલ્પવૃક્ષ' (1956) નવલકથામાં ખેડાના વણકર સમાજની આપવીતીની કથા છે. ઈશ્વર પેટલીકરની 'ભવસાગર' નવલકથામાં ગ્રામસમાજમાં જીવતી એક ગૃહિણી સૂરજના જીવનની કરુણતાની વાત છે. બે સંતાનો સાથે એકલે હાથે ભવસાગર તરવા તરફડિયાં મારતી નારીની વાત છે. સૂરજ જેવી કમનસીબ સ્ત્રીઓના અપમૃત્યુ માટે ગામડાનો રૂઢિવાદી સમાજ, રીતરિવાજો અને કાવાદાવા જવાબદાર છે. ચારેબાજુથી આપત્તિઓથી ઘેરાઈ ગયેલી નવલકથાની નાયકા સૂરજ અંતે લગ્નની ઉંમરે પહોંચેલી પુત્રી વિમુ સાથે અગ્નિસ્નાન કરીને જીવનનો અંત લાવે છે. રૂઢિવાદી સમાજના શોષણનો ભોગ બનતી નારીની કથા કહેવાઈ છે. 1935થી 1960 સુધીના સમયગાળા દરમ્યાન સામાજિક અન્યાય અને હાંશિયામાં ધકેલાઈ ગયેલી જાતિ પ્રત્યેનો સવર્ણોના હાડોહાડ દ્વેષનો ચિતાર સાંપડે છે.

**સ્નેહ રશ્મિ (1903થી 1990)**

સ્નેહરશ્મિની 'અંતરપટ' નવલકથામાં રાજકીય અને સાંસ્કૃતિક જીવનની પશ્ચાદ્‌ભૂમિમાં સર્જકે અસ્પૃશ્યતા, મૂર્તિપૂજા, આંતરજ્ઞાતીય લગ્ન જેવી સમસ્યાઓના તાણાવાણા ગૂંથ્યા છે.

**ગુણવંતરાય આચાર્ય (1900થી 1965)**

ગુણવંતરાય આચાર્ય પાસેથી ગુલામી સામેની જેહાદનું રોમાંચક નિરૂપણ કરતી નવલકથા 'દરિયાલાલ' મળે છે. જેમાં કાનિયા ઝાંપડો નામનું દલિત પાત્ર નિરૂપ્યું છે. બ્રાહ્મણો, પુરોહિતો દ્વારા મોટા યજ્ઞનું આયોજન થયું છે. ત્યાં કાનિયા ઝાંપડાને બ્રાહ્મણો ઘણું બધું કામ બતાવી રહ્યા છે. કામ કરાવવું છે પણ ત્યાંની યજ્ઞભૂમિ અપવિત્ર ન થાય તે માટે અછૂત એવા કાનિયા ઝાંપડાની પાછળ એક બ્રાહ્મણ લોટામાં ગંગાજળ અને તેમાં દર્ભની સળીઓથી જગ્યાને પવિત્ર કરતો જાય છે. આમ, સમાજના કહેવાતા ઉચ્ચવર્ગના બ્રાહ્મણોનો દલિત સાથેનો સ્વાર્થી વ્યવહાર તથા તેનાથી રખાતી આભડછેટની વાત નિરૂપાઈ છે. 1959ની સાલમાં લખાયેલી પ્રસ્તુત નવલકથામાં શોષણની વાત નિરૂપાઈ છે. 'કરાલકાળ જાગે' નવલકથામાં પણ શોષણના મુદ્દાને ઉઠાવીને નવસર્જનના કાળની વાત નિરૂપી છે. અહીં દલિત અને શ્રમજીવી વર્ગની જીવનચર્યા નિરૂપાઈ છે.

**જોસેફ મેકવાન (1936)**

જોસેફ મેકવાન પાસેથી 'આંગળિયાત' (1985) નવલકથા મળે છે. અહીં ગ્રામજીવનની કથા દ્વારા વર્ગભેદ, વિષમ સમાજરચના તથા આર્થિક શોષણની વાત કથાના કેન્દ્રમાં છે. સમાજનાં સ્થાપિત હિતો વણકર સમાજના શોષક તરીકે નિરૂપાયાં છે. દલિતવર્ગને દબાવી રાખવામાં તેમના વિકાસને રોકી રાખવામાં આવાં સ્થાપિતહિતો રત રહે છે. જોસેફ મેકવાનને ગામના પટેલો અને વણકરો વચ્ચે થતા સંઘર્ષનો પ્રત્યક્ષ અનુભવ છે. જોસેફ મેકવાને ટીહો, વાલજી, મેઠી જેવાં દલિત પાત્રોના નિરૂપણ દ્વારા સમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું છે. ઉચ્ચવર્ગ દ્વારા દલિતવર્ગનું થતું માનસિક અને શારીરિક શોષણ પૂરા વાસ્તવ સાથે નિરૂપાયું છે. દલિત સર્જક તરીકે તેઓ પોતાની અંગત અનુભૂતિને સુપેરે વ્યક્ત કરવામાં સફળ રહ્યા છે. 'મારી પરણેતર' નવલકથામાં દલિત સમાજ પર થતા જુલ્મ, અત્યાચાર અને કાવાદાવાનું નિરૂપણ થયું છે.

**મોહન પરમાર (15-03-1948)**

મોહન પરમાર પાસેથી દલિતજીવનની સમસ્યાઓને નિરૂપતી 'નેળિયું', 'પ્રિયતમા' અને 'ડાયા પશાની વાડી' જેવી નવલકથાઓ મળે છે.

**દલપત ચૌહાણ (10-04-1940)**

દલપત ચૌહાણ પાસેથી 'મલક' અને 'ભળભાંખળુ' જેવી નવલકથાઓ મળે છે. 'મલક' નવલકથાના વિષયવસ્તુના કેન્દ્રમાં વણકર સમાજ છે. જે સ્વાતંત્ર્યપ્રાપ્તિ પૂર્વેના ગામડામાં વસે છે. હરિજનોનું આર્થિક તેમજ સામાજિક શોષણ તો થઈ જ રહ્યું છે પરંતુ તેઓ સવર્ણોની વાસનાનો શિકાર પણ બની રહ્યા છે. અહીં વણકર જ્ઞાતિના યુવક ભગો અને સવર્ણ જ્ઞાતિની યુવતી સંતોકના પ્રેમનું નિરૂપણ છે. બંને જ્ઞાતિ વચ્ચેનો પ્રેમ જીરવી ન શકતો ગ્રામીણ સમાજ છેવટે તેમને હિજરત કરવાની ફરજ પાડે છે. સવર્ણો દ્વારા થતું શોષણ અને અત્યાચારની પરાકાષ્ઠારૂપે આખો દલિતવાસ હિજરત કરી જાય એવી દુઃખદ ઘટનાનું નિરૂપણ થયું છે.

'ભળભાંખળું' નવલકથામાં દલિત સમાજને શિક્ષિત થવામાં સવર્ણો કેવી અડચણો ઊભી કરે છે અને તેમાં પણ દલિત સ્ત્રીએ શિક્ષણ મેળવવું કેટલું કપરું હતું તેની વાત કરવામાં આવી છે.[38]

**જયંત ગાડીત (1938)**

'બદલાતી ક્ષિતિજ'માં સામાજિક-રાજકીય સંદર્ભોના તાણાવાણા જોવા મળે છે.

**ચિનુ મોદી (1939-2017)**

ચિનુ મોદીની 'કાળો અંગ્રેજ' નવલકથા દલિતો પર થતા અત્યાચારની કલંક કથા છે. અંત્યજ સમાજના જુલ્મી અંગ્રેજ-કાળા અંગ્રેજ તરીકે લેખકે ઉજળિયાત વર્ગને નિરૂપ્યો છે. બિનઅંત્યજોએ અંત્યજો

ISBN-978-81-973071-3-3
First Edition

પાસેથી પૈસા આપીને પોતાનું કામ જરૂર કઢાવ્યું છે પરંતુ દલિતવર્ગને ગૌરવ આપવાનું જરૂરી સમજ્યું નથી.

## ગુજરાતી ટૂંકી વાર્તામાં શોષણનું નિરૂપણ

ગાંધીયુગ દરમ્યાન 'શોષણ'ની વાત સાહિત્યમાં આવી. કનૈયાલાલ મુનશી (1887-1971), રા. વિ. પાઠક (1887-1955), ધૂમકેતુ (12-12-1892થી 11-3-1965), ઝવેરચંદ મેઘાણી (1896-1947), સુંદરમ્ (1908થી 1991), ઉમાશંકર જોશી (1911-1988) જયંતી દલાલ (1909-1970), ડો. જયંત ખત્રી (1909-1968), પન્નાલાલ પટેલ (1912થી 1989), ઈશ્વર પેટલીકર (1916-1983), ચુનીલાલ મડિયા (1922થી 1968) વગેરે વાર્તાકારોની વાર્તાઓમાં શોષણનો સૂર આર્તસ્વરે સાંભળવા મળે છે.

કચડાયેલા વર્ગને ઉપર લાવવાની વાત સૌ પ્રથમ ગાંધીજીએ કરી. તેમણે દલિતોદ્ધારની, અસ્પૃશ્યતા નિવારણની વાત કરી. સમાજના કચડાયેલા, દબાયેલા, શોષાયેલા અને શ્રમિકવર્ગના પ્રશ્નોને વાચા આપવાની સાહિત્યકારોને હાકલ કરી. જેની અસર તળે ગાંધીયુગનું સાહિત્ય રચાયું. એક રીતે જોઈએ તો ટૂંકી વાર્તાનું સાહિત્યસ્વરૂપ કચડાયેલા, દુભાયેલા, વંચિત, શોષિત અને એકાકી વર્ગને વાચા આપવા પ્રયાસ કરે છે.

કનૈયાલાલ મુનશીની 'સ્ત્રીનો પત્ર'માં સ્ત્રીના શોષણની વાત સ્ત્રીના મુખે જ વ્યક્ત થઈ છે. રા.વિ. પાઠક 'દ્વિરેફ' પાસેથી 'ખેમી' અને 'સૌભાગ્યવતી' જેવી શોષણને નિરૂપતી વાર્તા મળે છે. 'સૌભાગ્યવતી' વાર્તામાં પતિની અતિશય કામુકવૃત્તિથી કંટાળેલી મલ્લિકા મૃત્યુ પામીને સૌભાગ્યવતીનું બિરુદ પામે છે.

ધૂમકેતુએ 'સ્ત્રીહૃદય', 'આંસુની મૂર્તિ', 'નારીનો પરાજય'માં સ્ત્રીની નિસર્ગદત્ત નબળાઈ અને તેની લાચારીને કેન્દ્રમાં રાખીને વાર્તાઓ આપી છે. ધૂમકેતુની વાર્તાઓમાં પીડિત વર્ગ તરફની સહાનુભૂતિનું વલણ ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે પ્રથમવાર પ્રગટે છે.

ઝવેરચંદ મેઘાણીની 'વહુ અને ઘોડો' વાર્તામાં જમીનદાર પરિવારમાં પરણેલી વહુવારુઓના થતા શોષણને નિરૂપ્યું છે. 'લાડકો રંડાપો'માં સ્ત્રીની શોષક સ્ત્રી જ છે એ કંડારવામાં લેખક સફળ થયા છે. ધાર્મિક સ્થાનોમાં સ્ત્રીનું શોષણ આજપર્યંત સામાન્ય વાત રહી છે. 'ઠાકર લેખા લેશે' વાર્તામાં નારીશોષણ નિરૂપાયું છે.

સુંદરમની 'બીડીઓ' વાર્તામાં હરિયાની નોકરી છૂટી જવાથી અન્યાયકારી, શોષણમૂલક ઘટના નિરૂપાઈ છે. 'જમીનદાર' વાર્તામાં એક સુખી-સંપન્ન ખેડૂત મૂડીવાદી સમાજના દગાના પરિણામે વેઠિયો મજૂરે બની રહે છે. 'ગોપી', 'ખોલકી', 'માને ખોળે', 'લૂંટારા', 'લીલી વાડી', 'નારસિંહ' જેવી વાર્તાઓમાં અસમાનતા, વર્ગભેદ જેવા પ્રશ્નોને વાચા આપી છે. 'કાનજી શેઠનું કાંધુ'માં નારીશોષણ નિરૂપાયું છે.

ઉમાશંકર જોશી પાસેથી મળતી 'છેલ્લું છાણું', 'લોહી તરસ્યો', 'ઝાકળિયું' જેવી વાર્તાઓમાં સામાજિક, આર્થિક શોષણ તથા 'મારી ચંપાનો વર' વાર્તામાં નારી દ્વારા નારીનું એટલે કે પ્રસ્તુત વાર્તામાં એક મા પોતાની પુત્રીનું શોષણ કરવામાં જવાબદાર બને છે.

ISBN-978-81-973071-3-3
First Edition

જયંતી દલાલ પાસેથી 'ઉત્તરા', 'આ ઘેર પેલે ઘેર' જેવી વાર્તાઓમાં નારીશોષણની વાત કરવામાં આવી છે. ડો. જયંત ખત્રી પાસેથી 'ખીચડી', 'કૃષ્ણજન્મ', 'નથુની અસ્વસ્થતા', 'લોહીનું ટીપું' જેવી વાર્તાઓમાં સામાજિક, આર્થિક અને નારીશોષણની વાત કરવામાં આવી છે.

પન્નાલાલ પટેલની 'દાણીનું ઘડિયાલ', 'નેશનલ સેવિંગ', 'બલા' જેવી વાર્તાઓમાં ઉપરી અમલદારો, જમીનદારો દ્વારા શ્રમિક, મજૂર અને અભણ, લાચાર, ભોળી પ્રજાના થતા શોષણની પરાકાષ્ઠા નિરૂપાઈ છે. 'બાપુનો કૂતરો', 'મેઘો ગામેતી', 'રહેમુ સિપાઈ'માં અમલદારોની જોહુકમીનો ચિતાર રજૂ થયો છે. 'બલા' વાર્તામાં શોષકના શોષણની ચરમસીમા આલેખાઈ છે.

ઈશ્વર પેટલીકર પાસેથી મળતી 'હલકી વરણ', 'મોટી બહેન', 'હવાડીનું પાણી', 'રુદિયાનું દરદ', 'પારસમણિ', 'વટ' જેવી વાર્તાઓમાં અસ્પૃશ્ય દલિતવર્ગ સાથે થતું અમાનવીય વર્તન તથા સવર્ણોની જોહુકમીના કારણે દલિતોમાં ઘર કરી ગયેલી લઘુતાગ્રંથિનું આલેખન મળે છે.

ચુનીલાલ મડિયાની 'કમાઉ દીકરો' વાર્તામાં મનુષ્યની સ્વાર્થવૃત્તિ અને પશુ સાથેનું અમાનવીય વર્તન તથા પશુઓની કુદરતી વૃત્તિઓનું દમન કરવાનો માનવસ્વભાવ નિરૂપાયો છે.

મારા મહાશોધ નિબંધનો વિષય ગુજરાતી ટૂંકી વાર્તામાં શોષણનું નિરૂપણ હોવાથી ટૂંકી વાર્તામાં શોષણના નિરૂપણ વિશે વિગતવાર ચર્ચા હવે પછીનાં પ્રકરણોમાં કરવામાં આવશે.

## ગુજરાતી એકાંકીમાં શોષણનું નિરૂપણ

ગાંધીયુગના કવિ, વિવેચક, વાર્તાકાર, એકાંકીકાર, નવલકથાકાર ઉમાશંકર જોશી પાસેથી મળતા 'સાપના ભારા' એકાંકીસંગ્રહમાંનાં મોટા ભાગનાં એકાંકીમાં સામાજિક તેમજ નારીશોષણની વાત કરવામાં આવી છે. 'સાપના ભારા' એકાંકીમાં પુરુષના અત્યાચારનો ભોગ બનતી પુત્રવધૂ સાથે તેની સાસુનો અમાનવીય વ્યવહાર નિરૂપાયો છે. અહીં સ્ત્રી જ જાણે સ્ત્રીની દુશ્મન બનીને એક સ્ત્રી દ્વારા જ સ્ત્રીનું શોષણ થતું બતાવ્યું છે. 'ઊડણ ચરકલડી' એકાંકીમાં પોતાના ભાવિજીવનનાં સપનાં જોતી નાયિકાનાં સપનાંને તેના પિતા જ રોળી નાખે છે. 'ઢેડના ઢેડ ભંગી' એકાંકીમાં સવર્ણો દ્વારા અસ્પૃશ્યતાનો ભોગ બનતો દલિતવર્ગ તેમનાથી નીચેના દલિતવર્ગ સાથે આભડછેટનો વ્યવહાર કરીને તેમનું સામાજિક શોષણ કરતો દર્શાવાયો છે. 'કડલાં' એકાંકીમાં ઘરનો બધો જ કારભાર સંભાળતી એકાકિની નાયિકા હેતીનું અનાજ ધીરતા શેઠ દ્વારા થતું શોષણ નિરૂપાયું છે.

કૃષ્ણલાલ શ્રીધરાણીના 'બહારનો અવાજ' એકાંકીમાં અસ્પૃશ્યતાનો વિષય આલેખ્યો છે. અસ્પૃશ્યતાના દૂષણ સામે શ્રીધરાણીનો આક્રોશ અને કટાક્ષ અનુભવાય છે.

પ્રસ્તુત પ્રકરણમાં 'શોષણ' સંજ્ઞાની સમજૂતીની વાત રજૂ કરી સમાજશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં 'શોષણ'નો અર્થ, ભારતીય સમાજવ્યવસ્થામાં ચાર વર્ણો અને કાર્યને આધારે થયેલા વર્ણભેદની વાત કરવામાં આવી. શોષણનું મૂળ કારણ વર્ણવ્યવસ્થાને માનવામાં આવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર

વગેરેને પોતાના કાર્યને આધારે કામગીરી સોંપાઈ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય દ્વારા મેલું ઉપાડવાનું કામ કરતા શૂદ્રો સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યો. ઉચ્ચવર્ણ દ્વારા તેમનું શોષણ કરવામાં આવ્યું.

કર્મ આધારિત માનવામાં આવતી આ વર્ણવ્યવસ્થા ધીરે ધીરે જન્મ આધારિત પ્રસ્થાપિત થઈ.

પ્રસ્તુત પ્રકરણમાં શોષણના પ્રકારોની વાત કરી. જેમાં દલિતવર્ગનું શોષણ, નારીનું શોષણ, આર્થિક શોષણ, સામાજિક શોષણ, રાજકીય શોષણ, શિક્ષિત અને સમર્થ જીવ દ્વારા અશિક્ષિત અને અસમર્થ જીવનું શોષણ, મનુષ્યો દ્વારા પ્રાણીઓનું શોષણ વિશે વાત કરી.

ત્યાર બાદ ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગ દરમ્યાન થયેલ શોષણને નિરૂપતા સાહિત્યની વાત કરી, જેમાં ગાંધીચીંધ્યા માર્ગે કવિતા, નવલકથા, ટૂંકી વાર્તા અને એકાંકી જેવાં સ્વરૂપોમાં ગાંધીયુગીન સર્જકોએ સમાજના કચડાયેલા, દબાયેલા, શ્રમિક તથા નારીની વ્યથાને વાચા આપી.

**સંદર્ભ-નોંધ**

*(1) 'ભગવદ્ગોમંડલ' – ભાગ ૭મો (શથી બ), પુનર્મુદ્રણ - 2007, કર્તા ભગવતસિંહજી, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ., પૃ.8410*

*(2) 'ગુજરાતી વિશ્વકોશ' ખંડ-21, વો-5, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પૃ.669*

*(3) 'ભારતીય સમાજવ્યવસ્થા', તારાબહેન પટેલ, પૃ.67*

*(4) 'ભારતીય સમાજવ્યવસ્થા', તારાબહેન પટેલ, પૃ.70, 71*

*(5) ડો. બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ, ગ્રંથ-13, પ્રથમ આવૃત્તિ – એપ્રિલ 1998, પૃ.21, ડો. આંબેડકર ફાઉન્ડેશન*

*(6) ડો. બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ, ગ્રંથ-13, પ્રથમ આવૃત્તિ એપ્રિલ-1998, પૃ.76*

*(7) 'યુગવંદના', કાવ્યસંગ્રહ, 'કોદાળીવાળો', ઝવેરચંદ મેઘાણી, પ્રસાર પબ્લિકેશન, પુનર્મુદ્રણ 2000, પૃ.69*

*(8) 'યુગવંદના', કાવ્યસંગ્રહ, 'ધણ રે બોલ ને', ઝવેરચંદ મેઘાણી, પ્રસાર પબ્લિકેશન, પુનર્મુદ્રણ 2000, પૃ.59, 60*

*(9) 'યુગવંદના', 'કાલ જાગે', ઝવેરચંદ મેઘાણી, પ્રસાર પબ્લિકેશન, પુનર્મુદ્રણ 2000, પૃ.66*

*(10) 'યુગવંદના', 'કાલ જાગે', ઝવેરચંદ મેઘાણી પ્રસાર પબ્લિકેશન, પુનર્મુદ્રણ 2000, પૃ.66*

*(11) 'યુગવંદના', 'કાલ જાગે', ઝવેરચંદ મેઘાણી, પ્રસાર પબ્લિકેશન, પુનર્મુદ્રણ 2000, પૃ.66*

*(12) 'કાળ-સૈન્ય આવ્યાં', 'યુગવંદના', ઝવેરચંદ મેઘાણી, પ્રસાર પબ્લિકેશન, પુનર્મુદ્રણ 2000, પૃ.67*

*(13) 'કવિ તને કેમ ગમે?', 'યુગવંદના', ઝવેરચંદ મેઘાણી, પ્રસાર પબ્લિકેશન, પુનર્મુદ્રણ 2000, પૃ.71*

*(14) 'બીડીઓ વાળનારીનું ગીત', 'યુગવંદના', ઝવેરચંદ મેઘાણી, પ્રસાર પબ્લિકેશન, પુનર્મુદ્રણ 2000, પૃ.79*

*(15) 'પાંદડી', 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો', સુંદરમ્, પ્રકાશક - પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ, પહેલી આવૃત્તિ અષાઢ 1989, પૃ.30-31*

*(16) 'ભંગડી', 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો', સુંદરમ્, પ્રકાશક - પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ, પહેલી આવૃત્તિ, અષાઢ 1989, પૃ.33*

*(17) 'ત્રણ પાડોશી', 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો', સુંદરમ્, પ્રકાશક - પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ, પહેલી આવૃત્તિ અષાઢ 1989, પૃ.40, 41*

*(18) 'ટીંટોડી અને સાગર', 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો', સુંદરમ્, પ્રકાશક - પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ, પહેલી આવૃત્તિ અષાઢ 1989, પૃ.59, 60*

*(19) 'ગુલામ', 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, પ્રકાશક - આર.આર. શેઠની કંપની, બીજી આવૃત્તિ 1950, સંવત 1994, પૃ.3*

*(20) 'જઠરાગ્નિ', 'ગંગોત્રી', કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, પ્રકાશક – આર.આર. શેઠની કંપની, બીજી આવૃત્તિ, 1950, સંવત 1994, પૃ.30*

*(21) 'પહેરણનું ગીત', 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, પ્રકાશક - આર.આર. શેઠની કંપની, બીજી આવૃત્તિ, 1950, સંવત 1994, પૃ.25*

*(22) 'ઘાણીનું ગીત', 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, પ્રકાશક - આર. આર. શેઠની કંપની, બીજી આવૃત્તિ, 1950, સંવત 1994, પૃ.48*

*(23) 'હથોડાનું ગીત', 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, પ્રકાશક - આર.આર. શેઠની કંપની, બીજી આવૃત્તિ, 1950, સંવત 1994, પૃ.49*

*(24) 'બુલબુલ અને ભિખારણ', 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, પ્રકાશક - આર.આર. શેઠની કંપની, બીજી આવૃત્તિ, 1950, સંવત 1994, પૃ.61*

*(25) 'કલાનો શહીદ', 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, પ્રકાશક - આર.આર. શેઠની કંપની, બીજી આવૃત્તિ, 1950, સંવત 1994, પૃષ્ઠ-74*

*(26) 'પાંચાલી', 'નિશીથ' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, આર.આર. શેઠની કંપની, મુંબઈ-2, પ્રથમ આવૃત્તિ, આસો 1995, પૃ.94*

*(27) 'બેંક પાસેનું ઝાડ', 'નિશીથ' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, આર.આર. શેઠની કંપની, મુંબઈ-2, પ્રથમ આવૃત્તિ, આસો 1995, પૃ.100*

*(28) 'વાંસળી વેચનારો', 'નિશીથ' કાવ્યસંગ્રહ, ઉમાશંકર જોશી, આર.આર. શેઠની કંપની, મુંબઈ-2, પ્રથમ આવૃત્તિ, આસો 1995, પૃ.106*

*(29) 'પૂજારી', 'કોડિયાં' કાવ્યસંગ્રહ, કૃષ્ણલાલ શ્રીધરાણી, વોરા એન્ડ કંપની પબ્લિશર્સ પ્રા.લિ., આવૃત્તિ 1957*

*(30) 'સર્જકશ્રેષ્ઠ આંગળાં', 'કોડિયાં' કાવ્યસંગ્રહ, કૃષ્ણલાલ શ્રીધરાણી, વોરા એન્ડ કંપની પબ્લિશર્સ પ્રા.લિ., આવૃત્તિ 1957, પૃ.100*

*(31) 'મુક્તિગાન', 'કોડિયાં' કાવ્યસંગ્રહ, કૃષ્ણલાલ શ્રીધરાણી, વોરા એન્ડ કંપની પબ્લિશર્સ પ્રા.લિ., આવૃત્તિ 1957, પૃ.150, 151*

*(32) 'ધૂમ્રગાથા', 'કોડિયાં' કાવ્યસંગ્રહ, કૃષ્ણલાલ શ્રીધરાણી, વોરા એન્ડ કંપની પબ્લિશર્સ પ્રા.લિ., આવૃત્તિ 1957, પૃ.215*

*(33) 'મુક્તિનો શંખનાદ', 'કોડિયાં' કાવ્યસંગ્રહ, કૃષ્ણલાલ શ્રીધરાણી, વોરા એન્ડ કંપની પબ્લિશર્સ પ્રા.લિ., આવૃત્તિ 1957*

*(34) 'માનવકંઠ', 'બારી બહાર' કાવ્યસંગ્રહ, પ્રહ્લાદ પારેખ, વોરા એન્ડ કંપની, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ 20-6-1970, પૃ.125*

*(35) 'મોંઘવારીની મોહકાણ', 'વૈશંપાયનની વાણી' ખંડ બીજો, શરદ પ્રકાશન મંદિર, પ્રથમ આવૃત્તિ 1945, પૃ.67*

*(36) 'છતે નાણે પામી ન દાણા', 'વૈશંપાયનની વાણી' ખંડ બીજો, કરસનદાસ માણેક, શરદ પ્રકાશન મંદિર, પ્રથમ આવૃત્તિ 1945, પૃ.54થી 56*

*(37) 'એ લોકો', 'આ નભ ઝૂક્યું' - સમગ્ર કવિતા, પ્રિયકાન્ત મણિયાર, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી 2000, પૃ.212, 213*

*(38) 'દલિત સાહિત્ય અભ્યાસ અને અવલોકન', સંપાદક - ગુણવંત વ્યાસ, પ્રથમ આવૃત્તિ, 20 ઓગસ્ટ 2018, પૃ.180*

*=*

ISBN-978-81-973071-3-3
First Edition

# || પ્રકરણ - 2 ||

## પરંપરાગત વાર્તાઓમાં શોષણનું નિરૂપણ

### ભૂમિકા

સંશોધનની આવશ્યકતા મુજબ અહીંયાં ગુજરાતી સાહિત્યના યુગ પ્રમાણે અભ્યાસ ન કરતાં ત્રણ તબક્કાઓની વાત વિગતે કરવાનું પસંદ કર્યું છે. એ ત્રણ તબક્કાઓ આ મુજબ છે - (૧) પરંપરાગત વાર્તાઓમાં શોષણનું નિરૂપણ, (૨) આધુનિક વાર્તાઓમાં શોષણનું નિરૂપણ અને (૩) અનુઆધુનિક વાર્તાઓમાં શોષણનું નિરૂપણ. અહીંયાં પ્રથમ તબ્કકો એટલે કે, પરંપરાગત વાર્તાઓમાં શોષણનું નિરૂપણ વિશે વાત પ્રસ્તુત છે.

સર્જન એ સતત ચાલતી પ્રક્રિયા છે. સર્જન એ માનવ સંવેદનાને સ્પર્શે છે. સાહિત્યનો ઇતિહાસ સમયના બહોળા પટ પર પથરાયેલો છે. રાજકીય, ધાર્મિક અને સામાજિક પરિબળોએ સાહિત્યસર્જન પર ઘેરી છાપ પાડી છે. કોઈપણ સર્જક પોતાના સમયથી અલિપ્ત રહીને સર્જન કરી શકતો નથી. સર્જક એ પોતાના યુગનું સંતાન હોવાથી તત્કાલીન પરિસ્થિતિ, સમાજજીવન તેના સર્જનને પ્રભાવિત કરે છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પ્રથમ તબક્કો સુધારકયુગ કે જેમાં સમાજસુધારાવાદી વલણો જોવા મળે છે. સાહિત્યસર્જન દ્વારા સમાજસુધારાલક્ષી સર્જન થયું. દલપતરામ, નર્મદ, નવલરામ, મહીપતરામ, કરસનદાસ મૂળજી જેવા સમાજસુધારાવાદી સર્જકોએ સાંપ્રત સમયની સમસ્યાઓને સાહિત્યમાં નિરૂપી. ઈ.સ.1850થી આશરે ઈ.સ. 1950 સુધીનો લગભગ એક સદીનો સમયગાળો અર્વાચીન ગુજરાતી સાહિત્ય તરીકે ઓળખાય છે. સુધારકયુગ દરમ્યાન વહેમ, અંધશ્રદ્ધા, ભૂતપ્રેતની માન્યતા, મૂર્તિપૂજા, વ્યર્થ ક્રિયાકાંડો, બાળલગ્નો, કજોડાં, વિધવાનાં પુનર્લગ્ન પર પ્રતિબંધ, પરદેશગમન પ્રતિબંધ, જ્ઞાતિનાં જડ બંધનો જેવી સમસ્યાઓ સમાજના પાયાને હચમચાવી નાંખે છે. અંગ્રેજી કેળવણીના પ્રભાવ હેઠળ સુધારાવાદી સર્જકો જૂની-પુરાણી થઈ ગયેલી પ્રાચીન સંસ્કૃતિને ઉખાડી ફેંકીને પ્રજાને નવજીવન આપવા તત્પર બન્યા. રચનાત્મક પ્રવૃત્તિઓ, સંસ્થાઓ, સામયિકો, વિચારપત્રિકાઓ વગેરેનો સુધારાનાં આંદોલનોમાં મોટો ફાળો રહ્યો.

સુધારાવિષયક વિચારો, આંદોલનો, લખાણો દ્વારા સમાજમાં જનજાગૃતિ આવી. સુધારકયુગ દરમ્યાન થયેલાં આંદોલનોએ અર્વાચીન ગુજરાતી સાહિત્યને નવી દિશા આપી. પશ્ચિમી સાહિત્યના સંપર્કે નવા ગદ્ય અને પદ્યના પ્રકારો ખેડાયા. મધ્યકાલીન ધર્મપ્રધાન સાહિત્યમાંથી છૂટીને સર્જન વાસ્તવલક્ષી બને છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના બીજા તબક્કામાં એટલેકે પંડિતયુગમાં ગોવર્ધનરામ, મણિલાલ, નરસિંહરાવ, રમણભાઈ નીલકંઠ જેવી સર્જકપ્રતિભાઓ ઊંચી સર્જકતા અને વિદ્વત્તા દાખવે છે. પૂર્વની સંસ્કૃતિનાં શુભ તત્ત્વો તેમજ પશ્ચિમી સંસ્કૃતિનાં શુભ તત્ત્વોનો સુભગ સમન્વય કરે છે. પૂર્વ અને પશ્ચિમી

સંસ્કૃતિના સુભગ સમન્વયના પ્રતાપે જીવન તરફનું દૃષ્ટિબિંદુ બદલાયું. શિક્ષિતવર્ગ વધુ કેળવાયો અને સાહિત્ય જેવી કલાઓમાં વિશેષ રુચિ ધરાવતો થયો. સાહિત્યસર્જનમાં ભવ્યતા, ઉચ્ચતા અને ઉદાત્તતાનું નિરૂપણ થયું. સર્જનક્ષેત્રે સ્વરૂપ, ભાષા અને અભિવ્યક્તિના નવા પ્રયોગો થયા. વિવેચન, અનુવાદ, સંપાદન અને સંશોધનનાં ક્ષેત્રો ખેડાવા લાગ્યાં. પંડિતયુગના સર્જકો સંસ્કારસેવકો કહેવાયા. તેમણે પ્રજાજીવનને એક સમૃદ્ધ સાહિત્યસર્જનની ઊંચાઈ બતાવી.

ઈ.સ.1915થી 1947 સુધીનો સમયગાળો તે ગાંધીયુગ. દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવીને ગાંધીજીએ સૌપ્રથમ સમગ્ર હિંદપ્રદેશનું ભ્રમણ કર્યું. પ્રજાના જીવનનોસર્વાંગી વિકાસ કરવા પ્રયત્નો કર્યા.'વસુધૈવ કુટુંબકમ્' અને વિશ્વશાંતિની ભાવનાને સાહિત્યમાં અવતારવા સાહિત્યકારોને હાકલ કરી.

સમગ્ર ભારત વર્ષના પરિભ્રમણ દરમ્યાન ગાંધીજી આમજનતાના સંપર્કમાં આવે છે. જનસમાજની લાગણી, વિચારો અને સમસ્યાઓને પોતાની વિચારણાનો સ્પર્શ આપે છે. ગાંધીજીની જીવનલક્ષ દૃષ્ટિના સ્પર્શે ગાંધીયુગીન ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગીન ઊંચી કલાસૂઝ અને સૌંદર્યદૃષ્ટિ ધરાવતા સાહિત્યને બદલે વાસ્તવિકતાનો સંચાર થયો. જીવનનાં ઉચ્ચ મૂલ્યોની કેવળવાતો નહિ પરંતુ વાસ્તવિકતાના ધરાતલ ઉપર પીડિત, શોષિત, દલિતજનોની વેદના, યાતનાઓ તથા તેમનાં ઊનાં ઊનાં શોણિતોની વાત કરવામાં આવી.

જૂની સમાજરચનામાંથી નવસર્જન તરફ આગળ વધતી કવિમહેચ્છા પ્રગટ થાય છે. 'જઠરાગ્નિ', 'બુલબુલ અને ભિખારણ', 'પાંચાલી', 'ઉકરડો', 'ચૂસાયેલો ગોટલો' જેવા વિષયો કાવ્યવિષય બન્યા. સમાજના નીચલા થરના, ઉપેક્ષિત લોકો તરફ સાહિત્યકારોનું ધ્યાન દોર્યું. અસ્પૃશ્યતા નિવારણ, અહિંસા, સત્ય, ગ્રામોદ્ધાર જેવા વિષયોને સર્જકની કલમ સ્પર્શતાં સાહિત્યનું ફલક જીવન જેટલું વિસ્તર્યું. તુચ્છમાં તુચ્છ વિષય સાહિત્યમાં સ્થાન પામ્યો. સમાજનો છેવાડાનો મનુષ્ય સાહિત્યનો વિષય બન્યો. ગાંધીજીની વિચારધારાના સ્પર્શે સાહિત્ય ગામડાંમાં પ્રવેશ્યું અને ગામડાં સાહિત્યમાં પ્રવેશ્યાં એમ કહી શકાય. આત્મીયતાનો સંસ્પર્શ પામેલું સાહિત્ય સામાન્ય પ્રજાની લોક-બોલીમાં અભિવ્યક્તિ પામ્યું. દલિતો પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરતું સાહિત્ય નિરૂપાય છે. ગાંધીયુગમાં સ્થગિતતા અને એકવિધતાને સ્થાને વિષયોમાં વિવિધતા અને ચૈતન્યનો સંચાર થાય છે. ભાષાની સરળતા, સહજતાઅને સચોટતાને કારણે સમાજના નીચલા થરનો માનવી સમજી શકે તેવી ભાષા નિરૂપાઈ. હેમચંદ્રાચાર્ય, નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ, ગોવર્ધનરામ, મણિલાલ, રમણભાઈ નીલકંઠ જેવા સંસ્કારપુરુષોના પુરુષાર્થમાં ગાંધીજીનો જીવનલક્ષી અભિગમ ઉમેરાય છે. કવિશ્રી ઉમાશંકર જોશીના શબ્દોમાં કહીએ તો-

*દૃઢાયુ ગોવર્ધનથી બની જે...*
*તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા,*
*ગાંધીમુખે વિશ્વમાંગલ્ય ધાત્રી!*

ગાંધીયુગીન સમયગાળા દરમ્યાન કેવળ ભદ્રવર્ગ નહીં પરંતુ જ્યાં સાચું ભારત વસે છે તેના અનુસંધાનને ધ્યાનમાં લઈ વાસ્તવિકતાસભર સાહિત્યસર્જન કરવા સર્જકોને પ્રેર્યા. પરિણામે અક્ષરજ્ઞાન ધરાવતા ગ્રામીણો, શ્રમિકો, નિરક્ષર પ્રજા, દલિત, શોષિત, પીડિત અને નારી સમુદાય સાહિત્યમાં આદર પામ્યા. ગ્રામોદ્ધારની ભાવના, દેશપ્રેમ અને વિશ્વબંધુત્વના ભાવો નિરૂપાયા. મેઘાણીની 'યુગવંદના', મુનશી, રા.વિ. પાઠક, ધૂમકેતુ, મેઘાણી, ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, મડિયાની નવલિકાઓ, સુંદરમના'કોયા ભગતની કડવી વાણી' કાવ્યસંગ્રહમાં, ઉમાશંકર જોશીના 'ગંગોત્રી', 'નિશીથ' જેવા કાવ્યસંગ્રહોમાં, કૃષ્ણલાલ શ્રીધરાણીના 'કોડિયા' કાવ્યસંગ્રહ, પ્રહ્લાદ પારેખના 'બારી બહાર' કાવ્યસંગ્રહમાં, કરશનદાસ માણેકના'વૈશંપાયનની વાણી' કાવ્યસંગ્રહમાં પ્રિયકાંત મણિયારના 'આ નભ ઝૂક્યું' સમગ્ર કવિતા જેવા કાવ્યસંગ્રહમાં, ઈશ્વર પેટલીકરની, 'કલ્પવૃક્ષ', 'ભવસાગર', 'સ્નેહરશ્મિ'ની 'અંતરપટ', ગુણવંતરાય આચાર્યની'દરિયાલાલ', જોસેફ મેકવાનની 'આંગળિયાત', દલપત ચૌહાણની 'ભળભાંખળું', ચિનુ મોદીની 'કાળો અંગ્રેજ' જેવી ગાંધીયુગીન ગુજરાતી સાહિત્યની નવલકથાઓમાં ઉજળિયાત વર્ગ દ્વારા દલિતવર્ગ પરની જોહુકમી, શોષણ અને અત્યાચાર નિરૂપાયાં છે. ઉમાશંકર જોશીના 'સાપના ભારા' એકાંકી સંગ્રહમાં અસ્પૃશ્યતા અને સ્ત્રીશોષણની સમસ્યાને નિરૂપતાં એકાંકીઓ પ્રાપ્ત થાય છે. ગાંધીયુગ દરમ્યાન વિષયોનું, પાત્રસૃષ્ટિનું વૈવિધ્ય જોવા મળ્યું.

ધૂમકેતુ પૂર્વેની ટૂંકીવાર્તાના આસ્વાદ અને અભિગમ સંદર્ભે જયેશ ભોગાયતા વાર્તા વિચારણા સંદર્ભે ત્રણ અભિગમ અપનાવે છે. ઐતિહાસિક અભિગમ, સાંસ્કૃતિક વિવેચન અને કથનકળાશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિ.[*]

કોઈપણ વાર્તાકાર માટે વાર્તાલેખન માટેની પાયારૂપ સામગ્રી તે એ છે કે વાર્તાકાર પોતાના સમકાલીન વાર્તાકારોના સર્જન અને પુરોગામી વાર્તાસર્જકોની સિદ્ધિ અને મર્યાદાથી સભાન હોવો જરૂરી છે.

સુધારકયુગ દરમ્યાન દલપતરામની વાર્તાશૈલીનાં ઘડતરબળોમાં લોકકથાઓ અને બોધકથાઓનો મહત્ત્વનો ફાળો જણાય છે.

દલપતરામની 'હાસ્યમિશ્રિત અદભુત રસની વાર્તા'માં પ્રાચીન-મધ્યકાલીન લોકકથાની શૈલીની સાથે સાથે બોધકથાનાં લક્ષણો પણ જોવા મળે છે. મનુષ્ય સ્વભાવની અભિમાન અને આપવડાઈની વૃત્તિને અદભુત રસના મિશ્રણમાં ઢાળીને વ્યક્ત કરે છે. પંચતંત્ર અને લોકકથાના ઢાળમાં દલપતરામની વાર્તાકથનની શૈલી આગળ વધે છે. સાહિત્યસર્જનમાં પરંપરા સાથેનું અનુસંધાન અને પરંપરાવિચ્છેદ આ બંને અનિવાર્ય તત્ત્વો છે. જેને પ્રાચીન અને અર્વાચીનના યુગના સર્જકો અનુસર્યા છે.

દલપતરામની વાર્તા રજૂ કરવાની શૈલી પ્રવાહી છે. જેથી વાચક કથારસના પ્રવાહમાં વહેતો જાય છે. આ સમયગાળાની કેટલીક વાર્તાઓનું કથનકેન્દ્ર રહસ્યકથાનું પણ રહ્યું છે. લેખક છો. સે.ની ટૂંકી વાર્તા 'ખોવાયેલું બાળક' અંગ્રેજી વાર્તાનું રૂપાંતર હોવાની સંભાવના છે. અહીં બાળકનું ખોવાઈ જવું, બાળક સાથેનું પુનર્મિલન અને બાળકનું મૃત્યુ જેવો ઘટનાક્રમ મનુષ્યહૃદયના ભાવોને વ્યક્ત કરે છે.

પ્રાચીન મધ્યકાલીન સમયગાળાની લોકકથા, બોધકથાના સંસ્કારવાળી શૈલીમાંથી મુક્ત થઈ વીસમી સદીના આરંભે ગુજરાતી ટૂંકી વાર્તા વાસ્તવિકતાના ધરાતલ પર ઊભી રહે છે. વાર્તાની કથનરીતિ પર તત્કાલીન યુગની 'સરસ્વતીચંદ્ર' નવલકથાની કથનશૈલી અને 'ભદ્રંભદ્ર' જેવી કટાક્ષપ્રધાન કથનશૈલીનો પ્રભાવ અનુભવાય છે. વાર્તાકાર પોતાની આસપાસ જિવાતા જીવનને તત્કાલીન સમાજને નિહાળે છે. સ્વદેશભક્તિનું આલેખન તથા યંત્રસંસ્કૃતિના ખરાબ પાસાને વાર્તા સ્વરૂપે રજૂ કરે છે. અંબાલાલ સાકરલાલ દેસાઈની 'શાંતિદાસ' વાર્તામાં ગાંધી વિચારધારાની 'સ્વદેશી અપનાવો'ની વાતનો સૂર સંભળાય છે. પ્રસ્તુત વાર્તામાં પરદેશી વસ્તુઓનો બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓનો વપરાશ ઉચિત હોવાની વાત સરળ કથનશૈલી અને પાત્રોની ચરિત્રગત સુસ્પષ્ટ રેખાઓ દ્વારા દર્શાવી છે. પ્રસ્તુત વાર્તાથી વાર્તાની દિશા બદલાય છે. આર્થિક, સામાજિક, રાજકીય, કૌટુંબિક પ્રશ્નોને વાર્તાકાર તાગે છે. ઈ.સ.1900ના સમયગાળામાં ગુજરાતી ટૂંકી વાર્તા ઐતિહાસિક અને લોકકથાના પ્રદેશ તરફથી વાસ્તવિકતા તરફ આગળ વધે છે.

આ સમયગાળાની વાર્તાઓની બીજી વિશેષતા તે વાચકના જિજ્ઞાસારસને પોષવો તથા મુખર અને શાંત કટાક્ષશૈલી છે. સવાઈલાલ યુ. યાજ્ઞિકની 'મારો પહેલો કેસ' અને હરિપ્રસાદ કિરપારામ ઠાકોરની 'ગ્રામોફોનમાં વિલ' વાર્તામાં કુશળતાપૂર્વક અંતની ગોપનીયતા તથા ઉત્સુકતા જોવા મળે છે. વળી, વાર્તાનો અંત આઘાતક જ હોય એવું વાર્તાકારોનું માનવું હતું. આવી માન્યતામાંથી વાર્તાસૃષ્ટિને નવી દિશા ચીંધનાર વાર્તાકારોમાં કનૈયાલાલ મુનશી, ધનસુખલાલ મહેતા, લીલાવતી મુનશી પ્રમુખ છે. આ વાર્તાકારોએ પાત્રોનું મહત્ત્વ સિદ્ધ કર્યું. પાત્રના જીવનની કટોકટીભરી પરિસ્થિતિનું ભાવાત્મક નિરૂપણ કર્યું. નારીજીવનના પ્રશ્નોને વાચા આપી. પુરુષપ્રધાન સમાજની પકડમાંથી સ્ત્રીચેતનાને મુક્ત કરવાનો પ્રયાસ કર્યો. ઇન્દુલાલ યાજ્ઞિકના 'કુમારનાં સ્ત્રીરત્નો'ની કુલ છ વાર્તાઓમાં સ્ત્રીશક્તિનાં વિવિધ પાસાં પ્રગટ કર્યાં છે.

કનૈયાલાલ મુનશીની 'અગ્નિહોત્રી'માં પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ હેઠળ પતન તરફ આગળ વધતી ભારતીય સંસ્કૃતિની અવદશાને નિરૂપી છે. ધનસુખલાલ મહેતા, કલ્યાણરાય જોષી, રણજિતરામ મહેતા જેવા વાર્તાકારોએ ધૂમકેતુ પૂર્વેના વાર્તાસાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

રણજિતરામ મહેતાની 'ખવાસણ' વાર્તામાં ગાંધીયુગ અને ગાંધીવિચારધારાને અનુમોદન આપતી દમિત વર્ગની વેદના અને પીડાને વાચા આપવામાં આવી છે.

ધૂમકેતુ પૂર્વેની વાર્તાઓ મોટે ભાગે નગરજીવનના વાતાવરણને નિરૂપે છે. એ દ્વારા ગ્રામીણ અને શહેરી વચ્ચેના ભેદને નિરૂપે છે. આ સમયગાળાના વાર્તાકારોને પોતાનું નામ લખવાનો મોહ નથી તેથી 'બ્હેન P', 'સૌ.પ્રમિલા', 'શ્રીયુત MEHTA' જેવા ટૂંકા નામથી પોતાની વાર્તાઓ પ્રસિદ્ધ કરતા. વાર્તાલેખન જરૂરી ઘટકતત્ત્વો પ્રસંગ આયોજન, કથનકેન્દ્ર, પાત્રચિત્રણ અને વાતાવરણ કે પશ્ચાદ્ ભૂમિકાનું માવજતપૂર્વકનું નિરૂપણ જોવા મળે છે. શ્રીયુત 'MEHTA'ની 'દુઃખી ખેડૂત' વાર્તામાં શાહુકાર દ્વારા ઊંચા

ISBN-978-81-973071-3-3
First Edition

વ્યાજે પૈસા ધીરીને શ્રમિક ખેડૂતના થતા શોષણની વાત કરી છે.

ધૂમકેતુ પૂર્વેની વાર્તાઓમાં વિષયવસ્તુ કે વસ્તુસંકલનકલામાં આરંભ, મધ્ય અને અંત કાર્યકારણ સંબંધથી જોડાયેલા છે. વાર્તાઓનું કેન્દ્રબિંદુ લાગણીનું તત્ત્વ રહ્યું છે. પરિણામે વાર્તાઓ પાત્રકેન્દ્રી બની છે. વાર્તાનું વિષયવસ્તુ દુર્વૃત્તિઓનો પરાજય અને મંગલમય જીવન રહેતું.

વીસમી સદીના આરંભે સામાજિક વિષમતા, અન્યાયી સમાજરચના અને સ્ત્રીજીવનની સમસ્યાઓને લાગણીના સૂરમાં રજૂ કરી. ધૂમકેતુના આગમન બાદ વાર્તાઓનું વિષયવસ્તુ માનવકેન્દ્રી બન્યું છે. મનુષ્યજીવનની એકલતા અને નિઃસહાયતાનો સૂર સંભળાય છે.

ધૂમકેતુ પૂર્વેની ટૂંકી વાર્તાઓમાં સ્થળવિશેષ નગરજીવનનું છે. શિક્ષિત સમાજનાં પાત્રો કે જેમણે ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી છે તેવાં પાત્રો નિરૂપાયાં છે. પાત્ર અને પરિવેશની એકસમાનતા દર્શાવીને વાર્તાના પાત્રને પરિવેશનું અભિન્ન અંગ બનાવે છે. વાર્તામાં બનતી ઘટનામાં સમયની સંકલન પદ્ધતિ જોવા મળે છે. કેટલીકવાર પીઠઝબકાર કે સ્મૃતિ-વ્યાપારની પ્રયુક્તિ પ્રયોજીને વાર્તાકાર સમય સંકલન સાધે છે. આ સમયગાળાની વાર્તાઓમાં વાર્તાકાર વાચકને સંબોધન કરીને વાર્તાલેખન કરે છે. તો કેટલાક વાર્તાકારો પત્રલેખનશૈલીનો વિનિયોગ કરે છે. પાત્રો વચ્ચેનો પત્રવ્યવહાર વસ્તુસંકલન સાધવામાં ઉપકારક સાબિત થાય છે. કનૈયાલાલ મુનશીની 'સ્ત્રીનો પત્ર', 'ખાનગી કારભારી', કલ્યાણરાય જોશીની 'સ્વર્ગસ્થ પત્નીનો પત્ર' વગેરે વાર્તાઓ નોંધનીય છે.

આફ્રિકાની રંગભેદની નીતિ સામે અહિંસક સત્યાગ્રહ કરનાર ગાંધીજી 1915માં ભારત પરત ફર્યા. ભારતભ્રમણ કરીને પ્રજા તથા દેશની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું. 'સ્વરાજ એ મારો જન્મસિદ્ધ અધિકાર છે.' જેવી ઘોષણાથી ભારતીય પ્રજામાનસમાં પરિવર્તન આણ્યું.

સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અભય, અસ્તેય, અસ્વાદ, સ્વાશ્રય, અસ્પૃશ્યતા નિવારણ, સર્વધર્મ સમભાવ અને સ્વદેશી જેવાં અગિયાર વ્રતો આપનાર ગાંધીજી સમાજના છેવાડાના મનુષ્યના સુખ માટે હંમેશા ચિંતિત રહેતા. દીનજનવાત્સલ્ય, રાષ્ટ્રપ્રેમ, પરિશ્રમ, સ્વાશ્રય, સાદગી, શોષણ વિહીન સમાજ, માનવતાવાદ, ગ્રામાભિમુખતા જેવાં જીવનમૂલ્યો તરફ પ્રજાનું ધ્યાન દોર્યું.

સ્વાતંત્ર્યપ્રાપ્તિની ઝંખના, વિશ્વમાનવી થવાની અભિલાષા, દીનજનવાત્સલ્ય, શોષિત, પીડિત, દલિતની વેદના-સંવેદનાઓને સાહિત્યમાં સ્થાન મળ્યું.

રા. વિ. પાઠક, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્, ઉમાશંકર જોશી, જયંતી દલાલ, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, ડો. જયંત ખત્રી, ચુનિલાલ મડિયા જેવા સર્જકો ગાંધીયુગીન વિચારધારાને સાહિત્યમાં અવતારે છે. પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત અનુગાંધીયુગન નવીનતર ગુજરાતી કવિતાનો પ્રારંભ કરે છે.

*"ભૂખના માર્યા દુઃખના માર્યા, થાતા ગુનેગાર."*

ISBN-978-81-973071-3-3
First Edition

જેવી પ્રગતિવાદી કાવ્યપંક્તિ આપનારા કવિ પ્રહ્લાદ પારેખ અનુગાંધીયુગીન ગુજરાતી કવિતાનો પ્રારંભ કરે છે. સમાજરચના સામેનો વિરોધ, શોષણ સામે વિરોધ નોંધાવતાં કાવ્યો આ સમયના કવિઓ પાસેથી પ્રાપ્ત થાય છે.

**કનૈયાલાલ માણેકલાલ મુનશી (ઈ.સ. 1887થી 1971)**

*પંડિતયુગ અને ગાંધીયુગના સંધિકાળે મુનશીની સાહિત્યિક પ્રવૃત્તિ આરંભાય છે. પંડિતયુગના પાંડિત્યસભર અને ગંભીર જીવનલક્ષી અભિગમ અને બીજી તરફ ગાંધી વિચારધારા – આ બંને પરિસ્થિતિ વચ્ચે મુનશીએ પોતાની આગવી વિચારધારાને સર્જનમાં પ્રગટાવી.*

*સમર્થ નવલકથાકાર અને નાટ્યકાર એવા મુનશીએ મહત્ત્વાકાંક્ષી અને રૂઢિભંજક વિચારધારા ધરાવતાં પાત્રોની એક હારમાળા રચી. 1912માં 'મારી કમલા' વાર્તાના પ્રકાશનથી વાર્તાક્ષેત્રે પ્રવેશ થાય છે. મુનશીની વાર્તાઓમાં તત્કાલીન જીવન સાથેનો અનુબંધ અનુભવાય છે.*

**'એક પત્ર'**

નારીશોષણને ઉજાગર કરતી મુનશીની આ ટૂંકી વાર્તા ભારતીય સામાજિક રીતિ-રિવાજોના કારણે અને પરંપરાગત સર્જાયેલી રૂઢિગત પરિસ્થિતિઓના કારણે નારીના વ્યક્તિગત જીવનની વિટંબણાઓને રજૂ કરે છે. પુરુષપ્રધાન અને પુરુષકેન્દ્રી સમાજવ્યવસ્થામાં પોતાના જીવનને ગોઠવવા મથતી નારી કેટકેટલી જગ્યાએ અને કેવી કેવી રીતે શોષિત થતી હોય છે તે રજૂ કરવા સર્જકે પ્રવર્તમાન સામાજિક જીવનશૈલીમાં સતત શોષાતી અને પળેપળ લાગણીઓ સાથે સમાધાન કરતી અનેક નારીઓ અંતે ટૂંકા ગાળાનું જીવન જીવી મરણને જીવનની સમસ્તાઓનું સમાધાન સમજી આ દોહ્યલા જીવનથી છૂટવાનું કારણ પણ માને છે તે બખૂબી રજૂ કર્યું છે.

સામાજિક રીતિ-રિવાજો મુજબ કુમળી વયે લગ્ન થાય અને લગ્નજીવનનાં જે બે પાત્રો સહજીવનની શરૂઆત કરે એમાંનુ એક પાત્ર એટલે કે નારી, જેના માટે સહજીવન પતિ અને પતિની ઇચ્છાઓની આસપાસ કેન્દ્રિત હોય અને સામા પક્ષે પતિને મન જીવન સમર્પિત કરતી નારીના આ સમર્પણનું કોઈ મૂલ્ય જ ન હોય ત્યારે આ નારીની કચડાતી વ્યક્તિગત લાગણીઓનું સર્જકે અદ્ભુત નિરૂપણ કર્યું છે.

"મારી સોળ વર્ષની જિંદગીમાં બહુ બહુ દુઃખ પડ્યું. કોણે પાડ્યું તે પ્રભુ જાણે, પણ એક વખત તો મારે કહેવું પડશે – શરમ છોડી, ડોશાઓની મર્યાદા મૂકી કહીશ કે જો એ દુઃખને માટે કોઈ જવાબદાર હોય, જો કોઈ એ દુઃખ મટાડી શકત તો તે મારા સ્વામીનાથ – મારા દેવ – તમે હતા, પણ તમે મારો હાથ ઝાલ્યો, દુનિયાએ તમને કોમળ બિનઅનુભવી બાળા સોંપી; પણ તમે તેનો વિચાર પણ ન કર્યો – મારી આ દશા થઈ – મારા પ્રાણ જવા, મારું ખૂન થવા વખત આવ્યો."(1)

માતાપિતાની છાયા છોડીને સહજીવનની અનેક આશાઓ મનમાં લઈને આવેલી નારી સમક્ષ જ્યારે જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ અપેક્ષાથી વિપરીત હોય ત્યારે એ હતાશા અને નિરાશાઓ વચ્ચે એની નજર પતિ પાસેથી મળનારી હૂંફ અને પ્રેમ પર હોય છે, પણ એમાં પણ નિરાશા સાંપડે તો એનું મન

પોકારી ઊઠે.

"શું હિંદુ સંસારમાં સાસુ અને વરને જરા પણ ન્યાયના અંકુરો મનમાં નથી હોતા? મારું પણ શરીર હતું, કંઈ લોઢું-લાકડું નહોતું. વળી આખા દિવસની મહેનત મજૂરી પછી તમારી પતિ તરીકે શી દરકાર?"(2)

સામાજિક અને આર્થિક રીતે પતિ પર નિર્ભર રહેતું નારીજીવન કેટલાં અને કેવા પ્રકારનાં શોષણો ભોગવતું હોય છે એનું તાદૃશ્ય નિરૂપણ કરતી આ ટૂંકી વાર્તામાં સર્જકે અનેક જગ્યાએ નારીની મનોદશાને સચોટ રીતે રજૂ કરી છે.

"આખો દિવસ મજૂરી કરતાં, પળેપળ ગાળો ખાતાં, આખા ઘરના વધેલે ધાને પેટ ભરતાં, અસંતોષમાં અહોનિશ જીવન ગાળતાં, થાક્યાંપાક્યાં, બે પ્રેમલ શબ્દની લાલસાથી તમારી પાસે આવીએ તો તમારાથી એક શબ્દ પણ સ્નેહનો ન બોલાય?.... તમારા મરદના મજબૂત પગ ઓફિસમાં બેઠે બેઠે દુઃખે તેને મારા નિર્બળ હાથે દાબવા અને તમને પરસેવો થાય તો કંપતી કેડે અડધી રાતે પવન નાખવો! શું તે વખત તમારા મનમાં એમ પણ ન આવ્યું, કે આ તમારા કરતાં વધારે કોમળ બાળા કેમ આ શારીરિક દુઃખ વેઠશે? પણ ક્યાંથી આવે? હું તો ગુલામડી."(3)

શરીર અને મનથી શોષાતી નારીની મનોવ્યથાનું સચોટ નિરૂપણ એની પરાકાષ્ઠાએ પહોંચે છે જ્યારે પત્ર લખતી નારી લખે છે કે,

"વહુ તો ઘરનું એક બિલાડું. બિલાડું પણ સારું કે નિરાંતે ઊંઘે અને બે વખત નિરાંતે ખાય. તમને મરદોને અમારાં દુઃખોની શી ખબર? ...... એ દુઃખ સાથે પણ તમારી સેવા કરી, મૂંગે મોઢે.....; તે આંસુ પડે તેમાં પણ ગુનેગારી!"(4)

સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે મને-કમને લગ્નની વેદી પર ચઢતી અનેક કુમળી બાળાઓની એકસરખી વેદના-સંવેદનાઓને, તેમની સાથે થનારા અન્યાયપૂર્ણ વ્યવહારને, તેમની સાથે થતા અમાનવીય વર્તનને, જાતિગત અસમાનતાને કારણે સહન કરવા પડતા શોષણને સર્જકે ખૂબ ટૂંકમાં પણ સચોટ રીતે નિરૂપ્યું છે.

"પિયરે જવાની બંધી; સાસુનો સદાનો કોપ; તમારું હંમેશનું સ્વામીત્વ - જુલમી બેદરકાર સ્વામીત્વ; આ બધું પંદર વર્ષની છોકરીને તમે સહન કરાવ્યું? હજારો મારા જેવી કરે છે તેમ મેં પણ કર્યું."(5)

જે તે વખતના સામાજિક માળખામાં ભણેલી સ્ત્રીઓ માટે પણ પુરુષનું આધિપત્ય સ્વીકારીને દબાયેલી-ચંપાયેલી શોષિત જિંદગી જીવવા સિવાય કોઈ વિકલ્પ ન હતો તેવું પ્રતીત કરાવતા સર્જકે પત્ર લખનાર સ્ત્રી ભણેલી હોવા છતાં આવા શોષિત જીવનના વિકલ્પ તરીકે મોતને જ જુએ છે તેવું નિરૂપ્યું છે.

"ભૂલેચૂકે એક દિવસ મારી માને મોંએ મારાથી કંઈ કહેવાઈ ગયું, તેનો તમારી માને કાને ઊડતો સંદેશો આવ્યો. તેણે વાતનું વતેસર કરી તમારા કાન ભર્યા. તમે તે રાતના મને મારી એ દિવસ યાદ છે? ફાટતી છાતીએ ઉશીકા પર બહુયે આંસુ વરસાવ્યાં – મોત માગ્યું. આ રીતે અસલની બૈરી – નદીએથી આખો દિવસ પાણી લાવનારી પુષ્ટ શરીરવાળી – આખો દિવસ કૂથલી કરી દિવસ ગુજારી જડ મગજની

કહેવાતી અબળાઓ, આ બધું સહન કરતી હોય તો ભલે; પણ ભણેલીગણેલી સુકોમળ શરીર અને હૃદયની હાલની બાળાઓ આ ક્યાંથી વેઠી શકે?"(6)

નારીહૃદયની ભાવનાઓથી સજ્જ આ કૃતિમાં સર્જકે શોષિત નારીઓની લાગણીઓની ઉપેક્ષાઓ પણ સુંદર રીતે નિરૂપી છે.

"જો તમે સ્નેહ દેખાડ્યો હોત – તમને ખાવાપીવાનો મોજશોખ કરાવનારી લૂંડી તરફ મહેરબાની નહીં – જો જરા પણ દરકાર, મારા તરફ જરા પણ સહનશીલતા કે ન્યાય દર્શાવ્યાં હોત તો સંસારે તો તમને મારા શરીરના માલિક બનાવ્યા હતા, પણ હું તમને મારા અંતરના પ્રભુ બનાવત – તમારી સૃષ્ટિને ફૂલ પાથરી સુખની સીમાનો અનુભવ કરાવત. પણ મનની બધી મનમાં જ રહી. તમને પલ્લે પડીને ન મળ્યો ન્યાય, ન મેળવ્યો સ્નેહ કે ન પામી સુખ. મારું અંતર રિબાઈ રિબાઈ શરીર સુકાયું અને આખરે તમારાં શબ્દો અને કૃત્યોથી જ આજે મરું છું."(7)

નારીશોષણનિરૂપણની આ એક ઉત્તમ કૃતિ છે. સર્જકે સામાજિક શોષણનો ભોગ બનીને મરવા પડેલી એક નારી દ્વારા આવનારા ભવિષ્યની પત્ની(નારી)ને પોતે ભોગવેલી પીડા અને દુઃખોમાંથી મુક્તિ મળે એવા નિઃસ્વાર્થ ભાવે પોતાના પતિને પોતાની પીડા અને લાગણીઓથી અવગત કરાવવા લખેલા પત્ર દ્વારા શોષણનું નિરૂપણ કરાવ્યું છે. નારીહૃદયની નાનીસરખી વાત જો પતિનું કઠોર હૃદય સમજી લે તો સહજીવન એક સુખદ અનુભવ બને.

"એક દહાડો તો તમારા સ્વાર્થ સિવાય બીજી વાત કરવી હતી? એક પળ તો શુદ્ધ પ્રેમનો સ્વાદ ચખાડવો હતો? એક વાર તો જમ્યા પછી પૂછવું હતું કે, પાછળ ધાન રહ્યું છે કે પોપડા? ..... પણ એવી આશા ક્યાંથી?....."(8)

સામાજિક-આર્થિક અસમાનતાના કારણે શોષિત અનેક નારીઓના મરવાના વાંકે જિવાતા જીવનને નિરૂપતી 'એક પત્ર' વાર્તા નારીશોષણને યથોચિત રજૂ કરતી ઉત્કૃષ્ટ કૃતિ છે.

**રામનારાયણ વિશ્વનાથ પાઠક (1887થી 1955)**

*કવિતા, નિબંધ, ટૂંકી વાર્તા, વિવેચનક્ષેત્રે પ્રદાન કરનાર રા.વિ. પાઠક સાક્ષરયુગ અને ગાંધીયુગના સુભગ સમન્વયના સમયગાળાનું સંતાન છે.*

*'શેષ', 'સ્વૈરવિહારી' અને 'દ્વિરેફ' એવાં ત્રણ અલગ અલગ ઉપનામ સાથે ક્રમશઃ કવિતા, નિબંધ અને ટૂંકી વાર્તા જેવાં સ્વરૂપોમાં વિપુલ માત્રામાં પ્રદાન કર્યું છે. 'દ્વિરેફ'એ વાર્તાલેખનમાં ગાંધીવિચારધારાનો યુગપ્રભાવ ઝીલ્યો છે. ઈ.સ. 1922-23થી આરંભાયેલું વાર્તાલેખન ઈ.સ. 1941 સુધી ચાલે છે. વાર્તાસર્જન પાછળ સર્જકનો વાસ્તવિક જીવનનો અનુભવ અને જીવનનું કોઈ ને કોઈ રહસ્ય ડોકાય છે.*

*"દ્વિરેફે તેમની વાર્તાસૃષ્ટિમાં ભંગીથી બ્રાહ્મણ સુધીનાં ક્રિશ્ચિયન, પારસી આદિ વિવિધ કોમોનાં અને વિવિધ ધર્મો પાળતાં પાત્રોનો મેળો રચ્યો છે. ખેમી, મુકુંદરાય, બુદ્ધિવિજય, જક્ષણી, કંકુ, કોદર – આ ગુજરાતી વાર્તાવિશ્વમાં પૂરતાં જાણીતાં પાત્રો છે."(8)*

*'ખેમી' વાર્તામાં ખેમીનું આંતરસત્ત્વ અને દૃઢ મનોબળ સામાજિક રૂઢિ-પરંપરાને ઓળંગી જતું બતાવ્યું છે. 'સૌભાગ્યવતી' વાર્તામાં પતિની અતિશય કામુકવૃત્તિથી કંટાળી ગયેલી વાર્તાની નાયિકા મલ્લિકા મૃત્યુ પામીને 'સૌભાગ્યવતી'નું બિરુદ પામે છે. જ્યારે ગામડાગામની, અભણ દૂધ વેચનાર જીવી જેવી સ્ત્રી કાયાની માયા નહિ છોડી શકતા પતિને છોડવાની હિંમત દાખવી શકે છે. અહીં શિક્ષિત એવી મલ્લિકા આજીવન પતિની કામુકવૃત્તિને સહન કરે છે, જ્યારે જીવી જેવી અંગૂઠાછાપ સ્ત્રી સ્વતંત્ર વિચારોને અનુસરીને ખુમારીપૂર્વક એકલા જીવન જીવવાનું પસંદ કરે છે.*

**'સૌભાગ્યવતી!!'**

હર એક જીવન હૈ એક કહાની
પર યે સચ્ચાઈ, સબ ને ન જાની.'

હિન્દી ફિલ્મનું આ ગીત પ્રત્યેક જીવનની અંતરંગ વાતોને જો જાણવા-સમજવામાં આવે તો ચોક્કસ એક અનોખો વાર્તાપ્રસંગ હોય એ હકીકતને રજૂ કરે છે. 'દ્વિરેફ'ની 'સૌભાગ્યવતી!!' પણ કંઈક આવાં જ તથ્યો રજૂ કરે છે.

સભ્ય સમાજમાં વસતાં મલ્લિકાબહેન નમણી અને સુંદર કાયા ધરાવે છે. એમના પતિ પણ એક્સાઇઝ ઇન્સ્પેક્ટર જેવી પ્રતિષ્ઠિત અને સરકારી અમલદારની પદવી ધરાવે છે. સામાજિક રીતે જોતાં આ દંપતી સુખી, સંપન્ન અને ખુશ હોય, ભાગ્યશાળી હોય તેવું ભાસે છે. પરંતુ પતિ વિનોદરાયની કામુકતાનાં શિકાર મલ્લિકાબેન સતત એક માનસિક તણાવ અનુભવે છે. સર્જકે આ પરિસ્થિતિને રજૂ કરવા કહેવાતા અસભ્ય સમાજની અભણ જીવીનું પાત્ર સમાન પરિસ્થિતિઓનો સામનો કરતાં બંને પાત્રોમાં વિકલ્પોની ભિન્નતા બતાવીને મલ્લિકાબહેન જેવી સભ્ય સમાજની સ્ત્રીઓ માટે પરિસ્થિતિ વધુ શોષણયુક્ત અને વિષમ છે એનું સચોટ નિરૂપણ કર્યું છે. એક ડોક્ટર મલ્લિકા અને બીજી તેની કામવાળી બાઈ જુદા જુદા વર્ગની બે સ્ત્રીઓની એકસરખી પીડા અહીં સંનિધિકરણ પામે છે. પોતાની કામુકતાને રસિકતામાં ખપાવતા વિનોદરાય એક દુહાનો સહારો લેતાં કહે છે કે, "મારો ઊંટવાળો એક દુહો ઘણીવાર ગાય છે.

પાંચ ગાઉ પાળો વસે, દશ કોસે અસવાર
કાં ગોરીમાં ગુણ નહી, કાં નાવલિયો નાદાર!"(9)

આવા કામુક પતિને કહેવા છતાં 'આદત સે મજબૂર' એમના વર્તનમાં કંઈ જ ફરક નથી પડતો એવું સર્જકે બે જગ્યાએ આલેખ્યું છે.

"'પણ બહેન મારે તો સંસારવહેવાર જ નથી જોઈતો. હું ધરાઈ રહી છું. હું ઘરડી થઈ ને એ તો એવો ને એવો જુવાન રહ્યો. હું વીસ વરસની આવીને હતો એવો ને એવો છે. મૂઈ હું મરીયે ન ગઈ, નહિ તો એ એની મેળે જુવાન બૈરી લાવત ને એના બધા કોડ પૂરા થાત. પણ બહેન, હવે આ ઘરડા શરીરે, એક જરા એડે છે એય નથી ખમાતું! ... આ તો એવો ને એવો જ રહ્યો.'

"હું તો બાઈના સામું જ જોઈ રહી. થોડી વારે કહ્યું, 'જો જીવી! આવી વાત હોય તો ધણીને

ISBN-978-81-973071-3-3
First Edition

સમજાવવી જોઈએ એમાં શરમાવું શું? ચોખ્ખેચોખ્ખું કહી દેવું જોઈએ કે આનું આમ છે.'

"'બહે..ન, મેં નહિ કહ્યું હોય? કેટલી વાર કહ્યું. ઘરમાં કહ્યું. ખેતરે કહ્યું. એકવાર તો સાનમાં કહ્યું.....ને બહેન, સાચું માનશો? હું ના કહું એમ એમ એને વાતનો કસ વધતો જાય. મારી ના સમજે નહિ ને! જાણે પચીસ વરસનો જુવાન! કેટલાં વરસ તો મેં ખમી લીધું. કોકકોક વાર તો એટલી ચીતરી ચડે એ વાત શી, પણ શું કરું! બૈરીનો ઓશિયાળો અવતાર!'"(10)

અને બીજી વખત વિનોદરાયના કેસમાં, ડોક્ટર દ્વારા "હું વિનોદરાયને વાત કરીશ જ." "પછી એમણે વાત તો કરી પણ મલ્લિકાને મેં વધારે સુખી કોઈ દિવસ જોઈ નહીં.... મને કહે: 'હવે ઝાઝું નહિ જીવી શકું..... અને વરસેકમાં તેણે પોતાના જીવનનો અંત આણ્યો.'"(11)

સર્જકે કામુક પતિ દ્વારા નિઃસહાય પત્નીનું શોષણ નિરૂપ્યું અને સાથે નિરૂપી નિરાધારતા. અમે કે કોઈ એને કશી જ મદદ ન કરી શકીએ!(12)

કંઈકેટલીયે વિવશ પત્નીઓ પતિઓ દ્વારા આવા શોષણનો શિકાર બનતી હશે. સર્જકે વાર્તામાં બે પાત્રો દ્વારા બે ભિન્ન વિકલ્પો રજૂ કર્યા છે. કાં તો જીવીની જેમ અલગ થઈ પોતાના જીવનનિર્વાહનો રસ્તો શોધી લેવો અથવા મલ્લિકાની જેમ મૃત્યુને પરિસ્થિતિમાંથી છૂટવાનો માર્ગ બનાવવો. કેટકેટલી સ્ત્રીઓ અણગમતા કામનો ભોગ બનીને મૂગી મૂગી પુરુષજાતના પશુકર્મને વેઠતી હશે. એક ડોક્ટર પત્નીના મુખે પ્રથમ પુરુષ કથનરીતિથી વાર્તા આલેખાઈ છે.

**'ધૂમકેતુ' – ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી (12-12-1892થી 11-3-1965)**

*સૌરાષ્ટ્રના વીરપુરમાં જન્મેલા ધૂમકેતુ પાસેથી 1926થી 1936 દરમ્યાન 'તણખામંડળ'ના ચાર ભાગ, 'અવશેષ', 'ત્રિભેટો', 'વનકુંજ', 'વનેરેણુ', 'મંગલદીપ', 'વસંતકુંજ', 'છેલ્લો ઝબકારો' જેવા કુલ 24 વાર્તાસંગ્રહો મળે છે.*

*સૌરાષ્ટ્રાના ગ્રામવિસ્તારોમાં ઊછરતા ધૂમકેતુ સમાજના સામાન્ય અને પછાત ગણાતા સ્તરની વ્યક્તિઓના સંપર્કમાં આવે છે. ધૂમકેતુની વાર્તાઓમાં ગાંધીજીના દીનજનવાત્સલ્યની ભાવનાનાં ચિત્રો જોવા મળે છએ. વિષયવસ્તુ, પાત્રો અને પરિસ્થિતિનું આગવું વિશ્વ ધૂમકેતુની વાર્તાસૃષ્ટિમાં જોવા મળે છે.*

*ધૂમકેતુની વાર્તાઓમાં પીડિતવર્ગ તરફની સહાનુભૂતિનું વલણ ગુજરાતી ટૂંકી વાર્તાક્ષેત્રે પ્રથમવાર પ્રગટ્યું. ગુજરાતી ટૂંકી વાર્તાના વિકાસ માટેનો એક રાજમાર્ગ આંકી આપવાનું કાર્ય ધૂમકેતુએ કર્યું છે એમ નિઃસંકોચપણે કહી શકાય.*

*'સ્ત્રીહૃદય', 'આંસુની મૂર્તિ', 'બિંદુ', 'નારીનો પરાજય', 'એની સમજણ', 'ગોપાલ' જેવી વાર્તાઓ નારીની નિસર્ગદત્ત નબળાઈઓ ક્યારેક તેને શોષાવા પર મજબૂર કરતી હોય છે. સમાજના જુદા જુદા સ્તરે નારીની સંવેદનાઓનું હનન થતું ધૂમકેતુની વાર્તાઓમાં જોવા મળે છે.*

**'નારીનો પરાજય'**

1. નારીવાદી આંદોલનના દરેક તબક્કે નીચેની વાતો કહેવાતી રહી છે.

- સ્ત્રીનું સંવેદના જગત પુરુષ કરતાં અલગ હોય છે.

- સ્ત્રી Instictથી કામ લે છે, પુરુષ logicથી.

- સ્ત્રીનું અનુભવવિશ્વ પુરુષ કરતાં જુદું જ હોવાનું એટલે અમુક વિષયને માત્ર સ્ત્રી જ ન્યાય આપી શકે.[13]

ધૂમકેતુના સર્જન 'નારીનો પરાજય' ટૂંકી વાર્તામાં સ્ત્રીની સંવેદનાઓની જ વાત છે. ધૂમકેતુ એટલે ભાવજગતનો બેતાજ બાદશાહ. જસતાની કેશીનું પાત્રવર્ણનઃ

"કેટલી રમતિયાળ, કેવી હસમુખી, સ્વતંત્ર અને મુક્ત પંખી જેવી એ છોકરી હતી! અને તે આંહીં – જ્યાં બધે બંધિયાર પાણી હતાં ત્યાં!

એનો દોષમાં દોષ હોય તો એક જ. એનો ચહેરો ને દેહ બંને જાણે આખો દિવસ હસતાં જ હોય! જ્યારે જુઓ ત્યારે એની પાસેના વાતાવરણમાંથી પણ રમૂજ, ટીખળ, વિનોદ, આનંદ, મસ્તી, રમતગમત નીકળતાં જ હોય!"[14]

આવી સુંદર, હસમુખ છોકરીને આપણા બંધિયાર સામાજીક વાતાવરણમાં તકલીફો પડવી સાહજિક હતી. 'મુક્ત પંખી જેવી છોકરી'નું લગ્નજીવન જોખમમાં મુકાય તે સ્વાભાવિક હતું અને એ થવું પણ ખરું. બીજીવારના લગ્નજીવનમાં પણ ફારગતી લેવા-દેવા સુધી વાત પહોંચી ગઈ એમાં પણ એનો સ્વતંત્ર મિજાજ જ કારણરૂપ હતો.

સર્જકે બખૂબી રજૂ કર્યું છે કે કેશી હાર માને એવી ન હતી અને મન મારીને જીવે એવી ન હતી અને શોષણ તો બિલકુલ સહન કરે એવી ન હતી. ત્યારે જ તો બે-બે વખત પરણાવી ત્યાંથી પરત આવી ગઈ હતી. ફારગતી માટે તૈયાર હતી અને ગમે તે બાંધ-છોડ કરવા તૈયાર હતી પણ આગળ કહ્યું તેમ -

- સ્ત્રીનું સંવેદના જગત અલગ હોય છે.

- સ્ત્રી Instictથી કામ લે છે.

ત્યારે જ તો કેશીએ એના છોકરા માટે જીદ પકડી હતી.. અને ત્યારે જ તો..

"'બાપા!' કેશી બોલી. એનો અવાજ ધ્રૂજતો લાગ્યોઃ 'હું આને છોડવાની નથી હોં... જેને જી કરવું હોય ઈ ભલે કરી લો!' કેશી એ ઘોડિયાની પાસે આડે ઊભા રહેતાં મને કહ્યું. એની આંખમાં એ શબ્દો બોલતાં ગજબની દૃઢતા વસી ગયેલી મેં જોઈ."[15]

નારીની સંવેદનાઓને, નારીના Instictને સમજાવતાં પહેલાં સર્જકે પરિસ્થિતિની વિકટતાનું નિરૂપણ કર્યું છે.

"...કેશીનો વર પણ ત્યાં હતો. માથે સાફો બાંધીને ખાટલા ઉપર બેઠો હતો. એનો પીળો, સુક્કો, લાંબો, શૂન્ય ચહેરો હું જોઈ રહ્યો. જેની સાથે અમસ્તું બેસતાં પણ થાક ચડી જાય એવો એ ચહેરો હતો, તેની સાથે આ હસમુખી છોકરીએ આટલા દિવસો શી રીતે ગાળ્યા હશે એ જ મારા મનનો એક મોટો કોયડો થઈ પડ્યો...."[16]

ISBN-978-81-973071-3-3
First Edition

પણ જ્યારે 'છોકરો તો એના બાપનો જ હોય' વાળી વાત સાંભળી ત્યારે "…..તે અંત્યત દૃઢતાથી ધ્રૂજતા અવાજે બોલીઃ 'તમારે ભાયડાઓને જે કરવું હોય ઈ કરજો, પણ આ છોકરાને મારી છાતીએથી છોડાવનારો મારૂં મડદું દેખશે. આને હું છોડવાની નથી. તે નથી જ છોડવાની!'

'પણ તો તારે ધણી સાથે રહેવું પડશે. કાં છોકરો દેવો પડશે, નહિતર પેલા સાથે જવું પડશે!' મેં આંગળીની નિશાની કરીને બહાર બેઠેલો એના વરને બતાવતાં કહ્યું, 'પેલા સાથે? છો તૈયાર?'"[17]

કંઈકેટલી ઇચ્છા આકાંક્ષાઓને છોડીને, કંઈકેટલાય કટુ અનુભવોને ધરબીને, ફારગતી બાદ ઊભી થનાર સાનુકૂળ પરિસ્થિતિઓને ભૂલીને કેશીની મમતાએ એને મજબૂર કરી હશે વળી પાછી એ જ ધણી પાસે જવા કે જેથી એની પાસેથી એનો છોકરો કોઈ ન છીનવી લે!

કુદરતે દરેક માતામાં આ મમત્વ મૂક્યું છે, જે પોતાના બાળકની પરવા કરવા એને મજબૂર કરી દે. જ્યાં એ 'સ્વ'ને પણ ભૂલી જવા તૈયાર હોય, પ્રત્યેક પરિસ્થિતિમાં એનું બાળક એના માટે 'સ્વ'થી પણ પર હોય છે. પ્રથમ હોય છે.

તેથી જ તો એક નારી પરાજય સ્વીકારવા તૈયાર થઈ ગઈ. નારીનો પરાજય જરૂર થયો છે પણ 'મા'નો વિજય થયો છે. એક મા, એક નારી પર હાવી થઈ ગઈ અને તેથી જ તો કેશી ફરી એ જ પતિની સાથે સંસાર માંડવા તૈયાર થઈ ગઈ જેને એ છોડીને આવી હતી અને વાત કોરટ કચેરીએ પહોંચી ગઈ અને પછી ઘરમેળે ફારગતી આપવા-લેવા સુધી પહોંચી ગઈ હતી.

વાત તો લખાણ કરીને ફારગતી આપવાની હતી પણ કેશી કોઈ પણ સંજોગોમાં છોકરાને સોંપવા તૈયાર ન હતી અને એટલે જ…

"…ત્યાં તો કેશી પણ મારી પાછળ આવી રહી હતી. એણે છોકરોને છાતીસરસો એવી રીતે ચાંપી રાખ્યો હતો કે જાણે એને કોઈ ઉપાડી જવાના હોય! પછી એના પેલા સાફાવાળા ધણીની પાસે જઈને ઊભી રહી ગઈ.

"એ ત્યાં ઊભી રહી ગઈ અને એટલામાં આછકલી લાજમાંથી આવતું વેણ સાંભળતાં અમે સૌ સ્તબ્ધ થઈ ગયા. લખાણ લખાણને ઠેકાણે રહી ગયું. કેશી એના ધણીને કહી રહી હતીઃ 'ધૂડની ઘોડે બેઠા છો શું? મોઢા આગળ થાવ! હાલો, હું તમારી વાંહોવાંહ હાલી આવું છું!'"

સર્જકે શીર્ષક આપ્યું છે 'નારીનો પરાજય' તદ્દન યોગ્ય છે. પરંતુ આ વાર્તાનું શીર્ષક 'માનો વિજય' હોય તો પણ એટલું જ યથાર્થ કહેવાત. એક 'મા'ની મમતાનો નારીના અરમાનો ઉપર વિજયી નીવડે છે અને પોતાનો છોકરો આપવો પડશે જે કેશીને મંજૂર ન હતું અને એથી જ એણે પરાજય સ્વીકારી લીધો અને પતિ સાથે ફરી પાછા વળવાનું નક્કી કર્યું.

એક નારી પુત્રી, પત્ની અને માનું જીવન જીવતી હોય છે. પરંતુ એક મા કેવળ 'મા' હોય છે અને એ આજીવન એનાં બાળકોને સમર્પિત હોય છે. એ સમર્પણ નિઃસ્વાર્થ હોય છે અને 'સ્વ'થી પર હોય છે, સંપૂર્ણ હોય છે એ પ્રસ્થાપિત કરવામાં લેખક સફળ થયા છે અને એ માટે માનસિક શોષણને પણ સહન

કરવા તૈયાર છે.

**સુંદરમ્ (1908થી 1991)**

*સુંદરમનું મૂળ નામ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર. તેમનઓ જન્મ ઈ.સ.1908માં ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મિયામાતર ગામમાં થયો હતો. કવિતા, ટૂંકી વાર્તા, નાટકો, વિવેચન, પ્રવાસકથા, ચરિત્ર જેવાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને ખેડ્યાં. સુંદરમના ઘડતરનો સમયગાળો સ્વાતંત્ર્યપ્રાપ્તિ તથા રાષ્ટ્રીય પુનરુત્થાનનો કાળ હતો.*

*દેશની ગુલામી, ગરીબી, અજ્ઞાનતા, વર્ગભેદ, શોષણ અને અસમાનતા સામેનો આક્રોશ-સુંદરમના કવન વિષયો રહ્યા છે. 'ખોલકી અને નાગરિકા', 'પિયાસી', 'હીરાકણી અને બીજી વાતો', 'ઉન્નયન' જેવા નવલિકાસંગ્રહો આપ્યા છે. સુંદરમે પ્રત્યક્ષ સ્વાતંત્ર્યસંગ્રામમાં ઝુકાવીને જેલવાસ સ્વીકારેલો. જ્યાં સમાજવાદ અને સામ્યવાદની વિચારધારાનો અભ્યાસ કર્યો. દલિતોના શોષણ, પીડિતોની વેદનાને વિષય બનાવીને પીડિતજન વાત્સલ્ય પ્રગટ કર્યું.*

*સુંદરમની 'લૂંટારા' વાર્તા 'હીરાકણી અને બીજી વાતો' સંગ્રહની પ્રથમ વાર્તા છે. જેમાં કાળી મજૂરી કરતા ખેડૂતોની દીનહીન દશાનું નિરૂપણ કરી ખેડૂતવર્ગ અને મજૂરવર્ગને ચૂસીને ધનના ભંડાર ભરતા દામોદર શેઠ સમાજના લૂંટારાવર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. નીચલા વર્ગની મજબૂરીનો લાભ લઈ તેમનું શોષણ કરતા વર્ગના દામોદર શેઠ પ્રતિનિધિ છે.*

*"ગ્રામપ્રજાને નિચોવી લેતા આ દામોદર શેઠની કેટલીક રેખાઓ પન્નાલાલની વાર્તાઓમાં આવતા રમણ શેઠ ('શેઠની શારદા') કે મલકચંદ શેઠ (કંકુ)નાં પાત્રોની યાદ આપી જાય છે.[18]*

**'લીલી વાડી'**

સમાજમાં પ્રવર્તતી વિષમતા અને એમાં અટવાતાં જીવન દર્શાવતી આ ટૂંકી વાર્તામાં સામાજિક વિષમતા અને એમાં અટવાઈને જેમતેમ જીવન ટૂંકાવતા લોકો જીવનની કરુણતા વ્યક્ત કરવાનો સર્જકે એક સફળ પ્રયાસ કર્યો છે. ગરીબીમાં જન્મેલા અને બીજું કંઈ પણ કરવામાં અસમર્થ આ લોકો આજીવિકા માટે ભીમને એક ધંધાના સ્વરૂપમાં સ્વીકારી લે છે અને એ ધંધામાં જબરાઈથી માની લીધેલા 'અમીર' ગ્રાહકો અથવા તો એમનાથી ઉપરની કોટીનું જીવન જીવતા લોકોને ભીખના ધંધા માટે હસ્તગત કરેલા કસબથી દાન કરવા મજબૂર કરીને આજીવિકા કમાઈને જીવન ટૂંકું કરે છે. અસ્તિત્વ ટકાવી રાખવાની જિજીવિષાથી વધુ એમની કોઈ લાલસા નથી હોતી અને આજ અબ-ઘડીની જરૂરિયાત સંતોષવાથી વધુ એમની દૃષ્ટિ પણ નથી હોતી.

ઠીક ઠીક પૈસા ધરાવતો સુવર્ણકાન્ત અને રેવલી ભિખારણ આ બે મુખ્ય પાત્રોથી કથાવસ્તુ રજૂ કરતા સર્જક એક તરફ રેવલીની ભીખ માંગીને ગુજરાન ચલાવવાની મજબૂરીને રજૂ કરતાં લખે છે - "રેવલી લુચ્ચી છે અને ઢોંગી છે, એવું મિત્રો કહેતાં ત્યારે એ એમના સામે માત્ર હસ્યા કરતો. એનું હાસ્ય જ જાણે કહેતું, 'અને તમે બધા પ્રામાણિક અને સત્યવાદી! હી...હી...હી!' અરે, આ કેટલી લુચ્ચી, કેટલી ગંદી, દુષ્ટ, છિનાળ અને તું

એને ચડાવે છે અને એનું શબ્દહીન હાસ્ય પાછું કેહેતું, 'હી...હી...હી...હી. તમે ચોખ્ખા રહીને, રૂપાળા દેખાઈને, પવિત્ર છો એમ જણાવીને આજીવિકા મેળવી શકો છો એટલે તમે સારાં? અને આજીવિકા મેળવવાનો આ જ રસ્તો છે. બાકી તમારા બંનેનું સાધ્ય તો એક જ છે. તમારા સંજોગો તમને જુદાં સાધનો વાપરવાની તક આપે છે તેથી તમે સારાં?'

અને આજીવિકા મેળવવાને કેટલાંક માણસોને આવી બદસૂરતી, લુચ્ચાઈ અને ગંદકીને હથિયાર તરીકે વાપરવાં પડે એ તે સમાજની કેવી દશા..."(19)

સામાજિક વિષમતાના કારણે વિકાસની, ઉન્નતિની, પ્રગતિની સમાન તકો ઉપલબ્ધ થતી નથી પરિણામે આર્થિક પાયમાલીમાં ઊછરતાં લોકો પાસે જીવનનિર્વાહ માટેના મર્યાદિત વિકલ્પો રહી જાય છે અને ફરી એક જીવન આર્થિક પાયમાલી ભોગવતાં ભોગવતાં અસ્તિત્વ ટકાવી રાખવાનાં ફાંફાં મારતાં મારતાં આ વિષચક્રનો શિકાર બને છે અને એક શોષિત, પીડિતની જિંદગી જીવવા મજબૂર બને છે. સામાજિક વિષમતાને વણી લઈને શોષણનું નિરૂપણ કરતી આ વાર્તા ગરીબ વર્ગની વેદનાઓને વાચા આપતું સર્જન છે.

અંતમાં પણ સર્જકે પૂરતી તબીબી કાળજી લેવાયા વગર કુમળી વયે વિદાય લેતા બાળજીવનને પ્રસ્તુત કરી અકાળે થતાં આવાં કેટલાંયે બાળમૃત્યુ આવી જ સામાજિક વિષમતાઓના ભોગ બને છે એ પણ સુંદર રીતે નિરૂપ્યું છે.

આ ટૂંકી વાર્તા આપણી સાંપ્રત સામાજિક વ્યવસ્થા અથવા અર્થવ્યવસ્થાના પેઢી દર પેઢી ભોગ બનતા ગરીબ પરિવારના પેઢી-દર-પેઢીનાં શોષણનું નિરૂપણ છે અને આનો કાયમી ઇલાજ શોધવા માટેનું એક દિશાસૂચન પણ છે.

**'ગોપી'**

ગામડાગામની અને લગ્નપ્રસંગમાં થતા ગાવા-વગાડવાના કાર્યક્રમોની પૃષ્ઠભૂમિવાળી આ ટૂંકી વાર્તામાં સર્જકે નાચવા-ગાવામાં પ્રવીણ થઈ ગયેલા મોતી રાવળના છોકરા ગોપાળ ઉર્ફે ગોપીની આ પ્રાવીણ્યનો લાભ તેના બાપ દ્વારા લેવા દરમ્યાન ગોપીની ક્ષમતાનો પણ વિચાર કર્યા વગર એનું શારીરિક-માનસિક શોષણ કરવામાં આવે છે તેનું તાદૃશ્ય નિરૂપણ કર્યું છે.

"મોતી રાવળે છોકરાને મોતીના છોડ જેમ ઉછેર્યો. રાવળિયાનું છોકરું નાનપણથી જ નાચતાં અને ગાતાં શીખી ગયું. જેમ જેમ એ મોટો થતો ગયો તેમ તેમ મોતી રાવળે એને ભવાઈઓ તથા બંને ત્યારે શહેરનાં નાટકો બતાવી નાચગાયનના સંસ્કાર સીંચવા માંડ્યા. કોઈ પણ ચીજ ગોપાળને ગળે સહેલાઈથી ચડી જતી. શહેરમાં નાટક જોઈ આવનારો ગામડાંનો વર્ગ આ છોકરાને મોઢે આટલી સરસ રીતે છેલ્લામાં છેલ્લાં ગાયનો સાંભળીને ખુશ થઈ જતો. આમ ગોપીની પ્રતિષ્ઠા જામી. ભવૈયાઓના ટોળાએ પણ એક વાર ગોપાળને પોતાની સાથે લઈ જવા માગણી કરેલી પણ મોતી રાવળ પોતાના છોડને એમ શેનો વેડાવા દે? તેણે તો પોતાના છોકરાને સારો એવો કેળવ્યો અને બે-ત્રણ લગ્ન વગાડવામાત્રથી જ મોતી રાવળને

બાર મહિનાના રોટલા મળી જવા લાગ્યા."[20]

"કુશળ મોતી રાવળ લીલી વેલ જેવા લાગતા બધા આસામીઓની આ દિવસોમાં ઓળખાણ કરી લેતો. એમને રીઝવવા ખાતર એ થાકેલા ગોપીને પણ નચાવતા વિચાર ન કરતો અને તૂટતે અંગે ગોપી મને કમને નાચ્યે જતો."[21]

આમ, પ્રત્યેક પ્રસંગમાંથી વધુ ને વધુ પૈસા મેળવવાની લાલચ મોતી રાવળને પોતાના દીકરા ગોપીને વધુ ને વધુ નચાવતાં રોકતી નથી. આ વાતની પ્રતીતિ લેખકે આ રીતે કરાવી છે.

"મોતી રાવળ એકેએક વિગત ઉપર ધ્યાન આપતો હતો અને છોકરાને શણગાર સજાવતાં પ્રગટ અપ્રગટ તે બોલતો હતોઃ 'આજે તો દીકરા, કશી કમી ન રાખતો, રમઝટ બોલાવજે. ખોડિયાર મા જેવી મા માથે બેઠી છે, હાજરાહજૂર છે મારી માડી."

ગોપી મૂંગોમૂંગો સાંભળતો હતો. એની આંજેલી આંખમાં રતાશ હતી. ગાલ વગર રંગ્યે પણ તડકાથી તપીને રાતા થયા હતા. છોકરો જાણે થાકીને લોથ થઈ ગયો હતો.

"'બે ઘડી જાળવી લેજે બેટા! જગદંબા, મારી મા. તારો છોકરો છે મા! ગરીબનું રતન છે!' છોકરાની ઢીલાશ કળી ગયેલો મોતી ખોડિયારને આરાધતો હતો. બાપની ચિંતા જોઈ મૂંઝાતો ગોપી બોલ્યોઃ 'કંઈ નથી બાપા, મૂંઝાઓ છો શાના? બરાબર ચાલશે.'"[22]

આમ, ભાવુક બાળકનું એના પિતાની પૈસા લાલસામાં પ્રત્યેક પ્રસંગે શોષણ થાય છે એનું નિરૂપણ કરવામાં સર્જકે સફળતા મેળવી છે. વાચકને એ પ્રત્યે જાગૃત કરવા સર્જકે લખ્યું કે, "....આખી બેઠક તરફ નજર નાંખી; જાણે આ રૂપિયાની વાડી ન ઊગી હોય, અને હમણાં દીકરો એને વેડી આવશે અને મારો ખોબો ભરી દેશે! મોતી રાવળની આંખો ધોળે દહાડે સ્વપ્ન દેખવા લાગી... રૂપિયાના ભારથી જાણે તેનું ગજવું ભારે થવા લાગ્યું."[23]

અને જ્યારે ગોપીનું અત્યંત થાકેલું શરીર આ ભાર ન ઊંચકી શક્યું અને 'નાચવાના કૂંડાળાની વચ્ચે ગોપી ઢગલો થઈને પડ્યો હતો અને જાંબલી ઓઢણી એના મૂર્છિત શરીરમાંથી ઊઠતા શ્વાસોચ્છ્વાસની સાથે સાથે ઊંચીનીચી થઈ રહી હતી."[24]

**'ખોલકી'**

ઉત્તમ સર્જકની કેટલીક ખાસિયતો હોય છે, જે વાત કહેવાની હોય એ ઘટતી ઘટનાઓ સાથે સાથે વાચકને અભિપ્રેત થતી રહે અને વાર્તા ક્રમબદ્ધ અને લયબદ્ધ રીતે આગળ વધતી રહે સુન્દરમ્ પણ એક ઉત્તમ સર્જક છે અને એમની 'ખોલકી' વાર્તામાં બાળવિધવા થયેલી ચંદનબાની સ્વગતોક્તિમાં કહેવાયેલી કેટલીયે વાતો ચંદનબાને સામાજિક, માનસિક અને શારીરિક શોષણનો શિકાર થયેલી નિરૂપવા માટે અને વાચકને એ પ્રતીત થાય એવી છે જેમ કે,

"તે રાતે અમારા ફરી વાર વિવાહ થયા ત્યારે ઘૂમટામાં ને ઘૂમટામાં મારાથી એમને ધારીને જોવાયેલા ન હતા."[25]

એ વાત વાચકને એ સમજવા માટે પૂરતી છે કે બંનેના બીજા વિવાહ થયા છે અને નવવધૂએ વરને જોયા પણ નથી, એ એટલી હદ સુધી કે વિવાહ થયા હોવા છતાં પતિને જોયા નથી અને બધા 'ભાયડાઓમાં' એને શોધવાનો પ્રયત્ન કરે છે.

બંનેની ઉંમરમાં પણ ખૂબ તફાવત છે અને પોતાનાથી ઘણી મોટી ઉંમરવાળા પુરુષ અને ચંદનબાના વિવાહ થયા છે એ બતાવવા લેખકે 'ભાભી' દ્વારા બોલાતો નીચેનો સંવાદ મૂક્યો છે,

"'પેલો ગળાનો હૈડિયો મોટો ખારેક જેવો દેખાય શેને તે. હાં, જુઓ. આ હમણાં ગડફો કાઢ્યો તે.' મેં જોયું એમણે ખોં ખોં કરીને મોટો ગડફો કાઢ્યો અને પગ વતી તેના પર ધૂળ વાળી."(26)

સર્જક આધેડ ઉંમરને દર્શાવવા માટે હજુ પણ અટક્યા નથી.

"પીતળના પવાલામાંથી બધાને નરભે પાણી આપ્યું. એ નવા જમાઈ કહેવાય એટલે એમને પહેલું પાણી ધર્યું. એમણે ઊંચે પવાલે પીધું ત્યારે એમના ગળનો હૈડિયો ઊંદરડી પેઠે ઊંચો નીચો થતો હતો. પાણી પીને એમણે લાંબી સુપડી જેવી મૂછો બેય ભીના હાથ વતી જરા જરા પલાળીને આમળી અને પછી ખોં ખોં કરવા લાગ્યા."(27)

નવોઢાના દિલમાં કેટકેટલા અરમાનો હોય છે. પતિ અને તેની પ્રત્યેક હરકતો પ્રતિ એનું સતત ધ્યાન હોય છે એ બતાવવા લેખકે પતિની ઝીણામાં ઝીણી વર્તણૂકની એ જે રીતે નોંધ લે છે તેનું સચોટ નિરૂપણ સર્જકે કર્યું છે.

"વાળંદે એમને હુક્કો આપ્યો તે એમણે લીધો અને એક ઘૂંટડો પીને મોઢામાંથી ધુમાડો કાઢતા બોલ્યા કે, 'અરે નરભા રાત, આજે તો તમારો હાથ જોવો છે જરા. બપોરે બેસીશું આપણે અને પછી નવરો હાથ એમણે ઊગી ગયેલી દાઢી પર ફેરવ્યા કીધો અને આંગળી વતી બાલ ખેંચવા લાગ્યા. હુક્કો પીને એ ઊઠ્યા. કોટ ઉતાર્યો અને ધોતિયાનો કછોટો માર્યો હતો તે એક છેડો કાઢ્યો અને જોડા પહેર્યા."(28)

"એ ગયા પછી ખાટલા ઉપર એમનું ફાળિયું પડ્યું હતું."(29)

"એમનો ફેંટો અને કોટ ખાટલા પર પડ્યા હતા. હું મારે બારીએ બેઠી બેઠી જોયા કરતી'તી. પેશાબ કરી એ આવ્યા અને કોટ પહેરતાં પહેરતાં એમણે બારી ભણી જોયું અને મેં ય જોયું. અને મને કંઈ કંઈ થઈ ગયું. પછી એમણે પાછો બધો ફેંટો છોડી નાંખ્યો અને સફાઈથી ધીરે ધીરે બાંધવા માંડ્યો અને ડોકું તિરકસ રાખી મારા તરફ જોતા જાય અને ફેંટો બાંધતા જાય. મને થયું કે લાવ નાસી જાઉં પણ કોઈ એટલામાં નહોતું એટલે હું બેસી રહી અને ભાળ્યા કીધું."(30)

સર્જકે આ કજોડા માટે જવાબદાર પરિસ્થિતિઓનું નિરૂપણ કર્યું છે. જેમ કે, જે વિધુર સાથે બાળવિધવા ચંદનબાના વિવાહ થયા હતા એ સુખી ઘરના હતા એ બતાવવા.

"અને ચાંદીની સાંકળીવાળાં ખમીસનાં બટન જરા ઢંકાઈ ગયાં હતાં તે દેખાય એમ કર્યાં... અને પીતળની ખોળીવાળી લાકડી જમણા હાથમાં ઝીલી ડાબા હાથે રૂમાલ ગજવામાં ઘાલ્યો અને ખોંખારો ખાઈ મારા ભણી જોવા ગયા ત્યાં એમને ઠાંસો ચડ્યો. ઘડીવાર ઊભા ઊભા એમણે ઠાંસ્યા કર્યું. પછી એકસામટા

ISBN-978-81-973071-3-3
First Edition

બેચારવાર થૂંક્યા અને તેના પર જોડા વતી ધૂળ વાળી. એમની આંખમાં થોડું થોડું પાણી આવ્યું હતું પણ એમણે તો જોયા જ કર્યું અને પછી ચાલ્યા. એ દેખાતા બંધ થયા એટલે હું ઝબકી અને બારી વાસી દઈ નીચે જવા મંડી."(31)

આમ બધુંય ગણીએ તો એક આધેડ ઉંમરના વ્યક્તિ સાથે બાળવિધવા થયેલાં ચંદનબાના વિવાહ થયા હતા, જે પૈસેટકે તો સુખી હતા પણ શરીર વારેઘડીયે ખાંસતું હતું અને ચાલવા માટે પીતળની લાકડી પણ રાખવી પડતી.

સર્જકે ત્યાર પછીના સંવાદોમાં શોષણનું સાંગોપાંગ નિરૂપણ કર્યું છે.

"ભાભીએ મને પૂછ્યું, 'ચ્યમ ચંદન બા, ઓળખ્યાને તમે?' મેં કીધું, 'ઓળખ્યા, બૂન'. હું આડુંઅવળું જોવા જતી હતી ત્યાં ભાભીએ પૂછ્યું, 'ઓળખ્યા તો બરાબર ને? પહેલા મુરતિયા કરતાં સારા છે ને?' મેં કહ્યું, 'એમાં આપણે વળી શું સારાનરસા? જે મળ્યું તે ખરું!' ભાભીએ કીધું, 'તે પછી ના ગમ્યા તો?' ત્યારે મારાથી હસી દેવાયું અને હું બોલીઃ 'નહિ ગમે તો તું બદલાવી આપીશ?' ત્યારે ભાભીય હસી પડી અને બોલીઃ 'સારા ઘરનો મનીષ છે. એની પહેલી બાયડી ત્રણ છોકરાંની મા થઈને મરી ગઈ અને બીજી તમારી જેવી બાળરાંડ મળી.'"

આમ, બાળવિધવા થયેલી ચંદનબા જેવી સ્ત્રીઓનું કુરિવાજોમાં સામાજિક અને માનસિક શોષણ થયા કરે છે. ગ્રામ્ય જીવનમાં નારીનું સ્થાન જે રીતે ઊતરતું હોય છે એ આર્થિક રીતે પગભર થવા નથી દેતું, પરિણામે એ કાં તો પિતા અને ત્યાર બાદ પિતાએ પસંદ કરેલા પતિની આધીન થઈને જીવન વ્યતિત કરતી હોય છે. એમાં એની પસંદ, ના પસંદ, ગમા-અણગમાને કોઈ સ્થાન નથી હોતું. આગળ વધતી આ 'ખોલકી' વાર્તાની ઘટનાઓમાં એનો ઉંમરલાયક પતિ એને રાત્રે પડોશીના ઘરે મળવા બોલાવે છે. એમાં એની કોઈ સંમતિ કે સંપર્ક કરવામાં નથી આવતો, એને તો માત્ર હુકમનું પાલન કરવાનું હોય એમ એને ત્યાં જવું પડે છે. ત્યાં એનો પતિ એની સાથે જે વ્યવહાર કરે છે એમાં ક્યાંયે પ્રેમની અભિવ્યક્તિ આવતી નથી.

"અને જાણે મને કોઈ એક મેરથી ધકેલતું હોય અને બીજી મેરેથી ખેંચતું હોય તેમ હું ઊભી થઈ અને લોટો-પવાલું મેં લીધાં અને દાદર ચડી!"(32)

વિવાહ પછીની પ્રથમ રાત્રિએ આધેડ ઉંમરના બીજવર સાથે પડોશમાં મેડા ઉપર ગોઠવાયેલી મુલાકાતમાં એ તો જાણે એક પ્યાદું હોય એવો એની સાથે વ્યવહાર થાય છે.

"મને જોઈ ન હોય તેમ તે ઊઠ્યા. મને જાણે જોતા જ ન હોય એમ બોલ્યાઃ 'ચાલ'. મારા ભણી જોયા વગર એમણે મેં સોડિયામાં ઘાલેલો મારો હાથ ઝીલ્યો અને વળી બોલ્યાઃ 'ચાલ'. અને મને એમણે ખાટલા પર એમની કને બેસાડી."(33)

વિવાહ થયા પછી ઘણા સમય સુધી એક યા બીજાં કારણોથી એ પતિને મળી ન શકી, અરે જોઈ પણ ન શકી અને જ્યારે જોયા ત્યારે ખાંસતા અને થૂંકતા અને વિવાહ પછીની પ્રથમ રાત્રિએ રોમાંસના

બદલે નીરસ વ્યવહાર અને એમાંથી હેબતાઈને જ્યારે એ ખાટલાની ઈસ પકડીને સૂઈ રહી હતી, એના પતિના દાંત એવા ગાલને બિડાયા અને ખૂબ જોરથી આંચકા સાથે એને ખેંચી અને કહ્યું, 'આમ ફરને ખોલકી.' શોષણનું અદભુત નિરૂપણ કહી શકાય એવી આ વાર્તામાં નારી દ્વારા પોતાની વિવશતાનો સ્વીકાર, સંજોગોને આધીન થવાની માનસિકતા અને અણગમતા સંજોગો સમયે સ્વાભાવિક વિરોધ કરતાં વિવાહ પછીના પ્રથમ મિલનની રાત્રિએ પતિ દ્વારા બોલાતો અપશબ્દ, 'આમ ફરને, ખોલકી!' સ્ત્રીના મનોભાવ અને મનોવ્યથા કોને કહેવા એ સવાલ થઈ ઊઠે છે અને આવી કંઈકેટલીયે ચંદન બા આ સમાજમાં અપમાનિત જીવન જીવતી હશે કોને ખબર!

**'માને ખોળે'**

વાર્તાની શરૂઆતમાં જ કંઈક અનિષ્ટ થવાનું છે એનાં એંધાણ આપતાં સર્જકે બે વાત મૂકી છે.

"શબૂ પોતાનો વર અને સસરો તેડવા આવ્યા હતા તેમની સાથે સાસરે જતી હતી. પિયરની વિદાય લેતાં તેનાં પગલાં જાણે ઊપડતાં ન હતાં."(34)

અને એની એક સહિયર જે એને થોડે દૂર સુધી વળાવવા આવી હતી તેના મોંમાંથી એક ચીસ નીકળી ગઈઃ

"'માડી રે!'

ફળિયાનાં માણસો ચોંક્યાં,

'શું થયું? શું થયું?'

'બિલાડી આડી ઊતરી શબૂને.' (35)

લગ્ન નામની એક સંસ્થા માનવ અસ્તિત્વ સાથે વણાઈ ગઈ છે. પરંતુ હજુ પણ પુરુષપ્રધાન દેશોમાં નારીની સ્થિતિ લગભગ એક ગુલામ જેવી જ થઈને રહી છે. ખાસ કરીને જો એ આર્થિક રીતે પતિ પર અવલંબિત હોય ત્યારે અથવા સમાજની પરંપરાઓ અને કુરિવાજો જ્યારે એ પુરુષકેન્દ્રી હોય ત્યારે સ્ત્રીઓના અધિકાર તો દૂરની બાબત છે પણ એમનું જીવન પણ પુરુષોની ઇચ્છાઓને આધીન થઈ જાય છે. સર્જકની આ વાર્તા નારીશોષણના આ પહેલુને ઉજાગર કરવા માટે જ સર્જાઈ હોય તેમ લાગે છે.

સાસરિયાંમાં દુઃખ હોય અને પિયરમાં રહેવું પડે તો એ સામાજિક રીતે કેટલું દુઃખદાયી હોય છે એ તો જેના ઉપર વીતે તેને જ સમજાય. છતાં એના બાપ જીવતા હતા ત્યાં સુધી શબૂને પિયરમાંથી કોઈ ખસ કહે તેમ ન હતું.

એને તેડવા આવેલો પતિ રાત એના પિયરમાં રહી ગયો અને એના બાપા ધાડમાં ગયા અને રાતે જે થયું એનાથી એના પતિના હમેલ એના પેટમાં રહ્યા અને બાપા એ રાતે મૂઆ. ત્યારે આ ગામડાગામના સમાજમાં એની રાંડી રાંડ માને ભારે છેડે રહેલી આ દીકરીને રાખવી કાઠી થઈ ગઈ ત્યારે જ સ્તો એના સાસરે તેડી જવાનું કહેણ મોકલ્યું અને એનો સસરો અને એનો પતિ તેડવા આવી પહોંચ્યા.

કમને પણ શબૂ એમની સાથે જાય છે અને એ બે જાનવર જેવા માણસોએ નદીનાં કોતરોમાં શબૂને

મોતને ઘાટ ઉતારી દીધી. નારીના ભાગે આવતી આ બદનક્ષીનો ભાર એ એની કુદરતી મજબૂરી છે અને વળી પુરુષને આ બાબતમાં કુદરતે પણ રાહત આપી છે અને વળી પુરુષ દ્વારા બનાવેલાં સામાજિક નીતિનિયમો અને પુરુષપ્રધાન સમાજ નારીશોષણનાં કારણો છે અને જેનું સર્જકે બખૂબી નિરૂપણ કર્યું છે.

**ઝવેરચંદ મેઘાણી (1896થી 1947)**

*ઝવેરચંદ કાળીદાસ મેઘાણીનો જન્મ 28 ઓગસ્ટ 1896ના રોજ સૌરાષ્ટ્રના ચોટીલા ગામે થયો. સૌરાષ્ટ્રની ખમતીધર ભૂમિના કુદરતી વાતાવરણમાં ઊછરેલા મેઘાણી સોરઠી ભૂમિને સાહિત્યમાં ઉજાગર કરે છે. ગાંધીયુગીન પ્રવાહમાં આઝાદીના સત્યાગ્રહમાં સક્રિય ભૂમિકા ભજવી. લોકસાહિત્યના સંશોધન-સંપાદનની અવિરત કામગીરી કરી. ગાંધીવિચારધારાને 'યુગવંદના' (1935) જેવા કાવ્યસંગ્રહમાં અવતારી. દલિત-શોષિત-પીડિતવર્ગની વેદનાને વાચા આપી. કવિતા, નાટક, નવલકથા, નવલિકા, ચરિત્ર, પત્રલેખન, વિવેચન, પ્રવાસકથા, લોકકથા જેવાં સાહિત્યનાં સ્વરૂપોમાં પ્રદાન કરનાર મેઘાણીએ નવલિકાક્ષેત્રે 'મેઘાણીની નવલિકાઓ' ભાગ-1-2 (1931, 1935), 'જેલ ઓફિસની બારી', 'વિલોપન', 'માણસાઈના દીવા' વાર્તાસંગ્રહો આપ્યા છે. 'વહુ અને ઘોડો', 'મોરલીધર પરણ્યો' જેવી વાર્તાઓમાં સમાજના સુધરેલા, ઉચ્ચવર્ગના કહેવાતા શિક્ષિતોના દંભ સામે, શોષકો સામે વિદ્રોહ તેમના કવનવિષયો રહ્યા.*

*અસફળ લગ્નજીવન, પતિ કે સાસરિયાંના અત્યાચારનો ભોગ બનેલી ગૃહિણીની વેદનાને મેઘાણી નિરૂપે છે. 'કાનજી શેઠનું કાંધું' અને 'ઠાકર લેખાં લેશે' વાર્તાઓમાં સમાજનાં સ્થાપિત હિતો દ્વારા થતું શોષણ નિરૂપાયું છે. મેઘાણીએ સામાજિક કુરિવાજોને દૂર કરી, મંગલ સમાજજીવનનો માર્ગ ચીંધ્યો છે.*

**'વહુ અને ઘોડો'**

'All that glitters are not gold'

વાર્તાનું વિષયવસ્તુ કંઈક આવો જ કથાસાર આપવા નિર્મિત થયું હોય એમ લાગે છે. સ્વગતોક્તિના સ્વરૂપમાં લખાયેલી આ વાર્તાનાં બે મુખ્ય પાત્રો "વહુ અને ઘોડો' શોષણનાં શિકાર છે. પોતાની યૌવનમાં પગ માંડતી વહાલસોયી દીકરીઓને કોઈ અતિધનવાન કુટુંબમાં પરણાવવાની લાલશા સાથે જીવતાં મા-બાપ માટે અને ધન-વૈભવની લાલચમાં સંસાર માંડવાની વૃત્તિ ધરાવતી કુંવારી કન્યાઓ માટે ચેતવણીની લાલ બત્તી સમાન પણ છે.

શેઠના ઘરની જાહોજલાલીથી અંજાયેલી નાની તારાને જ્યારે રતનમા એમ કહેતાં કે, "રેવા દે, રેવા દે, પાપણી! નહિ તો તને ઓલ્યે ભવ પરતાપરાય શેઠની ગાડીના ઘોડાનો, ને કાં એમના ઘરની વહુવારુનો, અવતાર મળશે હો."(36) ત્યારે અણસમજમાં તારા એમને કહેતી,

"તો તો હું ખૂબ પાપ કરીશ!"(37) અને નાચતી-કૂદતી બોલી ઊઠતી,

"મારે તો મરીને પ્રતાપરાય શેઠનો ઘોડો થવું જ છે. બહુ મજા પડે. રતનમા મને એ ઘોડો બતાવજો."(38)

વળી ઘોડાની શાનોશૌકત જોઈને અભિભૂત થયેલી તારા જ્યારે રતનમાને કહેતી અને રતનમા જવાબ આપતાં,

"'અહાહા!' રતનમા સમજાવતાં: 'આવો સુખનો અવતાર પામવા સારુ તો તમે કહો તેવાં પાપ કરું!'

'અરે મૂરખી!' રતનમા સમજાવતાં, 'આ તો થોડા દીનાં નાચણ-ખૂંદણ. ભલે માણી લ્યે બચાડો.'"(39)

ત્યારે તારાની સમજમાં એ ન આવતું. પણ જ્યારે વર્ષો પછી તારાની ઇચ્છા મુજબ એનું નસીબ ખૂલી ગયું અને એ પરતાપરાય શેઠના ઘરની વહુવારુઓમાં સામેલ થઈ ગઈ અને જ્યારે એણે પરતાપરાય શેઠના ઘરની વહુઓ અને ઘોડાનું શોષણ પ્રત્યક્ષ નિહાળ્યું-અનુભવ્યું ત્યારે એને રતન ડોશીની વાત સમજાઈ.

મેઘાણીની આ વાર્તા ફ્લેશ બેક સ્વરૂપે આગળ વધે છે. તેમાં આવતા પ્રસંગોમાં-

મુગ્ધાવસ્થામાં પ્રતાપરાય શેઠના ઘરની આર્થિક જાહોજલાલી, જેના મોંએ લગામ પણ રૂપાની છે અને માખીથી બચાવવા જેના આખે અંગે જાળીની ઝૂલ્ય છે એવા સન્માનિત ઘોડાથી તારા પ્રભાવિત હતી. અને ઝંખતી હતી કે પોતે એ શેઠના ઘરની વહુ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે. માટે જ તો મંદિરમાં એકલી જઈને પ્રાર્થના કરતી હતી કે-

"હે ભગવાન, મને એ શેઠ-ઘરની જ વહુ કરજો; નહિતર હું ઘોડાગાડીમાં બેસીને જમવા કેમ કરીને જઈશ? એવું મને ક્યાંથી મળશે?"(40)

ત્રીજી ચોપડીથી જેનું ભણતર છોડાવી દીધું છે એવી તરુણાવસ્થામાં આવેલી પુત્રીના લગ્નસંબંધ માટે ચિંતિત મા-બાપ પણ જાણે-અજાણે એવું ઇચ્છે છે કે શેઠના ઘરની કોઈ વહુ માંદી પડે અને મરણ પામે તો ત્યાં પોતાની પુત્રી ગોઠવાઈને સુખમાં પડે અથવા પછી 'સ્ટેશને છાપાં વેચે છે કડવી ભાભુનો રસિકલાલ' જેવા વિકલ્પ વિચારવા પડે. તારા પણ રસિકલાલ નામના વિકલ્પથી થરથરી ઊઠે છે.

અને પછી જાણે ભગવાને કૃપા કરી હોય એમ બેએક વર્ષ બાદ તારાની, એની બાની અને કદાચ એના બાપાજીની પણ - સંયુક્ત પ્રાર્થનાના પરિણામરૂપે શેઠના ઘરમાં આટકોટવાળી વહુનો ખાટલો ઢળાયો. અંતે એ વહુના અવસાનના પાંચમા જ દિવસે અગાઉની ગોઠવણ મુજબ પાનપટ્ટી ચાવતા શેઠના વિધુર પુત્રએ મેડીની બારીએ ઊભેલી તારાને જોઈ. "જાણે કે આખે ને આખી પી લીધી."

ત્યાર બાદ શેઠની શાન પ્રમાણે તારાના બાપુજીની મરજી વિરુદ્ધ એમના વતન રાજકોટ ખાતે લગ્ન ગોઠવવા આગ્રહ રાખ્યો. છ ટંક જમણના આયોજનમાં આવેલા મહેમાનોની અવનવી માગો સંપૂર્ણ રીતે પૂર્ણ ન થતાં અસંતોષ અને માફી માગવા સુધીની માગો બાદ પણ કહેણાજોણું તો રહ્યું જ.

લગ્નની રાત્રે આશાભરેલી નવોઢાની મોડી રાતની પ્રતીક્ષા બાદ થયેલા પતિના આગમન બાદ "કબૂતરને દાઢમાં ભીંસનાર કોઈ બિલાડીની રીતે એણે એની બેહોશ ઇચ્છાને મારા ઉપર ભીંસી દીધી... જરીકે સુગંધ આપ્યા વગર જાણે કે મારું યૌવન ભસ્મ બની ગયું."(41)

દાંપત્યજીવનની પ્રથમ પરોઢે પતિ દ્વારા બોલાયેલા શબ્દો "મોટાભાઈ તારાં માવતર ઉપર ખૂબ

ISBN-978-81-973071-3-3
First Edition

ગુસ્સે બળી રહ્યા છે. સંભાળીને રહેજે, લાયકી મેળવજે - નીકર પત્તો નહિ લાગે. તારા જેવી તો આ ઘરની સંજવારીમાં વળાઈ જાય છે - ખબર છે?"(42)

લગ્ન કરીને આવ્યાના પ્રથમ દિવસથી દેરાણી-જેઠાણીની ટીપણીઓ, પુરુષવર્ગની ફરિયાદો અને પોતાનાં પિયરીયાઓ વિશેની વગોવણી સબબ વાતોથી તારાની આ જાહોજલાલી અને આ વૈભવ અંગેની માન્યતાઓ ચકનાચૂર થઈ ચૂકી હતી. એ પોતાની અને બહાર મૂંગે મોંએ ઊભેલા ઘોડાની સરખામણી કરતી થઈ ગઈ. "હું ઊભી હતી ઓસરીની આડશે - ઘોડો ઉભો હતો ગાડીએ જુતેલો."(43)

સતત પરિશ્રમ કરતી મોટા ઘરની વહુનું જીવન અને સતત દોડતા રહેતા ઘોડા સાથેની એની સરખામણી સાથે આગળ વધતા પ્રસંગો બાદ, રસોઈ કરતાં ઝોકું આવી જતાં લટ બળી ગઈ અને કપાળે ફોલ્લો થઈ ગયો. એ ફોલ્લો ફૂટી જવાની વેદનાથી પીડિત તારા જ્યારે દાક્તરકાકા પાસે દવા લેવા જાય છે ત્યારે એના અંગના સાંધા દુખાવાની ફરિયાદથી દાક્તરની સમજમાં આવી જાય છે કે આ પતિ સાથેના દેહસંબંધથી આવેલો જાતીય ચેપી રોગ છે. દાક્તર પ્રસૂતિ વખતે બાળકની વિશેષ કાળજી લેવાની સલાહ આપે છે, પણ મોટા ઘરની વહુની એ વાત કોઈ કાને ધરતું નથી અને પરિણામે બાળક આંખો ગુમાવે છે. ત્યાર બાદ અપશુકનિયાળ ઘોડો વેચાઈ જાય છે અને એને લેવા એનો ખરીદાર આવે છે ત્યારે પોતાને પણ રસિક જેવો કોઈ આવીને છોડાવી જાય એવા મનોભાવ તારા અનુમાને છે અને વાર્તા શરૂઆતના સમયમાં પરત આવીએ તો ત્યાર બાદ તારા આ સર્વે ઘટનાઓ સ્વગતોક્તિમાં વર્ણવે છે.

અનેક પાત્રોનાં માનસિક, શારીરિક, સામાજિક અને આર્થિક શોષણોને વ્યક્ત કરતી મેઘાણીની આ વાર્તા શોષણ નિરૂપણ કરવાની એક અનોખી શૈલી છે. બદલાતા ઘોડા અને બદલાતી વહુવારુઓ, એમનાં પિયરિયાં સર્વે આ મોટાઈની આડમાં શોષાતાં પાત્રો છે. પૈસાદાર શેઠના પુત્રોને મન ન તો સતત કામમાં જોતરાતા ઘોડાની કોઈ કિંમત છે કે ન તો સતત ખડે પગે સેવા કરતી એમની વહુઓની. એમને મન તો એમની જૂઠી શાન અને એ સાચવવા ખાતર ગમે તે હદે જવાની તૈયારી જ સર્વસ્વ છે. કંઈકેટલાંય અરમાનો-આશાઓ એ માટે બલિ ચઢતાં હશે અને નહિ માત્ર માનવ પણ પશુ પણ આ શોષણનો એટલો જ શિકાર થાય છે. ઘોડા જેવા પશુ પાસેથી એના ગજા બહારનું કામ લેવાનું અને તેના પોષણ માટે બેદરકાર રહેવાનું. આમ થતાં જો એ ઘોડો નબળો પડે તો બદલી નાખવાનો અને એ જ વર્તન-વ્યવહાર એમની વહુવારુઓ માટે પણ.

શોષણ નિરૂપણની દૃષ્ટિએ મેઘાણીની આ કૃતિ ઉત્તમ છે અને બાહ્ય આડંબરથી અંજાઈ જનારા માટે આંખ ઉઘાડનારી પણ.

### **પન્નાલાલ પટેલ (1912થી 1989)**

*7-5-1912ના રોજ રાજસ્થાન-ગુજરાતની સરહદ પરના ડુંગરપુર રાજ્યના માંડલી ગામે પન્નાલાલ પટેલનો જન્મ. નબળી આર્થિક સ્થિતિ અને કુટુંબના કપરા સંજોગોને કારણે ચાર ધોરણ સુધીનો અભ્યાસ કરેલો. જીવનની નક્કર વાસ્તવિકતાઓનો પ્રત્યક્ષ અનુભવ તેમના સર્જકત્વની મૂડી બને છે.*

ISBN-978-81-973071-3-3
First Edition

*પન્નાલાલ પટેલ મોટા ગજાના સર્જક. ‘માનવીની ભવાઈ’ જેવી જ્ઞાનપીઠ પારિતોષિક પ્રાપ્ત કરનાર નવલકથા સર્જકે લેખનનો પ્રારંભ ટૂંકી વાર્તાથી કરેલો. ગુજરાત વાર્તાસાહિત્યમાં પન્નાલાલ પટેલ ધૂમકેતુ પછીના એકમાત્ર ટૂંકી વાર્તાક્ષેત્રે વિપુલ સર્જન કરનાર સર્જક છે. પ્રથમ વાર્તાસંગ્રહ ‘સુખદુઃખના સાથી’ (1940) અને છેલ્લો વાર્તાસંગ્રહ ‘નરાટો’ (1981). ચાર દાયકાના સર્જનમાં તેમની પાસેથી 476 વાર્તાઓ મળે છે. ઇશાનિયા પ્રદેશનું જનજીવન, સુખદુઃખ, રીત-રિવાજો આર્થિક, સામાજિક વિધિનિષેધોના ભોગ બનેલા મનુષ્યની વિવશતા અને પીડા તેમની સર્જકચેતનામાં અનુભવાય છે.*

*પન્નાલાલની વાર્તાઓમાં તત્કાલીન સમયની શાસન અને સમાજવ્યવસ્થાની જોહુકમી અને શોષણ વાર્તાઓનો વિષય બન્યા છે. હાંસિયામાં ધકેલાયેલાં પાત્રો જેવા કે ચમાર, વાઘરી, ઠાકોર, ભીલ, ભિખારી વગેરેના જીવનસંઘર્ષ અને પીડાની કથા સૌ પ્રથમવાર પન્નાલાલની વાર્તાઓમાં જોવા મળે છે. ‘મલક ઉપર’, ‘બાપુનો કૂતરો’, ‘નેશનલ સેવિંગ’, ‘દાણીનું ઘડિયાળ’, ‘મેઘો ગામેતી’, ‘રહેમુ સિપાઈ’ જેવી વાર્તાઓમાં ઉપરી અમલદારો દ્વારા લાચાર અને અબુધ લોકોની યાતનાનું યથાર્થ ચિત્રણ આલેખાયું છે. ‘બલા’ વાર્તામાં શોષકના શોષણની ચરમસીમા આલેખાઈ છે. દલિતભાવની સભાનતા વિના આલેખાયેલી ‘બલા’ વાર્તામાં ગરીબ ખાતરા અને તેની નાની શી દીકરી કોદરીની ગરીબી અને નિર્મમ શોષણની વાત હૃદયદ્રાવક રીતે રજૂ કરી છે.*

**‘મા’**

પન્નાલાલ પટેલલિખિત ‘મા’ કૃતિ બે અલગ અલગ ‘મા’ની વેદના-સંવેદનાની સાથોસાથ માનવજીવનની કઠણાઈઓ અને પોતાના હિત ખાતર માનવ દ્વારા થતા પશુઓના શોષણનું નિરૂપણ કરતી ઉત્કૃષ્ટ કલાકૃતિ છે.

આ કૃતિ બે ‘મા’ઓની કૃતિ છે - એક માનવ મા છે જેને ગાભણી ભેંસની કૂખે પાડો જન્મશે કે પાડી એના ઉપર એના સમગ્ર કુટુંબની આર્થિક પરિસ્થિતિનો આધાર છે. એની એને જાણ છે. જ્યારે બીજી ‘મા’ એટલે કે ભેંસ જેને મન જન્મનાર બચ્ચું પાડો હોય કે પાડી એનું મહત્ત્વ નથી પણ જન્મ લેનાર બચ્ચા પ્રત્યેની એની ફરજ, એના વહાલ, એના પ્રેમની પડી છે.

આર્થિક પાયમાલીમાં જીવન વ્યતીત કરતા જાલમ ખાંટના બહોળા કુટુંબમાં સૌ કોઈ પોતપોતાની ઇચ્છા-આશા-આકાંક્ષાઓમાં મગ્ન હતા ત્યારે જાલમની વહુ એટલે જાલમના એક મોટા પરિણીત દીકરા અને ચાર નાના દીકરાઓની મા ગાભણી ભેંસની કૂખે જન્મનાર પ્રાણી પાડો હશે કે પાડી અને તેની જાતિની, તેના આવનારા સમયમાં કુટુંબની આર્થિક અને રોજબરોજના ખાવા-પીવાના કાર્યક્રમ ઉપર શી અસર હશે તેના વિચારોમાં મગ્ન હતી. જાત સાથે સંઘર્ષ કરતી અને જાતને જાતે જ દિલાસો આપતી ‘મા’ની સ્થિતિ લેખકે કંઈક આવી રીતે નિરૂપી છે,

‘અને જાલમની વહુ આ બધાયની મા બિચારી! સૌ કોઈના - ખાસ કરીને ભેંસ તરફ તાકતાં ઘેલાં બાળકોમાં મોં સામે અસહાય બની તાક્યા જ કરતી હતી, પંપાળ્યા કરતી ને દિલાસો દેતીઃ ‘વાશે બેટા

વાશે'... આભનીને ગાભની તો કોને ખબર પડે છેઃ પણ કંઈ વાયા વગર રે'શે?'(44)

ગાભણી ભેંસનું આવનારું બચ્ચું પાડો હશે કે પાડી તેના પર સમગ્ર કુટુંબનું જીવન કેવી રીતે અને કેટલી હદે નિર્ભર હતું એનો વાચકને સપેરે પરિચય કરાવવામાં વાર્તાકારે ખૂબ જ બુદ્ધિપૂર્વક બાળકોથી માંડી મા સુધીની દરેકની હિલચાલ રજૂ કરી છે.

પંદર દિવસ પછી એક સાંજે ભેંસે પણ ઊઠબેઠ કરવા માંડી. બાળકોથી ભરેલા એ નાનકડા ઘરમાં આનંદ આનંદ થઈ રહ્યો. વાતો પણ એની જ થવા લાગીઃ 'આ ફેરા તો પાડી જ આવવાની?' તો વળી બીજાએ કહ્યું, 'અરે જા જા, તને શી ખબર? ગયે ફેરે પાડો આવ્યો એટલે આ ભેંસ પાડે જ મઢી છે, પાડા ને પાડા જ આલવાની. ત્રીજા ભાંડું એ આહ્વાન આપ્યું, 'લગાવ શરત!'(45)

અહીં પણ સર્જક વાચકને કુટુંબની આર્થિક પાયમાલી વિશે કહેવાનું ચૂકતા નથી.

'અને શરતમાં તો શું હોય આપવા-લેવાનું!' જો પાડી આવે તો એક ગડદો હું તને મારીશ ને પાડો આવે તો એક ગડદો તું મને મારજે....'(46)

ભેંસને આવનાર પાડા કે પાડીની કુટુંબના જીવન પર શી અસર થાય છે એ પણ એ સારી રીતે વ્યક્ત કરે છે.

'જાણે-અજાણેય છોકરાંની વાતો સાંભળતી ને કોઢ-ઘરમાં જા-આવ કરતી માનું મન પણ આ પાડા-પાડીની જ ગડમથલમાં પડ્યું હતું. ગયા વરસનો દાખલો તો જાણે કાલ અત્યારે બન્યો હોય એટલો તાજો હતો. બસોનું કરજ કરીને આ ભેંસ વહોરી, પણ મોટેરાંનું ને નાનાંનું - બધાંયનું કરમ કાણું નીકળ્યું. દોઢ-બે આંચળ ધવરાવતાંય પાડો બીમાર પડ્યો ને બે જ માસમાં મરી ગયો. પાછળ માએ જાણે વૈરાગ લીધો ને ટોપલું ટોપલું ખાણ ખાવા છતાંય પગ ઊંચક્યો તે આજની ઘડીને કાલનો દન! બબડતાં માએ ઉમેર્યું, 'ને ઓણેય કોણ જાણે તે એ તો ઘેવરાવાય છે કે પછી રોવરાવવા...!(47)

ને પછી આ ગરીબ કુટુંબ કેટલું આ ભેંસ ઉપર આશ્રિત હતું તે બતાવતાં વાર્તાકારે લખ્યું છે કે-

'પેલા શેખચલ્લીએ તો ચાર આના પર માત્ર સંસાર જ ચણ્યો હતો, પણ આ બિચારી માને તો ભેંસના આ ચાર આંચળ પર ઘરનાં આ આઠ આઠ માનવીઓનાં જીવન વણવા હતાં! એક દોઢ આંચળ પાડું ધાવશે તો અડધા આંચળનું છોકરાં ખાઈ જશે, હળ હાંકનાર બાપ-બેટાને છાંટો છાંટો આલવું પડશે. ત્યારે કંઈ બિચારી વહુએ પાપ કર્યાં? એટલે ગોરસું તો ટંકે બશેર દૂધેય મથીને દેખાવાનું! એમાંથી પછી શેઠના પેલા ગાડવામાં પાડો તોય ને પરોણાં ખાઈને ખવરાવો તોય... ઘરનાંનેય છાશવારે તો સેડકો સેડકો (ઘી) આલવું જ પડશે. પછી, દેવાં ધૂવો તોય, રાજના વેરા ભરો તોય, છોરાં ઉછેરો તોય!'(48)

આમ, આ છોકરાંઓની માના મનમાં સતત સંઘર્ષ, દૂઝણા વિના વિતાવેલું કપરું વર્ષ, દૂધ તો ઠીક છે, પણ છાશ વગર ખવડાવવું કેટલું કપરું થઈ પડતું એના કારણે પણ આ વિવાવાના આરે ઊભેલી ભેંસ એને મન એક આશાનું કિરણ થઈ ગઈ હતી. આ બધી પૂર્વભૂમિકાથી અવગત થયેલો વાચક વાર્તાના અંતે જ્યારે એ ભેંસને પાડો જન્મે છે ત્યારે પોતાનાં બાળ-બચ્ચા અને કુટુંબ માટે એ પાડાને એની મા એટલે કે

ISBN-978-81-973071-3-3
First Edition

ભેંસને જાણ થાય તે પહેલાં ઠેકાણે પાડી દેવા (એટલે કે મારી નાખવા) જેવા અનૈતિક કામ માટે મન કાઠું કરે છે ત્યારે એની અમૂંઝણ સમજી શકે છે અને કંઈક અંશે મૂક સંમતિ પણ આપી બેસે એવું થઈ શકે છે.

આમ, સમગ્ર વાર્તા પેલી અડધો ડઝન માનવબચ્ચાઓની મા એનાં બાળકોની આવનારી જિંદગીમાં આ ભેંસને જો પાડો જન્મે તો કેવી વિપરીત અસરો પડે તેનાથી પરેશાન થઈ પાડાને જન્મતાંવેંત જ ભેંસને જાણ થાય તે પહેલાં ઠેકાણે પાડવાનો મક્કમ નિર્ધાર કરી લે છે. એના અમલ માટે જ્યારે એ પ્રયત્નશીલ બને છે ત્યારે વહુને એની સાથે એ માટે અનુસરવા કરે છે અને વહુ,

'ના રે મા! તમે મારી નાખો તોય આપણાથી તો એ કામ..' કહેતી વહુ તો છેક વચલે બારણે પહોંચી ગઈ.'(49)

ક્ષણભર અવાક્ બનેલી સાસુને જ્યારે ભૂતકાળમાં છાશ માટે ટળવળતાં પોતાનાં છોકરાં દેખાયાં ત્યારે 'હાસ્તો એને (વહુને) હમણાં થોડું ખાવા આલવું છે કે એને બધાંનાં મુઢાં જોવા પડે? એને વાદે રહીશ તો- એક ઘડીક વાર જો કાળજું કાઠું નહિ કરું તો આખું વરસ અરે એમને એમ આખો અવતાર-' ને આ સાથે જ એણે પેલું પગ આગળનું ટોપલું ઊંચકી માથે લીધું, એ ઘનઘોર અંધારામાં ને લથડી ગયેલી અવસ્થામાં જાણે જુવાન વહુને શરમાવતી હોય એ રીતે પગ ઉપાડ્યો. બારણું વટાવતાં કલુખડે ઊભેલી વહુને પણ સંભળાવતી ગઈ 'હમણાં તો તેને દયાની પૂંછડીને કંઈ નથી કે'તી, પણ ભગવાન જો દાયકો જિવાડે તો તો ભાળું છું કે કેટલે તોલે મણ થાય છે, કેમ કરીને પેટના લોચા ઉછેરાય છે, રાજના વેરા ભરાય છે ને વાણિયાના વે'વાર...'

કદાચ માનવજીવન સંવેદના-વેદના અને નૈતિક-અનૈતિક વચ્ચેના નિર્ણયો લેવાના સંઘર્ષો વચ્ચે અટવાતું હોય છે એને જ ઉજાગર કરવા લેખકે આ કૃતિનું સર્જન કર્યું હોય એમ જણાય છે.

**'દાણીનું ઘડિયાળ'**

પન્નાલાલ પટેલ રોજ-બ-રોજના અનુભવની પાઠશાળામાંથી જે પામ્યા તેને સવાયું કરીને સાહિત્યમાં અવતારે છે. ગ્રામજીવન, વગડો, ગામડાંની અબુધ-ભોળી પ્રજા, ગામડાંમાં ફેલાયેલી અંધશ્રદ્ધા, ઈર્ષા જેવા ભાવોને સાહિત્યમાં નિરૂપ્યાં છે. ગ્રામજીવનના પરિવેશ સાથે પાત્રો અને પ્રસંગોને પન્નાલાલે બખૂબી ગૂંથ્યા છે. માનવમનનાં ઊંડાણોને તાગવામાં, લોકોક્તિઓ તથા જનસમાજના સંવાદો ભીલ, આદિવાસી પ્રજાની બોલીનો સહજ રીતે પન્નાલાલે વાર્તામાં ઉપયોગ કર્યો છે. ઘટના, પ્રસંગો અને પરિસ્થિતિમાંથી પસાર થતાં પાત્રોને આલેખીને કથાસ્તુ તથા પાત્રવિકાસ સાધે છે.

'દાણીનું ઘડિયાળ' વાર્તામાં તત્કાલીન અમલદારશાહીની શોષણનીતિનું સીધું પ્રતિબિંબ જોવા મળે છે. ગામડાની અબુધ, અભણ એવી પ્રજા ગામના મુખી કે સામંતો જેવા શાહુકારોના શોષણનો ભોગ બનતી આવી છે. સમાજના શાસકવર્ગ દ્વારા ગરીબવર્ગની લાચારીનો કેવો લાભ લેવાય છે તેની વાત રજૂ થઈ છે. "અલ્યા, મારું ઘડિયાળ ક્યાં ગયું?"(50) ગામમાં જકાતવેરો ઉઘરાવનાર દાણીના પ્રથમ સંવાદથી વાર્તાની શરૂઆત થાય છે. ઘડિયાળ ખોવાઈ જવાની નાની સરખી ઘટના મોટું સ્વરૂપ ધારણ કરે છે. તેમાં આખું

ગામ સપડાય છે.

"અલ્યા એ સુવ્વરો! ક્યાં મરી ગયા બે જણ?"

તથા "સાલાઓ, જો હાથ ન લાગી તો યાદ રાખો આજ તમારી ખેર નથી."(51)

દાણીના આવા સંવાદો એક તુમાખીભર્યા સરકારી અમલદારના ધૃણાસ્પદ વ્યક્તિત્વને છતું કરે છે. પોતાની બેદરકારીથી ખોવાયેલી વસ્તુ માટે પોતાના હાથ નીચેના માણસો સાથે પશુ સમાન વ્યવહાર-વર્તન કરતાં પણ અચકાતા નથી. વાર્તાનાં બે ચોકિયાતો અને એક ભીલનાં પાત્રો ગામડાના અબુધ અને શોષિત વર્ગનું પ્રતિનિધિત્વ કરતાં નિરૂપાયાં છે. દાણી જેવા અમલદારની ગાળ તેમને કોઈ જ અસર કરતી નથી કેમ કે તેમના લોહીમાં અત્યાચાર અને અન્યાય સહન કરવાની માનસિકતા અને સ્વીકૃતિ સ્વાભાવિકપણે વણાઈ ગયેલી છે.

ઘડિયાળ ખોવાયાની ઘટનાની સોય ચોકિયાતો અને ભીલ તરફ મંડાયેલી છે. નિર્દોષ અને અબુધ ભીલ તો આતુરતાપૂર્વક પૂછે છે કે - "એ ભાઈઓ આ ખુવાઈ હું (શું) ગ્યું હે?"(52) ભીલ તો ઉંદરનું દર પણ ખોતરી જુએ છે. પોતાના પૂર્વજને પણ ઘડિયાળ મેળવી આપવા માટે વિનવે છે. ભીલ અને ચોકિયાતોની ઘડિયાળની વ્યર્થ શોધ ચાલુ રહે છે.

હકીકતમાં જે ચોરાયું કે ખોવાયું નથી એ ઘડિયાળ ખોવાયાની વાત કરીને અને પોલીસ ફરિયાદની 'ઊલ' (બીક) આપીને ઘણી ભોળા ભીલો પાસેથી પંદર રૂપિયા એંઠી જાય છે. આખું ગામ દાણીની જોહુકમીનો શિકાર બને છે. અભણ, અબુધ અને ગરીબ પ્રજાના ભેગા કરેલા પૈસામાંથી મુખી જેવા શાહુકારો પણ 'કટકી' કાઢીને એમના શોષણ માટે લઢવાને બદલે એ શોષિત પ્રક્રિયાનો ભાગ બને છે.

આમ ગામના મુખી અને દાણી જેવા અમલદારોનાં પાત્રો દ્વારા વાર્તાકારે ગામડાની ભોળી, શ્રમજીવી પ્રજાનું થતું શોષણ વાસ્તવિકતાના ધરાતલ પર ઊભા રહીને કર્યું છે.

**'નેશનલ સેવિંગ'**

ગુલામીમાં જીવતી ગરીબ પ્રજા ઉપર કર ઉપરાંત 'નેશનલ સેવિંગ'ના બહાના હેઠળ જે ઉઘરાણું નાખવા આવે છે એ શોષણની પરાકાષ્ઠારૂપ છે. ચીંથરેહાલ દશામાં જીવતી પ્રજાના અંગ ઉપર પડેલું કપડું પણ અમલદારોને મન 'પૈસાદાર' થયાની ઓળખરૂપ લાગે છે.

બે ટાઇમ ખાવા માટેનાં ફાંફાં મારતી પ્રજાને 'બચત'નો પાઠ ભણાવવાના ઓઠા હેઠળ પોતાનો સ્વાર્થ સાધતા અમલદારોની વાત કરી છે. અમલદારોની વાત સામે ગામડાની ભોળી પ્રજાની રજૂઆતને વિરોધ ગણી 'બચત'ની રકમ વધારીને પ્રજાને મૂંગીમંતર કરનાર અમલદારશાહીનું વરવું ચિત્ર રજૂ થયું છે.

જે લોકો પાસે બાર વર્ષ સુધી 'બચત'નું કાગળિયું સાચવવાનાં ફાંફાં છે. અરે! પોતાનું જીવન બાર વરસ સુધી હશે કે નહિ એની શંકા છે તેવી પ્રજાને 'વ્યાજ'ની લાલચ આપી પરાણે સેવિંગ કરાવવાના પેંતરા ઘડે છે. લાચાર પ્રજાના અભણપણાનો લાભ લઈ તેમના ભૂખમરા ઉપર વધુ એક પ્રહાર છે એવું

સહૃદય વાચક અનુભવે છે.

'નેશનલ સેવિંગ' એ આમ જુઓ તો ગુલામ પ્રજા ઉપર ઝીંકવામાં આવેલી જોહુકમીનો જ એક પ્રકાર છે. વાર્તાકારે ગ્રામીણ પ્રજાની સ્થિતિને સિંહ સામે ઊભેલા હરણા જેવી નિરૂપી છે. નથી એ દોડી શકતું કે નથી મૃત્યુને સ્વીકારી શકતું. અમલદારોની જોહુકમી સામે, પરિસ્થિતિ સામે લાચાર બનતા ગ્રામજનો લૂંટાવા તૈયાર થઈ જાય છે. વિરોધ કરવાની શક્તિ કે તૈયારી નથી કેમ કે વિરોધ વધારે 'કનડગત' નોંતરશે એ સમજાઈ ગયું છે.

રોજ-બ-રોજના હિસાબ સાથે જીવતી પ્રજા બાર વર્ષની તો કલ્પના પણ કરી શકે તેમ નથી. પોતાના અસ્તિત્વ માટે ઝઝૂમતી પ્રજાનું 'સેવિંગ'ના નામે થતું શોષણ હૃદયદ્રાવક છે. પાછળ પડેલા આ 'સેવિંગ'ના કાગળિયાથી પીછો કેવી રીતે છોડાવવો એ પ્રજા માટે ચિંતાનો વિષય બની જાય છે. પંદર રૂપિયાનું બકરું આઠ રૂપિયામાં વેચી બે રૂપિયા વ્યાજે લઈ દસ રૂપિયાનું સેવિંગ સર્ટિફિકેટ લીધું. આ સેવિંગ સર્ટિફિકેટના અઢી રૂપિયા ઊપજતાં પણ જાણે કાગળિયાથી પીછો છૂટ્યાનો આનંદ અનુભવે છે.

પરાણે વળગાડેલા આ સર્ટિફિકેટનું પાંચ શેર મીઠું કે અચ્છેર સૂકો (તમાકુ) મળે તોય ઘણું. આવી માનસિકતા ધરાવતી અને બચત કરવા માટે વ્યાજે પૈસા લેતી પ્રજાની કરુણતા નિરૂપાઈ છે. ગરીબ પ્રજાની આર્થિક હાલત, લાંબું જોવા-વિચારવાની અક્ષમતાને વાર્તાકારે અસરકારક રીતે રજૂ કરી છે.

પ્રસ્તુત વાર્તામાં ગામડાની આદિવાસી સમાજની વાસ્તવિક છબિ આલેખી છે. વાર્તાકારે પ્રસ્તુત વાર્તામાં અમલદારો દ્વારા અબુધ, ગ્રામીણ પ્રજાના થતા શોષણની ચરમસીમા આલેખી છે.

**'બલા'**

સર્જક તરીકે પન્નાલાલને શોષણ નિરૂપણના નિષ્ણાત ગણી શકાય. સામાજિક અને આર્થિક વિષમતાના પરિણામે શોષણ હોય કે સત્તા દ્વારા સમાજના અભણ, પછાત અને આર્થિક રીતે ઝઝૂમતા લોકોનું શોષણ હોય, પન્નાલાલ પટેલે એને બખૂબી નિરૂપ્યું છે. 'દાણીનું ઘડિયાળ', 'નેશનલ સેવિંગ્સ' હોય કે 'બાપુનો કૂતરો' હોય પન્નાલાલ પટેલની કલમ શોષણ નિરૂપણમાં અનન્ય ફાળો આપે છે. 'બલા'માં તો આ સર્જકે માણસની શોષણવૃત્તિ મનુષ્યની સાથે સાથે પ્રાણીને પણ એનો શિકાર બનાવે છે એનું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

પન્નાલાલની વાર્તાસૃષ્ટિમાં મણિલાલ હ. પટેલે 'બલા'નો આસ્વાદ લખ્યો છે. જેનું શીર્ષક છે 'બલાઃ દારુણ ગરીબી અને નિર્મમ શોષણની વાર્તા'.(53) ખરેખર સર્જકે વાર્તાની શરૂઆતથી જ દારુણ ગરીબીનું વર્ણન કર્યું છે.

"...આસો મહિનાનો શીતળતાભર્યો પવન કોતરોમાં રમત કરતો કરતો કોઈવાર ડુંગરી ઉપર ચઢી આવે છે. ડુંગરી પરની પેલી દસ હાથ લાંબી-પહોળી ઝૂંપડીને હચમચાવતો પાછલી કોતરમાં ઊતરી પડે છે...

"બાજુમાં એક સાતેક વર્ષની છોકરી કમ્મરે ફરતી દોરી પર ચાર આંગળાની પટી પહેરી બિલાડી

ISBN-978-81-973071-3-3
First Edition

સાથે રમી રહી છે. સ્ત્રી જાતમાં અવતાર લેવા છતાંય એના અંગ પર પેલી લંગોટી સિવાય નથી તો હાથમાં બંગડી કે નથી કાનમાં - અરે કોરાવ્યા જ નથી. ગળામાં પણ નથી કીડિયાની માળા - એક દોરો સરખોય નથી."(54)

વાર્તાના શીર્ષક 'બલા'ને વાર્તાનાં બે પાત્રો સાથે જોડીને સર્જકે એમની વાતને ખૂબ અસરકારક રીતે રજૂ કરી છે. શરૂઆતમાં બિલાડી માટે વપરાયેલો આ શબ્દ જ્યારે અંતમાં કોદરી માટે જ્યારે વપરાય છે ત્યારે પાત્રનું શોષણ એના સંતાપ રૂપે પ્રગટ થાય છે.

દારુણ ગરીબીનું જે ચિત્ર લેખકે રજૂ કર્યું છે એ વાંચીને હૃદય કરુણાથી છલકાઈ જાય છે. સાત વરસની કોદરી ભૂખી છે. પણ એ એની ભૂખ કરતાં પણ વધારે મહત્ત્વ એની પ્રિય બિલાડી 'કાબરી'ની ભૂખને આપે છે અને એની ભૂખ માટે થઈને એ વારંવાર એના બાપ ખાતરાને ત્રણ ત્રણ વાર વિનંતી કરે છે.

બે ટંક ભોજનના સાંસા છે અને માટે જ સ્તો જમવા માટે ફક્ત રાબ બનાવવાની છે. એમાંય મોડું કરીને બે ટંકનું એક ટંકમાં પતાવી નાખવાની ગણતરી છે. આવી દારુણ ગરીબીમાં જીવનની મૂળભૂત જરૂરિયાત માટે ઝઝૂમતા ખાતરા ભીલને જ્યારે ચેતન શેઠની ઘોડીના આવવાનો અવાજ સંભળાયો ત્યારે શેઠ પાસેથી દાણા મળશે એવી આશામાં શેઠના આવવાની પ્રતીક્ષા કરવા લાગ્યો અને જ્યારે શેઠે આવીને પૂછ્યું.

"'ઓણ કાંઈ આપીશ કે રામરામ, ખાતરા?' ત્યારે ખાતરો મન સાથે બબડ્યોઃ

'મીં જાણ્યું કે શેઠ પાહેથી માણેક દાંણા મલહે, તાણે આ તો લેવાની સ(જ) વાત કરે હે', અને બોલ્યોઃ

'આલહું તો ખરાસને સેઠઃ પણ હમણાં ઘરમાં એક દાણોય ખાવા ની હે એનું? અને દયામણી નજરે શેઠ તરફ તાકી રહ્યો."(55)

આવી દારુણ ગરીબી છે અને શેઠ પાસેથી દાણા લેવાની ઇચ્છા છે અને પોતાની હરકતનું વર્ણન કરતાં ખતરો કહે છે,

"'જીવતા રહું તો કમાઈ કમાઈને તેમને સ આલવાનું હે ને? અમારે હું મોલ સણવાં કે તમારી વજુ (પેઠે) આથી ઘોડિયો વો'રવી હે?'"(56)

પણ શેઠ તો યે ઊતરવામાં અસમંજસ અનુભવે છે કારણ દે છે -

"'ઊતરીનેય- ઘર આગર ભેંડા બેંડા કે મરચાં તો નથીને?'"(57)

ખાતરા ભીલને બે ટંક ભોજનના સાંસા છે. શેઠ પાસેથી થોડા દાણાની આશ છે. કમાઈ કમાઈને શેઠને આપવાનું છે તોયે શેઠને તો ભીંડા કે મરચાં મળવાનાં હોય તો ઘોડી ઉપરથી ઊતરવું છે. ખાતરો પોતાની ભૂખી છોકરી કોદરીને શેઠ માટે મરચાં વીણી લાવવાનું કહે છે. અને શેઠની લાલચ કોદરી સાથે રમત રમતી બિલાડી કે જેનું નામ કોદરીએ 'કાબરી' પાડ્યું છે એના ઉપર પડે છે. માનવતાને નેવે મૂકી

ISBN-978-81-973071-3-3
First Edition

ચૂકેલો શેઠ જીવ બચાવવા દાણા માંગતા ખાતરા પાસે બિલાડી માગે છે. ખાતરો કહે છે કે બિલાડી એની નાની છોકરીનો દનગુજારો છે. તોયે શેઠ પોતાના સ્વાર્થને સાધવામાં રત રહે છે અને અધમણ દાણાના બદલામાં બિલાડી માગે છે. જીવન જીવવા માટે અનાજ ખાતર ઝઝૂમતો ખાતરો ગડમથલમાં હા-ના હા-ના કરતાં બિલાડી પરત આપવાની શરતે આપવા તૈયાર થાય છે અને દાણા 'દોઢ' આપવાની શરતે લઈ આવે છે.

કોદરીને 'કાબરી' કેટલી પ્રિય છે અને એની એકમાત્ર સાથી એવી બિલાડી એ નહિ જ આપે એ જાણતો હોવાથી ખાતરો એ જ્યારે સૂતી હોય છે ત્યારે બિલાડીને લઈને શેઠને આપવા નીકળી પડે છે. બિલાડી એની છોકરીની સાથી છે એ જાણતો હોવાથી એ ઘણી ગડમથલ અનુભવે છે પણ જો એ બિલાડી નહિ આપે તો શેઠ દાણા નહિ આપે. અને દાણા વગર હવે જીવવું કેમ? આ મનોયાતનામાં એ બિલાડી આપી આવે છે પણ વેચવાની ના પાડે છે અને પરત આપવાની શરતે શેઠને આપે છે.

વાર્તામાં કઠોર જીવન જીવતો ખાતરો, ભૂખને ભુલાવવા બિલાડી સાથે રમીને સમય વિતાવતી કોદરી અને શેઠના કોઠારોમાં પડેલા ઉંદરો મારવા માટે ખપે લેવાની 'બલા' એટલે કે બિલાડી શોષણનો શિકાર છે અને સર્જકે આ શોષણનું નિરૂપણ સચોટ કર્યું છે. માનવી દ્વારા માનવીનું શોષણ અને એ શોષણના કારણે શોષિત માણસના પરિવારનું અને એના આશ્રિત પ્રાણીનું પણ શોષણ થાય છે. ખુદ ધાન પકવતો ખેડૂત જાણે છે કે એણે કમાઈ કમાઈને શેઠ-શાહુકારનું ઘર ભરવાનું છે પણ પરિસ્થિતિના વિષચક્ર આગળ એ લાચાર છે અને આ દલદલમાં એ એવો તો ફસાયો હોય છે કે એમાંથી બહાર નીકળી શકતો નથી અને પિસાતો જાય છે. અંતે જ્યારે પરિસ્થિતિ એના ગજા બહારની દેખાય છે ત્યારે પોતાના પરિવાર ઉપર જ એને ખીજ ચઢે છે. આવું જ નિરૂપણ કરવામાં સફળ લેખકે બિલાડી માટે વપરાયેલો 'બલા' શબ્દ ખાતરા દ્વારા પોતાની વહાલસોઈ દીકરી માટે વપરાઈ જાય છે અને બોલી ઊઠે છે. પોતાની વહાલસોઈ બિલાડી માટે વારંવાર ઉઘરાણી કરતી અને યાદ કરાવતી દીકરીને એટલે જ સ્તો એ ખિજાઈને કહી ઊઠે છે-

"'આ બલા તો જીવ ખાય ગઈ?'"

શેઠને મન આ ભીલ કે એની દીકરીની ભાવનાઓ કરતાં પોતાના અનાજના કોઠારો સાચવવા માટે 'બલા' વધુ જરૂરી લાગે છે અને આ શોષણનો અંત આવતો નથી.

કોઠારોમાં ધાન ખૂટતું નથી તો પણ શાહુકાર આદિવાસીઓનું શોષણ કરતા અચકાતો નથી. ગરીબની છોકરીને સાથે રમવા જેવી બિલાડીને પણ તે ઝૂંટવી લે છે. વાર્તામાં શાહુકારોના શોષણની નીતિ અને ગરીબ પ્રજાની આર્થિક અવદશાનું હૃદયદ્રાવક ચિત્ર આલેખ્યું છે. અહીં આદિવાસી સમાજની બોલીનો લહેકો યથાતથ સ્વરૂપે નિરૂપ્યો છે. જે ગામડામાં તે 'જીવ્યા' છે એને આલેખવામાં તેઓ સફળ રહ્યા છે. મણિલાલ હ. પટેલના શબ્દોમાં "'વાચકના ચિત્તને સ્પર્શવું ને એનામાં સંવેદન જગાડવું, વ્યક્તિતાનો વિસ્તાર સાધી સમષ્ટિ પ્રત્યે અભિમુખ કરવું' સાહિત્યનો આવો ઉદ્દેશ રાખનાર પન્નાલાલ સૂક્ષ્મ તથા સંકુલ મનોભાવોને કલાત્મક રીતે નિરૂપે છે.'"[58]

ISBN-978-81-973071-3-3
First Edition

**ઈશ્વર પેટલીકર (1916-1983)**

*પેટલાદ તાલુકાના પેટલી ગામમાં જન્મેલા ઈશ્વરભાઈ મોતીભાઈ પેટલીકર પન્નાલાલની જેમ જ ગ્રામજીવનના સ્વાનુભવમાંથી વાર્તાવિશ્વ લઈ આવે છે. પેટલીકરની વાર્તાઓમાં ચરોતર પ્રદેશના લોકોનું જીવન ઉજાગર થયું છે.*

*ઈશ્વર પેટલીકરે પોતાના વાર્તાવિશ્વમાં માનવમનનાં સુખદુઃખ, હરખ-શોક, સમસ્યાઓ, રાગ-દ્વેષ, આશા અને નિરાશાને તેના યથાતથ રૂપે આલેખ્યાં છે. ગાંધીવાદી વિચારધારા અંતર્ગત 'પારસમણિ', 'રુદિયાનું દરદ', 'મોટી બહેન', 'હલકી વરણ', 'વટ', 'હવાડીનું પાણી' જેવી વાર્તાઓમાં દલિતવર્ગની વેદનાને વાચા આપી છે. સમાજસુધારાની નેમ લઈને વાર્તાઓ રચતા પેટલીકર એક સુધારાવાદી અભિગમ ધરાવતા વાર્તાકાર છે.*

**'હવાડીનું પાણી'**

શોષણના એકદમ વરવા સ્વરૂપને ઉજાગર કરતી ઈશ્વર પેટલીકરની આ વાર્તા ગામમાં શાંતિથી રહેતા અને વાંધા-વિરોધ વગર ઢોર પીતાં હોય તે હવાડીમાંથી પાણી લઈ જતા સેનવાઓ ઉપર થતા જુલ્મ અને શોષણને નિરૂપે છે. પસલા સેનવાને ઘેર જાન આવી હતી અને જાનૈયાઓએ ચોખ્ખું સંભળાવી દીધું કે અમે હવાડીનું પાણી નહિ પીએ! વાર્તામાં વર્ણવેલી સમસ્યાનું મૂળ જાનૈયાઓની આ જીદ હતી. પણ ઈશ્વર પેટલીકર જેવા સિદ્ધહસ્ત સર્જક જ ઘટનાઓની સાંકળ બનાવીને વાચકને આપવા માંગતા સંદેશને ધીરે ધીરે વાર્તાતત્ત્વ સાથે વણી લઈને એવી સુંદર રીતે રજૂ કરે કે વાર્તાની ઘટનાઓ સાથે ઓતપ્રોત થતા વાચક ધીરે ધીરે સમસ્યાઓથી અવગત થતા જાય અને મનુષ્ય દ્વારા કેવી રીતે જાતિગત અસમાનતાઓથી પ્રેરાઈને બીજા મનુષ્યનું શોષણ કરવામાં આવે છે તેનાથી પરિચિત થતો જાય.

સર્જકે ખૂબ સુંદર રીતે એ વાત રજૂ કરી છે કે જાનૈયાઓની આ જીદ કંઈ અમથી ન હતી કે કોઈ અજુગતી કે અપ્રસ્તુત માંગણી ન હતી. પણ એની પાછળ એમના દ્વારા થયેલા સંઘર્ષ અને મેળવેલા પરિણામોના અનુભવનું ભાથું પણ હતું અને આ બહાને શોષિત એવા સેનવાઓને એમના હક્ક પ્રત્યે સજાગ કરવાની કોઈ ગર્ભિત લાગણી પણ એમાં હોઈ શકે છે. કમ સે કમ એમણે એમના પોતાના ગામમાં જે હક્ક પ્રાપ્ત કર્યા હતા એ મુજબ  હવાડીનું પાણી પીવા તૈયાર ન હતા.

સર્જકે એમની જીદને એમના ગામના હરિજનો દ્વારા થયેલા સંઘર્ષ સાથે જોડીને એ હરિજનો સંઘર્ષ કરીને કેવી રીતે કાયદાની મદદથી એમનો હક્ક મેળવવા માટે ઝઝૂમ્યા અને અંતે મેળવીને જ ઝંપ્યાએ વાત બખૂબી રજૂ કરીને આવા શોષિત સમાજ માટે સંઘર્ષ કરવાનું એક પ્રેરણાદાયી ઉદાહરણ પણ રજૂ કર્યું છે. એમના ગામના હરિજનોની સંઘર્ષ કથાનો સફળ અંત લેખકે આ રીતે રજૂ કર્યો છેઃ

"પરિણામ જે આવવું જોઈએ તે જ આવ્યું. અમલદારો અને પોલીસ ગયા પછી ગામલોક હરિજનો ઉપર તૂટી પડ્યા, એમને પીટ્યા, ઘર સળગાવ્યાં. જીવ બચાવવા હરિજનોને સંતાઈ જવું પડ્યું. નાસી છૂટવું પડ્યું. પરંતુ કાયદો ગામલોકની તરફેણમાં ન હતો. આ ગુના બદલ ગામ આગેવાનોને પકડવામાં આવ્યા.

ઘર બાળી મૂકવાથી થયેલા નુકસાનને ભરપાઈ કરવાનું માથે લેવું પડ્યું. હરિજનોને હવે પાણી ભરતા કોઈ હરકત નહિ કરે તેવી જવાબદારી લઈને સમાધાન થયું અને એ રીતે એ ગામમાં હરિજનો સાર્વજનિક કૂવે પાણી ભરતા થયા હતા. એ ગામમાં સેનવાનાં સાત ઘર હતાં તેમને પણ ભેગો ભેગો એ હક મળી ગયો હતો."(59)

આ સફળતાના સહારે જાનૈયાઓએ હવાડીનું પાણી નહિ પીવાની જીદ પકડી. બીજી તરફ જેના ત્યાં જાન આવી હતી એવા પસલા સેનવા અને તેની સાથે રહેતા સેનવા પરિવારોની ગામમાં હાલત અને એમનું સ્થાન શું હતું એ સર્જકે બખૂબી વર્ણવ્યું છેઃ

"પસલાનું ગામ ગરીબ હતું એટલે ઢોર માટે પાકો હવાડો બાંધેલો ન હતો. તળાવમાં પાણી થઈ રહે એટલે ગામાઈ કૂવાની નજીક લાંબી ચોકડી ખોદવામાં આવતી, એને હવાડી કહેવામાં આવતી. કોસ ચાલુ હોય ત્યારે સેનવાઓ ઢોરે બાંટેલું ન હોય તેવું નીકનું પાણી ભરી જતા, કોસ બંધ હોય ત્યારે ઢોર પીતાં હોય તે હવાડીમાંથી પાણી લઈ જતા, ઢોર હવાડીમાં પડી ચોકડી ખૂંદી પાણી ડહોળી નાખે નહિ માટે એમાં થોરિયા રોપવામાં આવતા. સેનવાઓને પાણી ભર્યા પેટે નવા નવા થોરિયા રોપવા પડતા હતા."(60)

જાનૈયાઓની હવાડીનું પાણી ન પીવાની જીદને લઈને સેનવાઓએ ગામલોકો પાસેથી જાન પૂરતું પાણી આપવા આજીજી કરી. વણકરોને પણ વિનંતી કરી પણ ટેવ પડી જશે કે હક કરતા આવશે અને કાલ ઊઠીને ગામાત કૂવામાંથી પાણી ભરવાનો આગ્રહ રાખશે એવી બીકમાં ગામવાળાઓએ તો પાણી આપવાની ના પાડી દીધી પણ એમના જેવા જ શોષણનો શિકાર એવા વણકરોએ પણ સેનવાઓના ઘરે વિવાહ હતા અને જાન આવી હતી, જાનૈયાઓની જીદ હતી એ જાણવા છતાં પોતાના કૂવાનું પાણી આપવા નનૈયો ભણ્યો એ વાત સમાજમાં કેટલી હદે અસ્પૃશ્યતા, ઊંચ-નીચ અને અમાનવીય વર્તન ઘર કરી ગયું હતું તે નિરૂપવામાં સર્જક સંપૂર્ણપણે સફળ રહ્યા છે.

કાયદો પોતાની તરફેણમાં છે અને જાનૈયાઓના ગામમાં હરિજનો અને સેનવાઓને ગામાત કૂવામાંથી પાણી ભરવાનો હક સરકારના અમલદારો અને વહીવટદારોની મદદથી મેળવી શકાયો છે એ વાતની જાણ હોવા છતાં ગામલોકોની માનસિકતા અને જોર-જુલમથી વાકેફ એવા આ શોષિત સમાજના સેનવાઓ નાતમાં પણ પોતાના ગામની બેઆબરૂ ના થાય અને છોકરા-છોકરીનાં લગ્ન ના થાય એવા ભયથી પ્રેરાઈને અન્ય વિકલ્પોની તલાશમાં પડે છે. જો પોતાનો આગવો કૂવો હોય તો હવે પછીના વિવાહમાં આવી તકલીફ ના પડે એવા હેતુથી પ્રેરાઈને એ લોકોએ વણકરોની સલાહથી સરકારમાં મામલતદારને રજૂઆત કરી પણ મામલતદારે પણ સરકારી કાયદાની દુહાઈ આપી અને ગામાત કૂવેથી પાણી ભરવાના એમના હકની જ વાત કરી, પોલીસ મોકલવાની પણ તૈયારી બતાવી. પણ પોલીસ જાય પછી પોતાની શું હાલત થાય એવા ભયથી એમણે એ વિકલ્પને પડતો મૂકવામાં જ ભલાઈ સમજી. અનેક વિકલ્પો તલાસતાં તલાસતાં છેવટે એવું નક્કી થયું કે સેનવાઓ પોતાનો અલગ કૂવો બનાવે અને ગામલોકો એમને ઈંટો વિ.ના ખર્ચ માટે સહાય કરશે. આટલી સહાયમાત્રના આશ્વસનથી પણ "સેનવાઓના આનંદનો

પાર ન રહ્યો."(61)

શોષિત સેનવાઓના આનંદને વર્ણવતાં સર્જકે લખ્યું છે કે,

"મનોરિયાને ઘેર જાન આવે તે પહેલાં કૂવો ખોદી નાંખવા સેનવા સ્ત્રી-પુરુષો કામે લાગી ગયાં. સમુદ્રમંથનમાંથી અમૃત નીકળતાં જે હર્ષ દેવોએ નહિ અનુભવ્યો હોય તે ઉમંગ સેનવાઓએ માણ્યો. પાણી સરસ મઝાનું મીઠું નીકળ્યું હતું. એ રાત્રે સેનવાઓએ ઉજાણી કરી અને ભજનમંડળી બેસાડી."(62)

એક તરફ પોતાની જરૂરિયાત માટે સ્વ-મહેનતથી સેનવાઓ જ્યારે કૂવો ખોદીને ખુશ હતા ત્યારે ગામલોકોની માનસિકતા રજૂ કરવાથી સર્જક ચૂકતા નથી.

"સેનવાઓ આમ જ્યારે આનંદમાં હતા ત્યારે ગામ વિમાસણમાં હતું. સેનવાઓનો કૂવો થાય એમાં એમને પોતાની હાર લાગતી હતી. જાનૈયાઓએ કૂવોનું પાણી માગ્યું તેમાંથી વાત કેટલી આગળ વધી? ગામલોક કૂવો થાય તેમ ઇચ્છતા નથી એમ જાણ્યા છતાં સેનવાઓ સરકારમાં પહોંચ્યા, ત્યાં ન સાંભળ્યું તો શેઠ પાસે ગયા, અને હરિજનોને ચડાવી મારતી સંસ્થાના માણસે કૂવાનું નક્કી કરી આપી એમને પાનો ચડાવ્યો. આટલેથી જ જો પતી જતું હોત તો ધૂળ નાખી, પણ એક આમન્યા તૂટી એટલે બીજી તૂટવાની, અને એક દહાડો ગામના કૂવે એ પાણી ભરવા આવવાના. એ દહાડો જો ન આવવા દેવો હોય તો પહેલેથી નમતું ન આપવું."(63)

ગામલોકોની આ જ માનસિકતાના કારણે કૂવા માટે આર્થિક મદદ કરવાની હામી ભર્યા પછી બહાનાંબાજી કરીને ગામલોકો સેનવાઓને ફેરવતા રહ્યા અને અંત આ ભાવનાની તીક્ષ્ણતા એટલી વધી ગઈ કે સેનવાઓએ એમની જાત-મહેનતથી ખોદેલા કૂવાને તો પૂરી દીધો પણ એમનાં ઘર સળગાવવા તરફ પ્રયાણ કરવા માંડ્યા અને એટલે ડરી ગયેલા સેનવાઓ જીવ બચાવીને નાસવા લાગ્યા અને એમાંના 'પસલો-મનોરિયો માબાપ! કૂવાની વાત કોઈ દા'ડો નહિ સંભારીએ, હવાડીનું પાણી પીશું અને જાનને પાશું!"

શોષણનું આ વરવું સ્વરૂપ સર્જકે નિરૂપ્યું છે. હળાહળ અન્યાય અને શોષણને નિરૂપતી આ વાર્તામાં પીવાના પાણી માટે સંઘર્ષ કરતા સેનવાઓ માટે સહજ સહાનુભૂતિ ઊભી કરવામાં સફળ થતા દેખાય છે. પીવાના પાણીના હક માટે ઝઝૂમતા સેનવાઓ વાર્તાના અંતે જ્યારે પોતાના અસ્તિત્વને જોખમમાં મુકાતું જુએ છે ત્યારે જે રીતે કરગરીને 'હવાડીનું પાણી' પીવાની સંમતિ આપતા નિરૂપાયા છે ત્યારે આ લાચાર અને બેબશ સેનવાઓના શોષણથી વાચક દ્રવી ઊઠે છે. સર્જકે સેનવાઓ ઉપર થતા શોષણ અને અનેક સંઘર્ષોને અંતે એમની શરણાગતિ દ્વારા શોષણની પરાકાષ્ઠા નિરૂપી છે. વાર્તા શરૂથી અંત સુધી શોષણનું નિરૂપણ કરતી સક્ષમ કૃતિ છે.

**ચુનિલાલ મડિયા (1922-1968)**

*નાટક, નવલિકા અને નવકથામાં મેઘણીની જેમ જ સૌરાષ્ટ્રની બલિષ્ઠ ભાષાનું તળપદું પોત પ્રગટાવનાર ચુનિલાલ મડિયા પાસેથી ટૂંકી વાર્તાના લગભગ દસ સંગ્રહો પ્રાપ્ત થાય છે. ઘટનાપ્રધાન*

*વાર્તામાં એક નાજુક સંવેદન પકડીને તેનું રસસભર નિરૂપણ કરે છે. ગાંધીવિચારધારા અંતર્ગત થયેલા સર્જનમાં શોષણવિષયક અનેક વાર્તાઓ લખાઈ છે. ચુનિલાલ મડિયાની 'કમાઉ દીકરો' વાર્તામાં એક લોભી અને લાલચુ માલિક દ્વારા તેના પાળેલા પાડાના એટલે કે એક અબોલ પશુના થતા શોષણની વાત કરી છે.*

**'કમાઉ દીકરો'**

'કમાઉ દીકરો' વાર્તા રતિના હિંસક રૂપની વાર્તા બને છે અને પશુની વિવશતા પણ અહીં ઊપસી આવે છે. મનુષ્ય અને પશુઓ વચ્ચેની પરસ્પરાવલંબન (આંતરિક અવલંબન)ને ઉજાગર કરતી આ કૃતિમાં સર્જકે મનુષ્યના જીવનમાં પશુનું મહત્ત્વ અને પશુઓની માવજતમાં મનુષ્યનું પ્રદાન બખૂબી વર્ણવ્યું છે. વાર્તાની શરૂઆત જ "ભેંસ ગાભણી હતી ત્યારથી જ ગલાશેઠે અધરણિયાત વહુની જેમ એની ચાકરી કરવા માંડી હતી."(64) મનુષ્ય દ્વારા મનુષ્યના અને મનુષ્ય દ્વારા પશુના શોષણનું નિરૂપણ કરતી આ એક સામાજિક વાસ્તવિકતા રજૂ કરતી સુંદર કૃતિ છે.

વાર્તાની શરૂઆતમાં સર્જક ગલાશેઠને મોટા મનના માનવી તરીકે રજૂ કરે છે અને તેથી જ તો ગલાશેઠની ભેંસ વિયાણી અને પાડીની આશા રાખી હતી ત્યાં પાડો આવ્યો ત્યારે ગલાશેઠ સિવાયના સૌ માણસો નિરાશ થયા.

"પણ શેઠ ગમે તેમ તોય મોટા માણસ અને એમના મન પણ મોટા એટલે પાડીને બદલે પાડો આવતાં બહુ વિમાસણ ન અનુભવી."(65)

ગામલોકોની માન્યતા વિરુદ્ધ ગલાશેઠે આ વણમાગ્યા, અણગમતા પાડાને પાંજરાપોળ ભેગો ન કર્યો અને ધર્મી જાત અને વાણિયા માણસ એવા ગલાશેઠ તો કહે, "પાડાને મારે પાંજરાપોળના ખીલે નથી બંધાવવો. ભલે મારી કોઢમાં જ બે કોળી રાડા ચાવે. સૌ પોતપોતાનું લખાવીને જ આવે છે. કીડીને કણ ને હાથીને મણ દેવાવાળો આ પાડાના પેટનુંય મને દઈ રહેશે."(66)

સર્જકે ગલાશેઠની માનવતા વર્ણવી, પછી માનવસહજ નબળાઈ પણ વર્ણવીઃ

"પણ ન-દૂઝણિયાત ઢોરનું પાટું ખમીખમીનેય કેટલા દી' ખમાય? પાડો મોટો થતો ગયો તેમ તેમ એનો આહાર પણ વધતો ગયો. સાંજસવાર ચારચાર કોળી રાડાં પણ હવે એને ઓછા પડવા લાગ્યાં. તુરત શેઠની આંખ ઊઘડી.

એક સવારે પાડાને પાંજરાપોળ મૂકવા જવા સારુ ગલાશેઠ પાદર થઈને નીકળ્યા."(67)

પછી લેખકે માણસની પારખુ નજર અને સ્વાર્થ સાધવાની ચતુરાઈને રજૂ કરી.

લખુડો ગોવાળ જ્યારે પહેલા વેતરવાળી ભગરી ભેંસ જેવું લાગતું એનું ખડાયું લઈને નીકળ્યો અને ગલાશેઠ એમના પાડાને પાંજરાપોળ મૂકવા જતા હતા ત્યારે બંને આમને સામને થતાં નિસર્ગદત્ત આવેગોથી વિવશ પાડો લખુડાનો પરોણો પીઠ પર પડવા છતાં હટ્યો નહિ અને રણકીને ખડાયા સામે ઊભો થઈ રહ્યો, ત્યારે

"લખુડો તો પ્રાણીઓનો પરખંદો આદમી એટલે આ પાડાનું પોત તુરત પારખી ગયો. ગલાશેઠને કહેઃ 'શેઠ, આ પાડાને હવે પાંજરાપોળ મોકલવો રહેવા દિયો. ભલે મારા વાડે મોટો થાય. સામટું ખાડું બાંધ્યું છે એમાં આનો ખીલો એક વધારે."(68)

જ્યારે ગલાશેઠે જાણ્યું કે લખુડો ગોવાળ જે પાડાને એ પાંજરાપોળ મૂકવા જઈ રહ્યા છે તેને મોટો કરીને એનાથી ભેંસો દવરાવીને રૂપિયા કમાવાનું આયોજન કરી રહ્યો છે ત્યારે એમની વેપારી લાલચ એ નફામાં ભાગીદારી ઇચ્છે છે. એટલે જ એ લખુડાને પૂછે છેઃ

"દવરામણના પૈસા આવે એમાંથી મને કેટલું જડે?"(69)

આમ પાડાની પડછંદ કાયા અને એના નિસર્ગદત્ત આવેગની વચ્ચે લખુડાને આવક દેખાઈ અને પાડાને પાંજરાપોળ મૂકવા નિકળલા ગલા શેઠને જ્યારે લખુડાએ દવરામણના અડધા ફદિયા આપી સોદો પાકો કર્યો ત્યારે જવાનજોધ દીકરા રાણાને ખોઈ ચૂકેલા લખુડાને આ પાડામાં એના 'ગઢપણ'નો રોટલો દેખાયો, અને વગર મહેનતે મળનારા 'અડધાં ફદિયાં'એ શેઠની લાલચને રાહત પહોંચાડી. પાડામાં કમાણીની આશા જોઈ ચૂકેલા લખુડાએ તો પાડાનું નામ પણ રાણો પાડી દીધું.

લખુડાની આ કમાણીની આશાએ 'કમાઉ દીકરા' જ્યાં આ પાડાને સાત ખોટના દીકરાની જેમ ઉછેર્યો.

લખુડાનો પૈસા કમાવાનો લોભ અને ગલાશેઠની ભાગીદારીનાં નાણાની લાલચ મડિયાએ સુંદર રીતે રજૂ કરી છે.

"હવે રાણો સાવ તૈયાર થઈ ગયો હતો. લખુડાને થયું કે ખવરાવી-પિવરાવીને મોટો કરેલો દીકરો હવે બે પૈસા કમાતો થાય તો સારું કારણ કે હવે તો રાણો ફાટીને ધુમાડે ગયો હતો. વાડામાંથી બહાર તો કાઢ્યો ન હતો. વળી હમણાં હમણાં તો એનો આહાર પણ બેહદ વધી ગયો હતો. એટલું વળી સારું હતું કે ગલાશેઠે ભવિષ્યની કમાણીને લોભે પોતાની વાડીમાંથી રાણા માટે લીલું વાઢી જવાની લખુડાને છૂટ આપી હતી. ગલાશેઠનું મફત મળતું લીલું ખાઈને રાણાનું જે લોહી જામ્યું એથી ગામ આખું તો ઠીક, પણ લખુડો પોતે પણ હવે તો બીવા લાગ્યો હતો."(70)

પશુ-પારખી લખુડો રાણાની શક્તિથી પરિચિત હતો પણ કમાવાની એની લાલચ રોકી શકતો નથી.

"એના છાકોટા સાંભળી લખુડાને દહેશત લાગતી કે કોક દિવસ રાણાની આંખ ફરકશે તો મારાં તો સોયે વરસ એક ઘડીમાં પૂરાં કરી નાખશે. આગમચેતી વાપરીને એણે રાણાના નાકની નાકર પગના તોડા સાથે બાંધી રાખવાનું શરૂ કર્યું હતું. પણ આમ દિવસ આખો હાથીની જેમ બાંધી રાખવાનું અને સાંજ પડ્યે અધમણ કડબનો બુકરડો બોલાવી દેવાનું તે કેટલાક દિવસ પોસાય? લખુડાને થયું કે હવે ભેંસો દવરાવવી શરૂ કરીએ તો સાંજ પડ્યે રૂપિયા-રોડાનું દનિયું પડવા માંડે."(71)

લખુડાના 'રૂપિયા-રોડા'નો લોભ અને ગલાશેઠની ભાગીદારીમાં વધુ કમાવાની લાલચના કારણે

રાણા પાસે ભેંસ દવરાવવાનો ભાવ બે રૂપિયા બંધાયો, જ્યારે કે પડખેના ગામમાં જ એક કાઠી આપા ફક્ત એક રૂપિયામાં ભેંસ દવરાવી દેતા. પણ રાણાના કદ-કાઠીના કારણે બે રૂપિયાનો ભાવ પણ સ્વીકારાઈ ગયો.

રાણાની વધતી ખ્યાતિએ લખુડાની આવકમાં વધારો થયો, પણ ગલાશેઠને એનાથી સંતોષ ન થયો અને એથી જ એમણે લખુડાને બેને બદલે અઢી રૂપિયા ભાવ રાખવાની ફરજ પાડી. માણસના લોભને કોઈ થોભ નથી હતો. માણસની આવી વૃત્તિ જોઈએ ત્યારે લિયો ટોલ્સ્ટોયની 'How much land Does a man Need?' – 'તૃષ્ણા'[72] વાર્તા યાદ આવી જાય.

વાર્તાના અંતે, લખુડો 'રાણો'ના આવેગ અને એને રોકવાની ભયાનક અસરથી વાકેફ હોવા છતાં ગલાશેઠની લાલચ ભરેલી જીદ આગળ નમીને રાણાની નાકર એના તોડામાં ભેરવવા જતો હતો ત્યારે સનાળીના ગામપટેલની ભગરી ભેંસને જોઈને તૈયાર થયેલા રાણાની આંખ ફરી ચૂકી હતી અને..

"રાણાએ વીફરીને લખુડા સામે શીંગડાં ઉગામ્યાં."[73]

અને પછી જીવ બચાવવા ભાગતા લખુડાની પાછળ અતૃપ્તિના દુઃખ સાથે દોડતા પશુએ લોભી મનુષ્યના પ્રાણપંખેરું ઉડાડી દીધા અને એના લોહીથી ભરાયેલા ખાબોચિયામાં ખદખદતો પેશાબ કરીને પૂરું કર્યું.

સમગ્ર વાર્તામાં મનુષ્યની બદલાતી જતી ભાવનાઓ, ભવિષ્યની લાલચના કારણે પશુની માવજત કરતાં માણસો અને વધુ ને વધુ દામ પ્રાપ્ત કરવાની લાલચમાં નૈસર્ગિક આવેગોની અવગણના દ્વારા પશુનું શોષણ અને અંતે આવેગોની અવગણનાથી વિફરેલા પશુ દ્વારા આડે આવતા મનુષ્યનું મોત નિપજાવવું ખૂબસૂરત રીતે વર્ણવ્યું છે. માણસ દ્વારા પશુની નિસર્ગદત્ત ભાવનાઓની અવગણના કરીને થતું શોષણ પણ આસાનીથી સમજમાં આવે તેમ નિરૂપ્યું છે.

**જયંત ખત્રી (1909થી 1968)**

*જયંતી દલાલના સમવયસ્ક એવા જયંત ખત્રીની ટૂંકી વાર્તાઓમાં પ્રગતિવાદી વલણ અને આધુનિકતાનો ઝોક વિશેષરૂપે જોવા મળે છે. સામ્યવાદી વિચારસરણી ધરાવતા વાર્તાકાર પાસેથી 'ખરા બપોર' (1968), 'ફોરાં' (1972) અને 'વહેતાં ઝરણાં' (1975) આ ત્રણ વાર્તાસંગ્રહો મળે છે. 'ખીચડી', 'નથુની અસ્વસ્થતા', 'કૃષ્ણજન્મ' જેવી વાર્તાઓમાં શોષિતો માટેની સહાનુભૂતિ ડોકાય છે.*

*વાર્તાકાર સ્વગતોક્તિ, પીઠઝબકાર, આંતરચેતનાપ્રવાહપદ્ધતિ જેવી કથનની વિવિધ પદ્ધતિને અપનાવે છે. પ્રો. ધીરેન્દ્ર મહેતાના શબ્દોમાં – "જયંત ખત્રીની વાર્તાઓનું અનુસંધાન ગુજરાતી લખાતી ટૂંકી વાર્તા સાથે નહિ પરંતુ પશ્ચિમમાં સર્જાતી ટૂંકી વાર્તા સાથે હતું."[74]*

*જયંત ખત્રી વાર્તાઓમાં વિલક્ષણ પાત્રો અને અસાધારણ બનાવો પર વાર્તાકથન કરે છે.*

**'લોહીનું ટીપું'**

રઘુવીર ચૌધરી સંપાદિત પ્રશિષ્ટ નવલિકાઓમાં સમાવિષ્ટ થયેલી જયંત ખત્રીની 'લોહીનું ટીપું'

ISBN-978-81-973071-3-3
First Edition

એ શારીરિક કામનામાં ચઢિયાતો પુરુષ, શારીરિક રીતે 'અબળા' કહેવાતી સ્ત્રીને પોતાની વાસના સંતોષવા માટેનો એક જરિયો સમજે છે અને એનું શોષણ કરે છે એનું નિરૂપણ છે.

વાર્તાનું મુખ્ય પાત્ર એવો બેચર ધાડ પાડવાના ગુના સબબ સાડા પાંચ વર્ષની જેલ ભોગવીને પરત પોતાના ઘરે જઈ રહ્યો છે અને અષાઠનો મેઘ વરસી ચૂકવાના કારણે નદીનો પ્રવાહ પૂરજોશમાં વહી રહ્યો છે. એનું ઘર નદીની પેલે પાર હતું. ઊભરાતી નદીના જળપ્રવાહમાં સામે પાર જવું શક્ય ન હતું એ સત્યએ સમજી જાય છે અને વાર્તામાં શોષણનો શિકાર થાય છે. એવું બીજું પાત્ર છે હલિમા, જેને એના પતિએ શકના કારણે કાઢી મૂકી છે. એને પણ નદી પાર કરવી છે. એને પણ સમજાવે છે અને પાસે આવેલી ધરમશાળામાં રાત રોકાવા માટે કહે છે અને આગ્રહ કરીને લઈ જાય છે.

રસ્તામાં એનું ધ્યાન એ છોકરીના ઘાટીલા શરીર પર પડે છે અને સાડા પાંચ વર્ષ જેલમાં રહેલા એ પુરુષની સુષુપ્ત ભાવનાઓ એને જકડી લે છે. ઉંમરનો પણ વિચાર કર્યા વગર એ એના છોકરાની ઉંમરની આ છોકરીને દબોચીને એને ભોગવવા સુધીના વિચારો કરે છે. એના એ વિચારો એને આખરે ઉશ્કેરાટની હદ સુધી લઈ જાય છે. એ એના વિચારોથી પ્રેરાઈને એ જુવાન છોડીની નજીક જઈ એના પર નીચો નમી એ અટકી ગયો. એના વિચારોએ દિશા બદલી અને એ પરત ફર્યો. પાછાં ફરતાં એણે હલિમાની ઓઢણીનો છેડો ઊંચકી એની છાતી પર ઢાંકી દીધો. એનાથી હલિમા જાગી ગઈ અને બંને વચ્ચે સંવાદ થયો, પછી બેચર સૂવા ગયો. સવારે ઊઠીને એ હલિમાને શોધે છે અને એને એક ખૂણામાં લોહીવાળાં કપડાં ધોતી જોઈને એને ખ્યાલ આવે છે કે એની ઉપર બળાત્કાર થયો છે અને વાર્તાને અંતે જ્યારે એ પોતાના ઘરે જાય છે ત્યારે એને ખબર પડે છે કે એના આગ્રહથી એની સાથે આવેલી હલિમા ઉપર બળાત્કાર કરનાર અન્ય કોઈ નહિ પણ એનું પોતાનું સંતાન - એનો પુત્ર કનૈયો છે, ત્યારે એ એની પત્નીને પૂછે છે કે આ કોના લોહીનું ટીપું છે. અને જ્યારે એની પત્ની એને પૂછે છે કે, "હું યે પૂછું છું તમને, એ કોના લોહીનું ટીપું છે?"

આ વાર્તામાં સર્જકે સંજોગોનો શિકાર બનેલી એકલી સ્ત્રીને બેચર જેવો ઉંમરલાયક પુરુષ પણ ભોગ-વિલાસનું એક સાધન સમજીને એની ભાવનાઓ અને એની માનસિક હાલત શું થશે એ કંઈ વિચાર્યા વગર એની એકલી હોવાનો લાભ ઉઠાવવાનું વિચારે છે. ત્યાર બાદ કોઈ અગમ્ય કારણસર જ્યારે એ એની લાગણીઓથી પરત ફરે છે ત્યારે અન્ય દ્વારા થયેલા એ જ કૃત્યથી એ ગુસ્સે થઈ જાય છે અને એને મારવા સુધીની તૈયારી બતાવે છે. આમ, એક જ વ્યક્તિત્વનાં બે અલગ અલગ પાસાં રજૂ કરવામાં પણ સર્જક સફળ રહ્યા છે. કથાવસ્તુની સાથે સાથે ભાષા અને ચરિત્ર ચિત્રણમાં સર્જક માહેર છે. તેથી જ તો, બેચરનું ચરિત્ર ચિત્રણ સર્જકે કંઈક આવી રીતે કર્યું છે,

"અને એ કોઈથી ફસાય અથવા દબાય તેવી વ્યક્તિ નહોતો. એના વ્યક્તિત્વમાં ભઠ્ઠીના અંગાર અને લોઢાની કઠણાઈ હતાં."[75]

"હું ગમે તેવો ચોર, ડાકુ, ધાડપાડુ છું પણ મારામાં ચોરની ઝડપ અને ધાડપાડુની ગણતરી છે."[76]

ISBN-978-81-973071-3-3
First Edition

"બેચરના સ્વભાવમાં મૂળથી જ ચોરની કાર્યદક્ષતા અને ધાડપાડુની દૃઢતા હતાં. એ ક્યારેય અચકાઈને પાછો નહિ ફરતો."(77)

સર્જકનું ભાષા ઉપર પણ પ્રભુત્વ છે. સંજોગોની શિકાર એકલી સ્ત્રીને પુરુષોની બદનિયતનો ભોગ બનવું પડે છે એ તથ્યસભર સત્યને બ-ખૂબી રજૂ કરી છે.

"....વાણિયાના લાલટેનના અજવાળે એણે હલિમાને નીરખીને જોઈ. છોડી તો ફૂટડી હતી, માંડ સોળેક વરસની હશે! એની આંખોનાં ઝબૂકિયાં બરોબર દેખાયાં નહિ."(78)

"શરૂમાં એના એ વિચારોએ એને બહુ સંતાપ્યો નહિ. પણ એ વિચારો એને આખરે ઉશ્કેરાટની હદ સુધી લઈ ગયા. ત્યારે રાત બહુ આગળ વધી ગઈ હતી."(79)

"એક તો એ અષાઢ મહિનો, અષાઢનો ભાર ઝીલીને ગર્ભવતી બનેલી મસ્ત ધરણી અને હવાએ ફૂંકાતાં કાળાંધોળાં વાદળોની પાછળ લખાતોછુપાતો પૂનમનો ચંદ્ર! એ પવન, એ અંધારાં-અજવાળાં - એની નીચે એ ગર્ભકાળ ભોગવતી ધરતી વારેઘડીએ મિજાજ બદલ્યે જતી હતી! હૂંફમાં ફક્ત પડી રહેવું ગમે એવી વાતાવરણમાં ઠંડી સુસ્તી ભરી હતી!"(80)

આમ, કથાવસ્તુમાં સંજોગવશાત્ એકલી પડી ગયેલી યુવાન સ્ત્રીને અજાણી ધરમશાળામાં રાત વિતાવવાની આવી અને પહેલાં બાપની નિયત બગડી અને એની દાનત માંડ માંડ સુધરી ત્યાં એના જ દીકરાએ આવીને આ તકનો લાભ લઈને છોકરીની ઉપર બળાત્કાર કર્યો. આમ આ છોકરીના શોષણ અને એની પાછળની પૃષ્ઠભૂમિને રજૂ કરતાં સર્જકે આ કોના લોહીનું ટીપું છે જે આવું દુષ્કૃત્ય કરવા મજબૂર બન્યું છે એની વાચકને પ્રતીતિ કરવી છે.

"અને ફરી એ આંખો પાછી ઊઘડી ત્યારે એનો રંગ અને ચહેરાની કરચલીઓ બદલાઈ ગયાં હતાં! સાડા પાંચ વરસની ભૂખ સળવળી ઊઠી.

"એ રૂપ - એ જુવાની અને અષાઢી રાતની આ અમૂલ્ય પળ!

"અને એ તે કેવી કુમળી જવાની! બેચરના હોઠ પર એક ગંદું હાસ્ય આવી બેઠું અને એની આંખો બેઅદબ બની ઝીણી થઈ ગઈ. એની છાતીની ગરમી વધવા માંડી, એના સ્નાયુઓ તંગ થઈ ગયા."(81)

**'ખીચડી'**

સર્જકે WWWH (Why, What, Who, How) નક્કી કરવાનું હોય છે. એટલે કે Purpose (હેતુ), Matter (વિગત), પાત્ર (Who) અને પદ્ધતિ (How) દ્વારા પોતાની વાત વાચક સમક્ષ તે રીતે મૂકવાની હોય છે. અહીં પણ લેખક માનવજીવનના સંઘર્ષો અને એનો જાણે-અજાણે શિકાર બનતા, મને-કમને શરણાગતિ સ્વીકારતા શોષિત જીવનની વાત રજૂ કરી છે. દિન-દુનિયાથી બેખબર કાળચક્રના ચક્કરમાં અજાણપણે ઝઝૂમતી અને અણસમજમાં સંજોગોનો શિકાર બનતી લખડીનો પાત્ર-પરિચય વાર્તાકાર કંઈક આવી રીતે કરાવે છે - "સોળ વરસની જિંદગીના ભાર નીચે લખડીની જુવાની બેફામ અને બેપરવાહ ફૂલી નીકળી હતી.

ISBN-978-81-973071-3-3
First Edition

"પણ લખડીને કશાનું ભાન નહોતું એને માથું ઓળવાની ક્યાં ફુરસદ હતી? લખડી પોતાની જાતમાં – જુવાનીએ આપેલા ઉમળકા, ઉમંગ, આશા અને જિંદગીએ આપેલી મજૂરીમાં મસ્ત હતી."(82)

આમ, ચાર પાત્રોના બનેલા કુટુંબનું વર્ણન વાર્તાકાર જયંત ખત્રી નીચે મુજબ કરે છે,

"પણ લખડીના ઘરને ચીતરવા બેસીએ તો આવું કંઈક ચિત્ર ઊતરે –

"એક બુઢ્ઢો બે પગે લંગડો બાપ, જેના સ્વભાવમાં જંગબારી મરચાંની તીખાશ હતી એવી હંમેશ ખોં ખોં કરતી, પણ મજૂરી કર્યે જતી અકાળ વૃદ્ધ બની બેઠેલી મા. એક જુવાન સશક્ત આરીભરતનું કામ કરતો, પણ દિવસે કમાઈ રાત્રે દારૂના પ્યાલાઓમાં, સિગારેટના ધુમાડામાં બધું વેડફી નાખતો મોટો ભાઈ. નીચે બે ખંડ, ઉપર એક મેડી, નાનું ફળી, લીંબડાનું ઝાડ, થોડાક ઉંદર અને એક ગલૂડિયું, બાજુમાં શંકરશેઠનું મોટું મકાન, જરા દૂર નાનાંમોટાં મકાન, જેવાતેવા માણસ, એની પાછળ મંદિર, વચમાં સિનેમા અને પાછળ મસીદ અને એનીય પાછળ - બગાસું ખાતાં ખાતાં જ્યાં લખડીની આંખ ગુમાઈ જતી એવું રંગ અને મિજાજ બદલ્યે જતું આકાશ!"(83)

હવે, વાર્તાકારે શોષણનું અદ્‌ભુત નિરૂપણ કર્યું છે. જમવામાં બનતી ખીચડી બનાવનાર લખડીનું એના જ ઘરનાં મા-બાપ અને ભાઈ દ્વારા આશ્રિત જીવન જીવી માંડ હજુ તો સોળની ઉંમરે પહોંચેલી લખડીનું કમાવા માટે સતત કરવી પડતી મજૂરી એ શોષણ જ છે. ખીચડી કમાવામાં બનાવવામાં અને એ જેટલી ખીચડી બની શકી છે એને ચતુરાઈપૂર્વક ચારેય પાત્રોને પીરસવામાં જ લખડીનું જીવન ધૂમ્યા કરે છે. એટલે જ સર્જકે લખ્યું કે,

"આ જીવન એમ જ લાપરવાહ અને બેફામ દોડ્યે જતું હતું."(84)

સમગ્ર વાર્તા યુવાનીમાં પગ મૂકી રહેલી અત્યંત ગરીબ ઘરની છોકરી લખડીના શોષણનું નિરૂપણ કરે છે.

રોજ ખીચડીથી અડધુંપડધું પેટ ભરતા આ ગરીબ પરિવારની દીકરી લખડી કમાવા માટે મજૂરી કરે છે, છતાં એક દિવસ જ્યારે એ ખીચડી રાંધવા જેટલું કમાવામાં નિષ્ફળ જાય છે ત્યારે એનો ખૂદનો બાપ એને એની યુવાન કાયા દ્વારા ખીચડી કમાવવી સહજ છે એમ કહીને એને મહેનત વગર કમાવાનો સહજ માર્ગ બતાવીને પતન તરફ દોરે છે. "તારા જેવીને ખીચડી કમાવી એ રમત વાત છે – બહુ જ સહેલું છે, સમજી!" એવું કહેતા લખડી માટેનો આઘાત શેઠના પલંગે પહોંચવા કરતાં વધારે છે. જ્યારે લાચાર લખડી શંકરશેઠની વાસનાને હવાલે થાય છે ત્યારે પણ ખીચડી એના જીવનનું કેન્દ્રસ્થાન હોય છે. માટે જ તો સર્જકે લખ્યું કે,

"જેમ દરેક સ્ત્રીના તેમ લખડીના જીવનમાં આ પ્રસંગ પ્રથમ વાર આવ્યો હતો. એણે પોતાની જાતને એ પ્રસંગની મધુરતામાં તણાવા દીધી. આખરે એ સ્ત્રી હતી. જુવાન અને તંદુરસ્ત! દુનિયાએ એને બચપણથી જ એવા ઢસરડામાં રોકી રાખી હતી કે સારું-નરસું, નીતિ-અનીતિ કે ધર્મ-અધર્મના ખ્યાલો બાંધવાની અને હજી ફુરસદ મળી નહોતી, અત્યાર સુધી એને પોતાના જીવનની એક જ ઉપયોગિતાનો

ખ્યાલ હતો - ખીચડી કમાઉં, ખીચડી રાંધું અને ખીચડી પીરસું!"(85)

સોળ વરસની લખડી અને તળાવના પાણીની સ્તબ્ધ સપાટીને અરીસો બનાવી એમાં પોતાનું પ્રતિબિંબ જોવાની લાલચ ન રોકી શકતી આ નવજુવાન સ્ત્રીએ જીવનમાં પ્રથમવાર પુરુષનો સ્પર્શ અનુભવ્યો એ આહ્લાદક અનુભવને પણ ખીચડી ખાઈ ગઈ. વાર્તાકારે એટલે જ લખ્યું કે-

"આજે એને સ્ત્રી હોવાનું, સુંદર અને જુવાન હોવાનું આહ્લાદજનક ભાન થયું. જીવનમાં પહેલી જ વાર એણે પુરુષનો સ્પર્શ અનુભવ્યો. એણે જીવન ધન્ય માન્યું હોત પણ બીજી જ પળે એને ખીચડીનું ભાન થયું. એ દાદર નીચે લટકતા બે લંગડા પગો, એ ધીમી, તાલબદ્ધ અને ખોખરી વાગતી એની માની ખાંસીની ઘૂઘરીઓ, એના ભાઈના સિગારેટના ધુમાડા અને દારૂની બદબૂ.... એ બિલાડી, ગલૂડિયું, આંગણું, લીંબડો - એનું એ જ ચિત્ર!"(86)

સર્જકે 'ખીચડી'ને જ જીવનનું કેન્દ્ર બનાવી ચૂકેલી લખડીની મનોદશા વર્ણવતાં આ જ પરિસ્થિતિનું વર્ણન કરતાં આગળ લખ્યું છે કે,

"એના તંગ બનેલા સ્નાયુઓમાં શિથિલતા આવી ગઈ. 'હાય ખીચડી!' એના મનમાંથી એક નિઃશ્વાસ નીકળી ગયો અને જીવનનો એ પ્રથમ પ્રસંગ ખીચડીના એ ધગધગતા હાંડલામાં રૂંધાઈ ગયો. મીઠી ઝણઝણાટી ઊડી ગઈ. લખડીને લાગ્યું કે એ પલંગ એક મોટું હાંડલું હતું, અને પોતે મહીં ખીચડી બની રંધાઈ રહી હતી. 'લખડી પોતેય ખીચડી જેવી છે - નહીં બા?' એના ભાઈના શબ્દોનો એના કાને પ્રતિઘોષ થયો. લખડીથી હવે વધારે સહેવાય એમ નહોતું. જોરથી - બહુ જોરથી - અને છૂટથી રડી દીધું; અને લાત મારીને શંકરશેઠને હેઠા પાડ્યા."(87)

આમ, વાર્તામાં મનુષ્યજીવનની વિડંબનાઓ અને એમાં અટવાયેલા લખડી જેવા કંઈક લોકોનું શારીરિક અને માનસિક શોષણનું નિરૂપણ છે. એના પોતાના બાપના સૂચન મુજબ પોતાના યુવાન શરીરને દાવ પર મૂકીને ખીચડીની વ્યવસ્થા કરી ચૂકેલી લખડીની મનોદશા વર્ણવ્યા પછી પણ લેખક થંભતા નથી અને જીવનની જરૂરિયાતો માટે માનવીય સંવેદનાઓને કોરાણે મૂકીને સંઘર્ષ કરતા અને આ સંઘર્ષનો ક્યારેય અંત આવશે કે કેમ? એવી લાચાર લાગણીને વાચા આપતું લખડીના બાપનું વાક્ય-

"ફોજદાર સાહેબ, આ લડાઈનો આરો ક્યારે આવશે?"

આમ, જયંત ખત્રીની આ ઉત્કૃષ્ટ વાર્તા શોષણનું નિરૂપણ કરતી સાહિત્ય, કલા અને જીવનસંઘર્ષનો ત્રિવેણી સંગમ બની રહે છે. સ્ત્રીશોષણનું એક વરવું ચિત્ર 'ખીચડી' વાર્તામાં જોવા મળે છે.

ISBN-978-81-973071-3-3
First Edition

**સંદર્ભ-સૂચિ**

*(*) 'ધૂમકેતુ પૂર્વેની ગુજરાતી ટૂંકી વાર્તા', સંપા. જયેશ ભોગાયતા, પ્રકાશક - ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ. 2017, પૃ.9*

*(1) 'શતરૂપા', સંપા. શરીફા વીજળીવાળા, ગૂર્જર પ્રકાશન, પુનર્મુદ્રણ 2009, પૃ.1*

*(2) એજન, પૃ.2*

*(3) એજન, પૃ.2 અને 3*

*(4) એજન, પૃ.3*

*(5) એજન, પૃ.3*

*(6) એજન, પૃ.3*

*(7) એજન, પૃ.3*

*(8) એજન, પૃ.3-4*

*(8) 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રંથ-4, ન્હાનાલાલથી મેઘાણી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ, પ્ર.આ. 1981, પૃ.426*

*(9) 'પ્રશિષ્ટ નવલિકાઓ', સંપા. રઘુવીર ચૌધરી, અરુણોદય પ્રકાશન, ત્રી.આ. માર્ચ 2014, પૃ.62*

*(10) એજન, પૃ.66-67*

*(11) એજન, પૃ.70*

*(12) એજન, પૃ. ૭૦*

*(13) 'શતરૂપા', સંપા. શરીફા વીજળીવાળા, સ્ત્રીઃ સમાજમાં અને સાહિત્યમાં, ગૂર્જર પ્રકાશન, પુનર્મુદ્રણ 2009, પૃ.13*

*(14) એજન, પૃ.7*

*(15) એજન, પૃ.9*

*(16) એજન, પૃ.8*

*(17) એજન, પૃ.10*

*(18) 'ગાંધીયુગના કેટલાક નવલિકાકારો', ડો. જયંત એ. મહેતા, ગૂર્જર પ્રકાશન, પ્ર.આ., 2005, પૃ.5)*

*(19) 'પિયાસી' (ટૂંકી વાર્તાઓ), પ્રકાશક - આર. આર. શેઠની કંપની, પુનર્મુદ્રણ, પૃ.84થી 100*

*(20) 'ગોપી', પૃ.8*

*(21) એજન, પૃ.9*

*(22) એજન, પૃ.10*

*(23) એજન, પૃ.13*

*(24) એજન, પૃ.14*

ISBN-978-81-973071-3-3
First Edition

*(25) 'સુન્દરમની પ્રતિનિધિ વાર્તાઓ', સુન્દરમ્, સંપા. રમણલાલ જોશી, આદર્શ પ્રકાશન, પ્ર.આ. 1989, પૃ.23*

*(26) એજન, પૃ.24*

*(27) એજન*

*(28) એજન*

*(29) એજન, પૃ.25*

*(30) એજન*

*(31) એજન, પૃ.25/26*

*(32) એજન, પૃ.29*

*(33) એજન, પૃ.30*

*(3૪) 'સુંદરમની પ્રતિનિધિ વાર્તાઓ', સંપા. રમણલાલ જોશી, આદર્શ પ્રકાશન, પ્ર.આ. 1989*

*(3૫) એજન*

*(36) 'પ્રશિષ્ટ નવલિકાઓ', સંપા. રઘુવીર ચૌધરી, અરૂણોદય પ્રકાશન, ત્રી.આ. માર્ચ 2014, પૃ.102*

*(37) એજન, પૃ.103*

*(38) એજન, પૃ.103*

*(39) એજન, પૃ.103*

*(40) એજન, પૃ.106*

*(41) એજન, પૃ.116*

*(42) એજન, પૃ.116*

*(43) એજન, પૃ.118*

*(44) 'શતરૂપા', સંપા. શરીફા વીજળીવાળા, ગૂર્જર પ્રકાશન, પુનર્મુદ્રણ - એપ્રિલ 2009, પૃ.61*

*(45) એજન*

*(46) એજન*

*(47) એજન*

*(48) એજન*

*(49) એજન*

*(50) 'પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ', પન્નાલાલ પટેલ, સાધના પ્રકાશન, પ્ર.આ. 1999, પૃ.98*

*(51) એજન, પૃ.98*

*(52) એજન, પૃ.100*

*(53) 'પન્નાલાલની વાર્તાસૃષ્ટિમાં', સંપા. પારુલ કંદર્પ દેસાઈ/દૃષ્ટિ પટેલ, પ્ર.આ. 2012, 'બલા', પે.69*

(54) 'સાચાં સમણાં', પન્નાલાલ પટેલ, પ્રકાશન - ભારતી સાહિત્ય સંઘ (પ્રાઇવેટ) લિમિટેડ, બીજું પુનર્મુદ્રણ 1957, પૃ.132

(55) એજન, પૃ.134

(56) એજન, પૃ.134

(57) એજન, પૃ.134

(58) 'પરિષ્કૃત વાર્તા અને બીજા લેખો', મણિલાલ હ. પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. 2000, પૃ.4

(59) 'અભિસારિકા', ઈશ્વર પેટલીકર, આર.આર. શેઠની કંપની, પ્ર.આ. ૧૯૫૪, 'હવાડીનું પાણી', પૃ.17

(60) એજન, પૃ.15

(61) એજન, પૃ.23

(62) એજન, પૃ.23

(63) એજન, પૃ.23

(64) 'ગ્રામચેતનાની નવલિકાઓ', સંપા. રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે, પુનર્મુદ્રણ 2001, પૃ.49

(65) એજન, પૃ.49

(66) એજન, પૃ.49

(67) એજન, પૃ.49

(68) એજન, પૃ.50

(69) એજન, પૃ.50

(70) એજન, પૃ.52

(71) એજન, પૃ.52

(72) 'ટોલ્સ્ટોયની 23 વાર્તાઓ', અનુ. જિતેન્દ્ર દેસાઈ

(73) 'ગ્રામચેતનાની નવલિકાઓ', સંપા. રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે, પુનર્મુદ્રણ 2001, પૃ. 55

(74) 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' ગાંધીયુગ અને અનુગાંધીયુગ, ધીરુભાઈ ઠાકર, ગુર્જર પ્રકાશન, તેરમી સુધારેલી આવૃત્તિ, જુલાઈ 2011, પૃ.304

(75) 'પ્રશિષ્ટ નવલિકાઓ', સંપા. રઘુવીર ચૌધરી, ત્રી.આ., માર્ચ 2014, પૃ.190

(76) એજન, પૃ.192

(77) એજન, પૃ.199

(78) એજન, પૃ.196

(79) એજન, પૃ.197

(80) એજન, પૃ.197

*(81) એજન, પૃ.198*

*(82) 'શતરૂપા', સંપા. શરીફા વીજળીવાળા, પુનર્મુદ્રણ 2009, પૃ.66*

*(83) એજન, પૃ.68*

*(84) એજન, પૃ.70*

*(85) એજન, પૃ.76*

*(86) એજન, પૃ.76*

*(87) એજન, પૃ.76*

*=*